અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૬.૫૮ |
| પાઉન્ડ | ૧૦૫.૫૬ |
| યુરો | ૮૮.૯૨ |
| સઉદી રિયાલ | ૨૩.૦૮ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૮૦,૪૮૫ |
| ચાંદી (૧ કિલો) | ૧,૦૩,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૬૯ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# વકફ સુધારા બિલ સામે એક થયા દલિતો, આદિવાસી અને પછાત વર્ગો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

દલિતો, આદિવાસી જૂથો અને પછાત વર્ગોનું પ્રતિનિધિત્વ કરતા સંયુક્ત મંચ, ભારતી વિકાસ એલાયન્સ (BVA)ના નેતાઓએ કેન્દ્ર સરકાર દ્વારા પ્રસ્તાવિત વકફ સુધારા બિલનો સખત વિરોધ કરવાનું વચન આપ્યું છે. ઓલ




## સંયુક્ત રણનીતિ પર ચર્ચા કરી

ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ (AIMPLB)ના અધિકારીઓ સાથેની તાજેતરની બેઠકમાં BVAના નેતાઓએ આ બિલને વકફ મિલકતો માટે ગંભીર ખતરો અને તેમને જપ્ત કરવાના વ્યાપક કાવતરાનો ભાગ ગણાવ્યું છે. આ જૂથે તેના અમલીકરણને રોકવા માટે દરેક શક્ય પગલાં લેવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. મુંબઈમાં યોજાયેલી આ બેઠકમાં ભારતના વર્તમાન રાજકીય વાતાવરણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જેમાં બંને સંગઠનોએ બંધારણને નબળા પાડવાના પ્રયાસો પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને લઘુમતી સમુદાયોના મૂળભૂત અધિકારોના ઉલ્લંઘન પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમના મતે સરકાર માત્ર દેશના મુખ્ય મુદ્દાઓને અવગણી રહી નથી, પરંતુ મનુસ્મૃતિમાં મૂળ ધરાવતા હિન્દુ રાષ્ટ્ર બનાવવા માટે હિન્દુ એકતાને મજબૂત કરવાનો પ્રયાસ કરતા મુસ્લિમો પ્રત્યે નફરતનું વાતાવરણ પણ ઊભું કરી રહી છે.

આ બંને સંગઠનો સંમત થયા હતા કે દેશમાં દલિત અને લઘુમતી જૂથો દ્વારા અનેક પડકારોનો સામનો કરવો પડે છે અને તેના માટે એક સંયુક્ત વ્યૂહરચના જરૂરી છે. બંને પ્લેટફોર્મના પસંદગીના સભ્યોની બનેલી એક મુખ્ય સમિતિ, એક કાર્ય યોજના વિકસાવવા માટે દિલ્હીમાં મળશે. એકવાર અંતિમ સ્વરૂપ પ્રાપ્ત થયા પછી આ સમિતિની ભલામણોની સમીક્ષા કરવામાં આવશે અને AIMPLB અને BVA બંનેની મંજૂરીથી તેનો અમલ કરવામાં આવશે.

AIMPLB દેશની ધાર્મિક અને સાંસ્કૃતિક વિવિધતા અને બંધારણીય અધિકારોના રક્ષણ માટે સક્રિયપણે કાર્ય કરી રહ્યું છે. ગયા વર્ષે બોર્ડે ભારતની વિવિધતા માટે સમાન નાગરિક સંહિતા (UCC) દ્વારા ઊભા થયેલા સંભવિત ખતરા અંગે ચર્ચા કરવા માટે એક ગોળમેજી પરિષદનું આયોજન કર્યું હતું. ધાર્મિક લઘુમતી, દલિતો અને સ્વદેશી સમુદાયોના નેતાઓએ પરિષદમાં ભાગ લીધો હતો અને તે UCCનો સામૂહિક અસ્વીકાર કરવામાં આવ્યો હતો. પ્રતિનિધિઓએ ચેતવણી પણ આપી હતી કે, જો સરકાર તેની યોજનાઓ પર અડગ રહેશે તો તેઓ તેની સામે રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કરશે.

તાજેતરની બેઠકમાં AIMPLBના અધિકારીઓએ વકફ સુધારા બિલ અંગે વિગતવાર ચિંતાઓ રજૂ કરી અને તેને વિભાજનકારી અને વિક્ષેપકારક પગલું ગણાવ્યું હતું. BVAના નેતાઓએ બોર્ડને ખાતરી આપી કે તેઓ એકતા સાથે ઊભા રહેશે અને સમગ્ર દેશમાં બિલ સામે સંયુક્ત રીતે લડત આપશે.

AIMPLBના પ્રવક્તા ડૉ.કાસિમ રસુલ ઈલ્યાસે બોર્ડને ભારતના મુસ્લિમોના હિતોનું પ્રતિનિધિત્વ કરતા એકીકૃત પ્લેટફોર્મ તરીકે રજૂ કર્યું, જેમાં વિદ્વાનો, બૌદ્ધિકો અને વિવિધ ધાર્મિક અને રાષ્ટ્રીય સંગઠનોના નેતાઓનો સમાવેશ થાય છે. તેમણે BVAના નેતાઓનું સ્વાગત કર્યું અને રાષ્ટ્રીય પડકારોનો સામનો કરવામાં એકતાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

AIMPLBના મહાસચિવ મૌલાના મોહમ્મદ ફઝલુરરહીમ મુજદ્દીદીએ BVAના નેતાઓનો આ હેતુ પ્રત્યેની પ્રતિબદ્ધતા બદલ આભાર માનીને બેઠકનું સમાપન કર્યું. તેમણે બંધારણનું રક્ષણ કરવા અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના અધિકારો અને ગૌરવનું રક્ષણ કરવા માટે સમગ્ર ભારતમાં સમાન વિચારધારા ધરાવતા જૂથો સાથે કામ કરવા માટે બોર્ડના સમર્પણનો પુનરોચ્ચાર કર્યો હતો. મૌલાના મુજદ્દીદીએ કહ્યું કે, ઈસ્લામ ન્યાય, સમાનતા અને સમગ્ર માનવતાના કલ્યાણને પ્રોત્સાહન આપે છે અને તમામ પ્રકારના ભેદભાવ અને જાતિ આધારિત અસમાનતાને નકારી કાઢે છે. આ બેઠકની અધ્યક્ષતા મૌલાના મોહમ્મદ ફઝલ રહીમ મુજદ્દીદીએ કરી હતી, જેમાં ડૉ.કાસિમ રસુલ ઈલ્યાસે સંચાલન કર્યું હતું. BVAના મુખ્ય વ્યક્તિઓમાં ડૉ.એડવોકેટ સુરેશ માને, ભગવાન ગોવાઈ, સાહિબ સિંહ ધનગર, ડૉ.બેલા રામ ખોગરા, સિદ્ધાર્થ પરમાર (પૂર્વ ગુજરાત ધારાસભ્ય), પ્રોફેસર મોહમ્મદ સુલેમાન (ઈન્ડિયન નેશનલ લીગના પ્રમુખ) અને જયપુરના સમુદાયના નેતા હાફિઝ મંજૂર અલી ખાનનો સમાવેશ થાય છે. AIMPLBનું પ્રતિનિધિત્વ મૌલાના મોહમ્મદ ફઝલુરરહીમ રહીમ મુજદ્દીદી, ડૉ.કાસિમ રસુલ ઈલ્યાસ, મૌલાના મહમૂદ અહમદ દર્યાબાદી, ડૉ.ઝહીર કાઝી, મૌલાના મુહમ્મદ સુલેમાન મોતાવલ્લા, મુહમ્મદ ફરીદ શેખ અને મૌલાના હાફિઝ ઈકબાલ ચુનાવાલાએ કર્યું હતું. મૌલાના સુલેમાન મોતાવાલાના આભારની નોંધ સાથે બેઠકનું સમાપન થયું હતું.

CELEBRATING EXCELLENCE 34 years GT

**ક્યા બાત હૈ ?!**

હાય હાય, આવી કાતિલ ઠંડીમાં અડધી રાતે ક્યાં ગયા હશે ?




# 'આખી દુનિયા જોઈ રહી છે પણ ચૂંટણી પંચને પુરાવા મળી રહ્યા નથી' : ભાજપના પરવેશ વર્મા સામે 'કેશ ફોર વોટ'ના આરોપો પર ચૂંટણી પંચની ટીકા કરતાં કેજરીવાલ

(એજન્સી) તા.૧૬

આમ આદમી પાર્ટી (AAP)ના વડા અરવિંદ કેજરીવાલે ગુરૂવારે ભાજપના પરવેશ વર્મા સામેના 'કેશ ફોર વોટ'ના આરોપો પર ચૂંટણી પંચની 'નિષ્ક્રિયતા' પર સવાલ ઊઠાવ્યા. તેમણે દાવો કર્યો કે, લોકો કહી રહ્યા છે કે, પૈસા અને માલનું વિતરણ થઈ રહ્યું છે. દિલ્હીના પૂર્વ મુખ્યપ્રધાને તેમના સત્તાવાર X હેન્ડલ પરના મીડિયા રિપોર્ટનો ઉલ્લેખ કરતી વખતે આ ટિપ્પણી કરી હતી.

X પરની એક પોસ્ટમાં કેજરીવાલે લખ્યું કે, આખી દુનિયા કહી રહી છે કે, પૈસા અને વસ્તુઓ ખુલ્લેઆમ વહેંચાઈ રહી છે પરંતુ ચૂંટણી પંચ કહી રહ્યું છે કે, તેમને કોઈ પુરાવા અને સાક્ષીઓ મળી રહ્યા નથી. આપ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ નવી દિલ્હી વિધાનસભામાં ત્રિકોણીય સ્પર્ધામાં છે અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી સાહિબ સિંહ વર્માના પુત્ર ભાજપના પરવેશ વર્મા અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિતના પુત્ર કોંગ્રેસના નેતા સંદીપ દીક્ષિત સામે ચૂંટણી લડી રહ્યા છે.

૧૪ જાન્યુઆરીના રોજ ભાજપના નેતા પરવેશ વર્માએ તેમના પરના AAPના 'કેશ-ફોર-વોટ' આરોપોને સખત રીતે નકારી કાઢ્યા અને આરોપ લગાવ્યો કે દિલ્હીમાં શાસક પક્ષ રોહિંગ્યા અને દેશમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને રક્ષણ આપે છે. વર્માએ કહ્યું કે, તેમણે તેમના મતવિસ્તારમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને લાભ ન મળે તે માટે મતદાર કાર્ડ જોયા છે.

આપ આરોપ લગાવી રહી છે કે, ભાજપે નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારમાં લોકોના મતદાર કાર્ડ તપાસીને લોકોને પૈસા વહેંચ્યા છે. મુખ્યમંત્રી આતિશીએ આરોપ લગાવ્યો હતો કે, પરવેશ વર્માએ લોકોને પૈસા આપ્યા હતા. ANI સાથેની એક મુલાકાતમાં પરવેશ વર્માએ AAPના આરોપોનો જવાબ આપ્યો અને કહ્યું કે, તેઓ રોકડ વિતરણ કરીને મત માંગતા નથી. અમને શીખવવામાં આવે છે કે, દાન ઘરથી શરૂ થાય છે. હું નવી દિલ્હીથી લડી રહ્યો છું અને હું નવી દિલ્હી મતવિસ્તારની મહિલાઓને લાભો વહેંચી રહ્યો છું. જો આતિશીજી આટલી ચિંતિત છે, તો તેમણે તે તેમના મતવિસ્તારના લોકોને કંઈક આપવું જોઈએ. જો અમારી સરકાર બનશે તો અમે મધ્યપ્રદેશની જેમ દિલ્હીની મહિલાઓને આપીશું. નવી દિલ્હીથી શરૂઆત કરીને, મેં બતાવ્યું કે જ્યારે હું મુખ્યમંત્રી, ઉપમુખ્યમંત્રી, મંત્રી, ધારાસભ્ય કે સાંસદ નથી તો પણ હું આપી શકું છું, તો તમે કેમ આવું કરી શકો નહીં ?

તેમણે કહ્યું કે, શું એ કહેવું વાજબી છે કે, પહેલા મને મત આપો, હું પછી નોકરી આપીશ. શું આ સાચું છે ? હું પહેલા આપી રહ્યો છું, હું એમ નથી કહેતો કે પહેલા મને મત આપો અને પછી હું લાભ આપીશ. મેં મત માટે રોકડ આપી નથી. મેં ફક્ત તેમનું મતદાર કાર્ડ જોયું. શું મારે તે બાંગ્લાદેશીઓને આ બધુ આપવું જોઈએ, શું મારે તે રોહિંગ્યાઓને આ આપવું જોઈએ ? હું ફક્ત એ જોવા માટે તપાસ કરી રહ્યો છું કે તેઓ દિલ્હીના મતદાતા છે.

વર્માએ અગાઉ પણ આતિશીના રોકડ-માટે-મતદાનના આરોપોને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે, રાષ્ટ્રીય સ્વાભિમાન સંસ્થા, જે તેમના પિતા દ્વારા લગભગ ૨૫ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવી હતી, તે લોકોને મદદ કરી રહી છે. ચૂંટણી પંચે અગાઉ દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીને વર્મા સામે AAPની ફરિયાદોની તપાસ કરવા કહ્યું હતું. AAP અને BJP પક્ષોએ પણ મતદાર યાદીમાં ઉમેરા અને ઘટાડાના એકબીજા પર આરોપો લગાવ્યા છે.

દિલ્હી વિધાનસભા ચૂંટણી પાંચ ફેબ્રુઆરીએ એક જ તબક્કામાં યોજાશે અને મતગણતરી ૮ ફેબ્રુઆરીએ થશે. નામાંકન દાખલ કરવાની છેલ્લી તારીખ ૧૭ જાન્યુઆરી છે. નામાંકનની ચકાસણીની તારીખ ૧૮ જાન્યુઆરી છે. ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૨૦ જાન્યુઆરી છે.

દિલ્હીમાં સતત ૧૫ વર્ષ સુધી સત્તામાં રહેલી કોંગ્રેસને છેલ્લી બે વિધાનસભા ચૂંટણીમાં પરાજયનો સામનો કરવો પડ્યો છે અને તે એક પણ બેઠક જીતી શકી નથી. તેનાથી વિપરીત, ત્રીજી ટર્મ માટે નજર રાખતી AAP શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં તેના 'પ્રદર્શન' સાથે જનતા સમક્ષ જશે. ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં AAPએ ૭૦માંથી ૬૨ બેઠકો જીતી હતી અને ભાજપે આઠ બેઠકો મેળવી હતી.

# સૈફ અલી ખાન પરના હુમલા પર પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યું, 'જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવી જોઈએ'

(એજન્સી) તા.૧૬

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ગુરૂવારે અભિનેતા સૈફ અલી ખાન પર થયેલા હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને તેમના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી હતી. મુંબઈના બાંદ્રા સ્થિત તેમના નિવાસસ્થાને મોડી રાત્રે એક અજાણ્યા વ્યક્તિએ સૈફ પર છરીથી હુમલો કર્યો હતો, જેમાં તેઓ ઘાયલ થયા હતા અને તેમને સારવાર માટે લીલાવતી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. મમતા બેનરજીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું, 'પ્રસિદ્ધ અભિનેતા સૈફ અલી ખાન પર થયેલા હુમલા વિશે સાંભળીને ખૂબ જ ચિંતિત છું. હું તેમના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરૂં છું અને વિશ્વાસ રાખું છું કે કાયદો તેનું કામ કરશે અને ઘટના માટે જવાબદાર લોકોને જવાબદાર ઠેરવવામાં આવશે. તેમણે કહ્યું, 'આ મુશ્કેલ સમયમાં મારી



સંવેદના અને પ્રાર્થના શર્મિલા દી, કરીના કપૂર અને સમગ્ર પરિવાર સાથે છે.' ઉલ્લેખનીય છે કે શિવસેના (યુબીટી)ના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ સૈફ પર થયેલા હુમલા પર નિવેદન આપ્યું છે કે, આ કેટલી શરમજનક વાત છે કે, મુંબઈમાં હાઈ પ્રોફાઈલને મારી નાખવાનો પ્રયાસ થયો. સૈફ અલી ખાન પર થયેલો હુમલો ફરી એકવાર મુંબઈ પોલીસ અને ગૃહ મંત્રી પર સવાલો ઊભા કરે છે. રાજકીય નેતા બાબા સિદ્દીકીની હત્યા બાદ તેમનો પરિવાર પણ ન્યાય મળે તેની રાહ જોઈ રહ્યો છે. સલમાન ખાન બુલેટ પ્રુફ ઘરમાં રહેવા મજબૂર બન્યો છે અને હવે સૈફ પર હુમલો થયો છે. આ તમામ ઘટનાઓ બાંદ્રામાં જ બની રહી છે, જ્યાં લોકપ્રિય હસ્તીઓની સંખ્યા વધુ છે. જ્યાં પર્યાપ્ત સુરક્ષા હોવી જોઈએ. જો તેઓ જ સુરક્ષિત નથી, તો મુંબઈમાં કોણ સુરક્ષિત છે ? શિવસેના યુબીટી નેતા સંજય રાઉતે પણ આ ઘટના પર રોષ ઠાલવતાં કહ્યું કે, સૈફ અલી ખાન એક કલાકાર છે. તેમને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા છે. સૈફ અલી ખાન પર ઘાતક હુમલો થયો છે. વિવિધ અટકળો લગાવાઈ રહી છે. પરંતુ આ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા શું કરે છે. તેની શું સ્થિતિ છે. મુંબઈ ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું મોટુ હબ હોવા છતાં અહીંના સેલિબ્રિટી સુરક્ષિત નથી. આ સૈફ અલી ખાન પર નહીં પરંતુ ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર હુમલો છે.

# પંજાબના માલેરકોટલા જિલ્લામાં શીખ પરિવારે મસ્જિદ માટે જમીન દાનમાં આપી

(એજન્સી) ચંદીગઢ, તા.૧૬

સાંપ્રદાયિક સૌહાર્દ અને ઉદારતાના હૃદયસ્પર્શી પ્રદર્શનમાં, પંજાબના માલેરકોટલા જિલ્લામાં એક શીખ પરિવારે સ્થાનિક મુસ્લિમ સમુદાયને મસ્જિદના નિર્માણ માટે જમીન દાનમાં આપી છે. ધ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, ઉમરપુરા ગામના ભૂતપૂર્વ સરપંચ સુખજિંદર સિંહ નોની અને તેમના ભાઈ અવનિંદર સિંહે મસ્જિદ માટે ૫.૫ બિસ્વાસ જમીન દાનમાં આપી હતી. ૧૯૪૭ના ભાગલા પછી ભારતમાં નોંધપાત્ર મુસ્લિમ વસ્તી ધરાવતા પંજાબના એકમાત્ર જિલ્લા તરીકે માલેરકોટલાનું અનોખું સ્થાન છે. ઐતિહાસિક રીતે, ૧૭૦૪માં સરહિંદના નવાબ દ્વારા દસમા શીખ ગુરૂ ગોવિંદ સિંહના બે નાના પુત્રોની ક્રૂર ફાંસી સામે નવાબે વિરોધ કર્યો હતો, જેના કારણે આ પ્રદેશ શીખોથી વિશેષ રક્ષણ મેળવતો હતો. પરસ્પર આદરના આ સહિયારા ઈતિહાસે પ્રદેશમાં એકતાની ભાવનાને પ્રોત્સાહન આપ્યું છે. સુખજિંદર સિંહે સમજાવ્યું કે ગામમાં મુસ્લિમ સમુદાય પાસે પૂજા સ્થળનો અભાવ હતો અને ઘણીવાર નમાજ પઢવા માટે પાડોશી ગામોમાં જવું પડતું હતું. તેમના પરિવારે લાંબા સમયથી આ જરૂરિયાતને પૂર્ણ કરવાનું વચન આપ્યું હતું. તેમણે કહ્યું, અમારા ગામની લગભગ ૩૦ ટકા વસ્તી મુસ્લિમ છે, અને તેમની પાસે મસ્જિદ નહોતી. મેં અને મારા ભાઈએ અમારી પ્રતિબદ્ધતા પૂર્ણ કરીને આ જમીન દાનમાં આપવાનું નક્કી કર્યું. દાનમાં આપેલી જમીનની કિંમત ૭-૮ લાખ રૂપિયા હોવાનો અંદાજ છે. ૧૨ જાન્યુઆરીના રોજ, મસ્જિદનો પાયો પંજાબના શાહી ઈમામ, મોહમ્મદ ઉસ્માન રહેમાન લુધિયાનવી દ્વારા સમુદાયના સભ્યોની હાજરીમાં નાખવામાં આવ્યો હતો. ઈમામે શીખ



પરિવારના આ પગલાને પ્રેમ અને માનવતાના ગહન સંદેશ તરીકે પ્રશંસા કરી હતી. અમરગઢ મતવિસ્તારમાંથી ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી લડનારા કોંગ્રેસના નેતા સ્મિત સિંહે આ ભાવનાનો પડઘો પાડ્યો હતો, આ દાનને કરુણાનું પ્રેરણાદાયક કાર્ય ગણાવ્યું હતું. અન્ય શીખ ગ્રામજનોએ પણ મસ્જિદના નિર્માણને ટેકો આપ્યો છે. તેજવંત સિંહે ૨ લાખ રૂપિયાનું દાન આપ્યું હતું, જ્યારે રવિન્દર સિંહ ગ્રેવાલે ૧ લાખ રૂપિયાનું દાન આપ્યું હતું. તેમના સામૂહિક પ્રયાસો ગામની અંદર એકતાના મજબૂત બંધનો દર્શાવે છે. દયાનું આ કાર્ય સાંપ્રદાયિક સંવાદિતાનું પ્રતીક બની ગયું છે, જે સહઅસ્તિત્વ અને પરસ્પર આદરના મૂલ્યોને મજબૂત બનાવે છે. તે માલેરકોટલામાં શીખ અને મુસ્લિમ સમુદાયો વચ્ચેના સહિયારા ઈતિહાસ અને સદ્ભાવનાના કાયમી વારસાને પણ પ્રકાશિત કરે છે.



# મિદનાપોર મેડિકલ કોલેજ મૃત્યુનો વિવાદ : ૧૨ ડોક્ટરો સસ્પેન્ડ, CM મમતા બેનરજીએ દાવો કર્યો કે, તબીબોની બેદરકારીથી મોત થયું છે

## પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ કહ્યું કે, બાળકને વિશ્વમાં લાવવાની જેમની જવાબદારી છે એ તબીબોએ પ્રમાણિકતાથી ફરજ બજાવી હોત તો એ માતાને બચાવી શકાઈ હોત

(એજન્સી) કોલકાતા, તા.૧૬

પશ્ચિમ બંગાળના મિદનાપોરની મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં બાળકને જન્મ આપ્યા પછી છ દિવસમાં માતાનું મોત થવાથી ભારે રાજકીય વિવાદ જાગ્યો છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણનો પણ હવાલો સંભાળતાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ આજે જણાવ્યું હતું કે, ડોક્ટોરની બેદરકારીને કારણે મોત થયું છે. સરકારે ૧૨ ડોક્ટરોને સસ્પેન્ડ કરી દીધા છે.



આરોગ્ય વિભાગની ૧૩ સભ્યોની નિષ્ણાત સમિતિ અને CIDની તપાસમાં બહાર આવ્યું છે કે, ફરજ પરના ડોક્ટરોની બેદરકારીને કારણે એક માતાનું મોત થયું છે અને અન્ય કેટલીક મહિલાઓ ગંભીર રીતે બીમાર થઈ ગઈ છે. પ્રસૂતા મહિલાઓના સિઝેરિયન બાદ આ મૂશ્કેલીઓ ઉભી થઈ છે. એવો પણ આક્ષેપ થયો છે કે, રાજ્યમાં બ્લેકલીસ્ટ થયેલી કંપની પશ્ચિમ બંગા ફાર્માસ્યુટિકલ્સ કંપનીએ બનાવેલા સેલાઈનના બાટલા ચઢાવવાથી આ ઘટનાઓ બની છે. જો કે, આરોગ્ય સચિવે એવો બચાવ કર્યો છે કે, હોસ્પિટલમાં જેટલા સેલાઈનના બાટલા આવે છે તમામનું યોગ્ય પરિક્ષણ થાય છે. જો કે, મમતા બેનરજીએ ડોક્ટરોને દોષિત ઠરાવ્યા હતા અને એવું જણાવ્યું હતું કે, પૂરતા કુશળ અને તાલીમબદ્ધ ન હોય એવા તબીબોએ સિઝેરિયનના ઓપરેશન કર્યા હતા અને જેને તાલીમ જ નહોતી એવા લોકોને ઓપરેશન પહેલા ગેનની દવાઓ આપી હતી. તેમણે ઓપરેશન થિયેટરની બહાર CCTV લગાડાવા પર તાકીદ કરી હતી અને કહ્યું હતું કે, જે ડોક્ટરોને વાંધો હોય એમનો હોસ્પિટલમાંથી ચાલ્યા જવાનું કહી દેવું.

# 'દેશની ચૂંટણી પ્રણાલી ખામીયુક્ત છે, પારદર્શકતા દર્શાવવી એ ચૂંટણી પંચનું કર્તવ્ય છે' : રાહુલે ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું

## 'લોકસભા અને મહારાષ્ટ્ર ચૂંટણી વચ્ચે ૧ કરોડ મતદારોનો વધારો શંકાસ્પદ છે' : રાહુલ ગાંધી

(એજન્સી) તા.૧૬

કોંગ્રેસ સંસદીય પક્ષના વડા સોનિયા ગાંધીએ બુધવારે પાર્ટીના નવા મુખ્યાલય 'ઈન્દિરા ભવન'નું ઉદ્ઘાટન કર્યું હતું. છેલ્લા પાંચ દાયકાથી પાર્ટીનું મુખ્યાલય '૨૪ અકબર રોડ' હતું. હવે મુખ્ય વિપક્ષી પક્ષનું નવું મુખ્યાલય '૯એ કોટલા માર્ગ' પર બનાવવામાં આવ્યું છે. સોનિયા ગાંધીએ રિબન કાપીને નવી ઈમારતનું ઉદ્ઘાટન કર્યું. આ દરમિયાન કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે પણ તેમની સાથે હાજર હતા.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે મહારાષ્ટ્ર અને હરિયાણા સહિત તાજેતરની વિધાનસભા ચૂંટણીઓને ટાંકીને ચૂંટણી પ્રક્રિયા પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે પ્રક્રિયામાં પારદર્શિતા પર સવાલ ઉઠાવ્યા અને દાવો કર્યો કે દેશની ચૂંટણી પ્રણાલીમાં ગંભીર સમસ્યા છે. કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખે પાર્ટીના નવા મુખ્યાલયના ઉદ્ઘાટન પછી એવો પણ દાવો કર્યો હતો કે કમિશન મહારાષ્ટ્ર અને હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં મતદાન કરનારા લોકોના નામ અને સરનામાં સાથે મતદાર યાદી આપવાનો ઈનકાર કરી રહ્યું છે, જ્યારે પારદર્શક રહેવું એ તેનું કર્તવ્ય છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, એવું ન વિચારો કે અમે ન્યાયી લડાઈ લડી રહ્યા છીએ. જો તમે માનતા હોવ કે અમે ફક્ત ભાજપ અને આરએસએસ નામના રાજકીય સંગઠન સામે લડી રહ્યા છીએ, તો એવું નથી. તેઓએ આપણા દેશની લગભગ દરેક સંસ્થા પર કબજો કરી લીધો છે.' તેમણે કહ્યું કે હવે કોંગ્રેસના લોકો માત્ર ભાજપ અને આરએસએસ સામે જ નહીં, પરંતુ સિસ્ટમ સામે પણ લડી રહ્યા છે. તેમણે દાવો કર્યો કે મેં સ્પષ્ટપણે કહ્યું છે કે મહારાષ્ટ્ર ચૂંટણીમાં કંઈક ખોટું થયું છે. ચૂંટણી પંચ જે રીતે કામ કરી રહ્યું છે તેનાથી અમે ખુશ નથી. લોકસભા અને વિધાનસભા ચૂંટણી વચ્ચે મહારાષ્ટ્રમાં લગભગ એક કરોડ નવા મતદારોનો અચાનક વધારો એ ચિંતાનો વિષય છે. રાહુલ ગાંધીએ કહ્યું કે મહારાષ્ટ્ર અને હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં મતદાન કરનારા લોકોના નામ અને સરનામાં સાથે મતદાર યાદી પૂરી પાડવાની ચૂંટણી પંચની ફરજ છે, પરંતુ તેણે આ માહિતી આપવાનો ઈનકાર કર્યો છે. તેમણે પ્રશ્ન કર્યો કે ચૂંટણી પંચ મતદાર યાદીને પારદર્શક બનાવવાનો ઈનકાર કેમ કરી શકે ? અમને યાદી ન આપીને શું હેતુ પૂરો થાય છે અને તેઓ તેને શા માટે રોકી રહ્યા છે? પારદર્શિતા સુનિશ્ચિત કરવાની ચૂંટણી પંચની ફરજ છે અને આવું કેમ થયું તે સમજાવવાની તેમની જવાબદારી છે.

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી અંગે ફરી એકવાર શંકા ઉભી કરતા, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારે કહ્યું કે લોકસભા અને વિધાનસભા ચૂંટણી વચ્ચે એક કરોડ મતદારોનો ઉમેરો શંકાસ્પદ છે, અને ચૂંટણી પંચની પવિત્ર ફરજ છે કે તેઓ મતદારોની યાદીઓ પૂરી પાડે અને મતદારોની સંખ્યામાં થયેલા વધારાને સમજાવે. રાહુલે વિપક્ષી નેતાઓને ચેતવણી આપી હતી કે અને હરિયાણા વિધાનસભા ચૂંટણીનો મતદાન ડેટા પણ માંગ્યો હતો. અમે લોકસભામાં મહારાષ્ટ્રમાં મતદાન કરનારા મતદારોના નામ અને વિધાનસભા ચૂંટણીમાં મતદાન કરનારા મતદારોના નામ અને સરનામાં જોવા માંગીએ છીએ," તેમણે દલીલ કરી કે તે મહારાષ્ટ્ર મતદાન અંગેની શંકાઓને દૂર કરશે. તેમણે કહ્યું કે ગુનાઓની તપાસ કરવા માટે બનાવાયેલી તપાસ એજન્સીઓનો ઉપયોગ વિપક્ષી નેતાઓ સામે થઈ રહ્યો છે અને તે સ્પષ્ટ નથી કે સંસ્થાઓ કાર્યરત છે કે નહીં. આ એવી પરિસ્થિતિઓ છે જેમાં તમે આ વૈચારિક લડાઈ લડી રહ્યા છો અને મારે તમને કહેવું જ જોઈએ કે મને તમારા દરેક પર ખૂબ ગર્વ છે કે તમે સવારે ઉઠો છો, ઉભા થાઓ છો અને તમે જે સિદ્ધાંતમાં માનો છો તેના માટે લડો છો.

# ભારતમાં વધતી કોમવાદી તંગદિલી અને આર્થિક પરિસ્થિતિ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરતી જમાત-એ-ઈસ્લામી હિન્દની CAC

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

જમાત-એ-ઈસ્લામી હિંદની સેન્ટ્રલ એડવાઈઝરી કાઉન્સિલની એક બેઠક તામિલનાડુના યેલાગીરી ખાતે મળી હતી જેમાં દેશમાં વધતી જતી કોમવાદની પરિસ્થિતિ અને આર્થિક પરિસ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. દેશની સામેના અનેક પ્રશ્નોની ઉંડી ચર્ચા વિચારણા થઈ હતી. કાઉન્સિલે વિભાજનકારી રાજકીય એજન્ડા પર ધ્યાન આપવાને બદલે દેશની સામેના ખરેખરા પડકારોને હલ કરવા માટે કામ કરવા અને ધ્યાન કેન્દ્રિત કરવા સરકારને અનુરોધ કર્યો હતો. વન નેશન, વન ઈલેક્શન જેવી રાજકીય દરખાસ્તો લાવવા બદલ ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની કાઉન્સિલે ટીકા કરી હતી અને કહ્યું હતું કે, વન નેશન જેવી દરખાસ્તો, વકફ સુધારા ખરડો અને સમાન નાગરિકધારો જેવા પગલા લેવાને બદલે મહત્ત્વના પ્રશ્નો પર ધ્યાન આપવું જોઈએ. દેશમાં વધતો ફુગાવો, બેરોજગારી અને કાયદો-વ્યવસ્થાની ખરાબ થતી જતી પરિસ્થિતિ તરફથી લોકોનું ધ્યાન બીજે ખેંચવા આવા વિવાદી ખરડા અને દરખાસ્તો લાવવામાં આવ્યા છે. જેના કારણે આમ જનતાના રોજિંદા જીવન પર ખુબ જ પ્રતિકૂળ અસરો થઈ રહી છે.



આવી રહેલા નાવા વિવાદોથી વાતાવરણ બગાડી રહેલા કેટલાક તત્ત્વોના પ્રયાસોથી ઘેરી ચિંતા વ્યક્ત કરી હતી. કાઉન્સિલે ઠરાવ્યું કે, ધર્મસ્થાન કાયદો હોવા છતાં મસ્જિદોને ખોદીને મંદિરો શોધવામાં આવી રહ્યા છે જે નિંદનીય છે. CACને કારણે સંસ્થાએ નફરતથી ભરપુર એજન્ડા વધી રહ્યા હોવાથી ચિંતા દર્શાવી ખાસ કરીને ધાર્મિક સ્થાળોની આસપાસ ઉભા કરવામાં મુસ્લિમોની હેરાનગતી વધી રહી છે અને મુસ્લિમોને ખોટી રીતે ઘૂસણખોર ગણાવવામાં આવી રહ્યા છે જેના પગલે લઘુમતીઓ માટે ખતરનાક વાતાવરણ ઉભું થઈ રહ્યું છે. કાઉન્સિલ ઉમેરે છે કે, દેશના વિકાસમાં યોગદાન આપવાની લઘુમતીઓને સમાન તક મળવી જોઈએ. સરકારે દેશના ભાગલા પડે અને નુકસાન કરે એવા બિનજરૂરી મુદ્દાઓથી દૂર રહેવું જોઈએ. આંતરરાષ્ટ્રીય મોરચા અંગે કાઉન્સિલે વિશ્વભરમાં વસતા લઘુમતીઓના અધિકારોનું રક્ષણ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો બાંગ્લાદેશના હિન્દુઓની હાલત અંગે પણ ચિંતા દર્શાવી હતી. જમાત-એ-ઈસ્લામીએ ભારતમાં અને વિશ્વભરમાં શાંતિ તથા ન્યાય માટેની હિમાયત કરતા રહેવાના જમાતના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો હતો.

# ગોધરામાં ટ્રેન સળગાવવાના કેસની સુનાવણી ૧૩ ફેબ્રુઆરીએ સુપ્રીમ કોર્ટમાં થશે

(એજન્સી) તા.૧૬

૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨નો એ ગોઝારો દિવસ જ્યારે અયોધ્યાથી આવી રહેલી સાબરમતી એક્સપ્રેસની S-૬ કોચને કેટલાક નરાધમોએ આગને હવાલે કર્યો અને કોચના દરવાજા બહારથી બંધ કરી દીધા. આ ભીષણ આગમાં કોચમાં બેસેલા ૫૯ કારસેવકો ભડથુ થઈ ગયા. એક કોચમાં લગાવવામાં આવેલી એ આગને કારણે સમગ્ર રાજ્ય કેટલાય દિવસો સુધી ભડકે બળ્યુ. ગુજરાતમાં કોમી રમખાણો ફાટી નીકળ્યા. રમખાણો દરમિયાન થયેલી હિંસામાં અનેક હિંદુ-મુસ્લિમોનો મોત થયા. કોઈ જ વાંકગુના વિના અયોધ્યાથી પરત ફરી રહેલા કાર સેવકોને જીવતા સળગાવી નાખનારા દોષીતોને હાઈકોર્ટ દ્વારા આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી છે. ગોધરા કાંડના દોષીતો માટે ફાંસીની સજાની માગ કરતી ગુજરાત સરકારની અરજી અને અન્ય દોષીતો દ્વારા દાખલ કરાયેલી અપીલો પર ૧૩ ફેબ્રુઆરીએ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થશે. આ કેસમાં જસ્ટિસ જે કે માહેશ્વરી અને અરવિંદ કુમારની પીઠે સ્પષ્ટ કર્યું છે કે આગામી સુનાવણીની તારીખને સ્થગિત કરવામાં આવશે નહીં. ગુજરાત હાઈકોર્ટના ઓકટોબર ૨૦૧૭ના ચુકાદાને પડકારતી અનેક અપીલો સુપ્રીમ અદાલતમાં દાખલ કરવામાં આવી છે, જેમાં અનેક દોષિતોની સજાને યથાવત્ રાખી હતી અને ૧૧ લોકોની મૃત્યુદંડની સજાને આજીવન કેદમાં ફેરવી હતી. ગુજરાત સરકારે ફેબ્રુઆરી ૨૦૨૩માં સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે તે ૧૧ દોષિતો માટે મૃત્યુદંડની માંગ કરશે જેમની સજાને હાઈકોર્ટ દ્વારા આજીવન કેદમાં ફેરવવામાં આવી હતી. ગુરૂવારે જ્યારે કેસની સુનાવણી થઈ ત્યારે એક દોષિત માટે હાજર રહેલા વકીલે કહ્યું કે રેકોર્ડ પર કોઈ પુરાવા મૂકવામાં આવ્યા નથી. તેના પર જસ્ટિસ મહેશ્વરીએ કહ્યું, 'અમને ખબર નથી. અમે આ મામલાની સુનાવણી કરીશું અને અમે અગાઉ પણ તે સ્પષ્ટ કર્યું હતું. અમે આ કેસને મુલતવી રાખીશું નહીં. આ કેસની સુનાવણી અત્યાર સુધીમાં પાંચ વખત મુલતવી રાખવામાં આવી છે. છેલ્લા એક વર્ષથી હું આ કેસને સ્થગિત કરી રહ્યો છું.

# દિલ્હી વિધાનસભા ચૂંટણીના ભાજપના ઉમેદવાર પરવેશ સાહિબ સિંઘ સામે આદર્શ આચારસંહિતાના ભંગ બદલ કેસ દાખલ કરવા ચૂંટણી પંચનો પોલીસને આદેશ



ગઈકાલે દિવસ દરમિયાન વર્માએ વિધાનસભા ચૂંટણી માટે પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું, એ પહેલાં વાલ્મિકી મંદિર જઈ અને મહર્ષિ વાલ્મિકીના આશીર્વાદ લીધા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

નવી દિલ્હી વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપના ઉમેદવાર પરવેશ સાહિબ વર્મા સામે ચૂંટણીની આદર્શ આચારસંહિતાનો ભંગ કરવા બદલ કેસ દાખલ કરવા આજે ચૂંટણી પંચને મળેલી ફરિયાદને આધારે વર્મા સામે એફઆઈઆર દાખલ કરવાની પણ પોલીસને તાકીદ કરી છે. આમ આદમી પાર્ટીના નેતાઓએ એવો આક્ષેપ કર્યો હતો કે ભાજપનો ઉમેદવાર નવી દિલ્હી વિધાનસભા મત વિસ્તારમાં લોકોને નાણાંનું વિતરણ અને જોડા તથા ચપ્પલ અને ધાબળાનું વિતરણ કરી રહ્યા છે. ચૂંટણી અધિકારી ઓ પી પાંડે મંદિર માર્ગ પોલીસ સ્ટેશનના અધિકારીને પત્ર પાઠવ્યો હતો અને જણાવ્યું હતું કે પરવેશ વર્મા વાલ્મિકી મંદિરમાં મહિલાઓને જોડા ચપ્પલનું સુવિતરણ કરી રહ્યાનું વીડિયોમાં દેખાય છે. લોક પ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ની કલમ ૧૨૩ મુજબ કોઈપણ ઉમેદવાર કે તેના એજન્ટ કે તેના વતી પણ કોઈપણ વ્યક્તિ મતદારોને લોભ અને લાલચ આપી શકે નહીં અને આ પ્રવૃત્તિ ભ્રષ્ટાચારી કામગીરી ગણાય છે. એટલે ભાજપના ઉમેદવાર સામે આદર્શ આચારસંહિતાના ભંગ બદલ પગલાં લેવા અને આરપી એક્ટની કલમ ૧૨૩ મુજબ કાર્યવાહી કરવાનું જરૂરી બન્યું છે અને શું પગલા લેવાયા તેની વહેલામાં વહેલી તકે ચૂંટણી પંચને જાણ કરવાની પણ પોલીસને સૂચના આપવામાં આવી છે. ગઈકાલે સવારે જ પરવેશ વર્માએ વિધાનસભાની ચૂંટણી માટે પોતાનું નામાંકન દાખલ કર્યું હતું અને એ પહેલા વાલ્મીકિ મંદિરે જઈને મહર્ષિ વાલ્મિકીના આશીર્વાદ લીધા હતા. એ અગાઉ આમ આદમી પાર્ટીએ મંદિરમાં પરવેશ વર્મા મહિલાઓને જૂતાનું વિતરણ કરી રહ્યાનો વિડીયો વાયરલ કર્યો હતો અને વર્મા સામે કોઈ પગલા લેવા ન બદલ ચૂંટણી પંચની ટીકા કરી હતી અને કહ્યું હતું કે લોકશાહીની હત્યા થઈ રહી છે એ ચૂંટણી પંચને દેખાતું નથી? છેવટે ચૂંટણી પંચ હરકતમાં આવ્યું છે અને પગલાં લેવાનું શરૂ કર્યું છે.

# ઉત્તરાખંડમાં ગેરકાયદેસર મદ્રેસાઓની શા માટે ઓળખાણ કરવામાં આવી રહી છે ?

(એજન્સી) દેહરાદૂન, તા.૧૬

ઉત્તરાખંડમાં, જ્યાં તાજેતરમાં બિન-હિન્દુઓ માટે ચેતવણી બોર્ડ અને મુસ્લિમ વેપારીઓ અને દુકાનદારો દ્વારા બહિષ્કારનો સામનો કરવો પડ્યો હતો, ત્યાં હવે મદ્રેસાનો મુદ્દો ઉઠાવવામાં આવી રહ્યો છે. ભાજપના નેતૃત્વ હેઠળની પુષ્કર સિંહ ધામી સરકારે મદ્રેસાઓની ઓળખ કરવાનો આદેશ આપ્યો છે અને રાજ્યમાં નોંધણી વિના કાર્યરત ૨૦૦થી વધુ મદ્રેસાઓની ઓળખ કરવામાં આવી છે. એટલું જ નહીં, વધુ તપાસ પણ કરવામાં આવી રહી છે. તેમને ભંડોળ ક્યાંથી મળે છે, અન્ય રાજ્યોમાંથી આવતા વિદ્યાર્થીઓ વિશે સંપૂર્ણ માહિતી શું છે, તો પ્રશ્ન એ છે કે મદ્રેસાઓની આટલી ઊંડાણપૂર્વક તપાસ કેમ કરવામાં આવી રહી છે. ધામી સરકારે આ આદેશ કેમ આપ્યો છે અને મદ્રેસા બોર્ડ સાથે સંકળાયેલા લોકો શું કહે છે તે જાણતા પહેલા, પહેલા એ જાણી લઈએ કે તાજેતરના મહિનાઓમાં મુસ્લિમો સંબંધિત સમાચારોને લઈને ઉત્તરાખંડ કેમ સમાચારમાં રહ્યું છે. ગયા વર્ષે જ, ઉત્તરાખંડ મુસ્લિમો વિરૂદ્ધ ફેલાવવામાં આવતી નફરતને કારણે હેડલાઈન્સમાં હતું. લગભગ ચાર મહિના પહેલા, સપ્ટેમ્બર મહિનામાં, ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગમાં બિન-હિંદુઓ વિરૂદ્ધ ચેતવણી બોર્ડ લગાવવામાં આવ્યા હતા. આમાં રોહિંગ્યા મુસ્લિમો અને ફેરિયાઓને ચેતવણી આપવામાં આવી હતી. તેમને તેમના ગામડાઓમાં પ્રવેશવા કે ફરવા પર પ્રતિબંધ હતો. એવું કહેવામાં આવ્યું હતું કે, પ્રતિબંધનું ઉલ્લંઘન કરનારાઓને સજા કરવામાં આવશે. જોકે, આ બોર્ડ પર બધા ગ્રામજનોની પરવાનગીથી લખ્યું હતું, ઘણા ગ્રામજનો આ સમજી શક્યા નહીં. કેદારનાથ યાત્રા દરમિયાન રૂદ્રપ્રયાગ એક મુખ્ય પડાવ છે. આ વિસ્તાર તેના શાંતિપૂર્ણ અને સુમેળભર્યા વાતાવરણ માટે જાણીતો રહ્યો છે. ત્યાંના ગામડાઓમાં સમુદાયો શાંતિથી સાથે મળીને કામ કરતા જોવા મળે છે, તેમની આજીવિકા ઉત્તરાખંડમાં યાત્રાધામની મોસમ સાથે જોડાયેલી છે. પરંતુ ગયા વર્ષે પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ. આવું વાતાવરણ ત્યારે બન્યું હતું જ્યારે તેના થોડાં અઠવાડિયા પહેલા, ચમોલીમાં જાતીય શોષણની ઘટના બાદ, સ્થાનિક લોકોએ એક ચોક્કસ સમુદાયના લોકો સામે કાર્યવાહી કરવા માટે વિરોધ કર્યો હતો. તે પહેલાં પણ, જુલાઈ મહિનામાં, રાજ્યમાં કથિત રીતે નફરત ફેલાવતો આદેશ જારી કરવામાં આવ્યો હતો. ઉત્તરાખંડમાં પણ, કાવડ યાત્રા રૂટ પર ખાદ્ય પદાર્થો વેચતા હોટલ, ઢાબા, શેરી વિક્રેતાઓને તેમના માલિકોના નામ દર્શાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. હરિદ્વારમાં પોલીસે કાવડ યાત્રા રૂટ પર રસ્તાની બાજુમાં આવેલા સ્ટોલ અને ખાદ્યપદાર્થોની દુકાનોને તેમના માલિકોના નામ દર્શાવવા કહ્યું હતું, જેથી યાત્રા દરમિયાન વારંવાર થતા વિવાદો ટાળી શકાય. આ આદેશને મુસ્લિમોને લક્ષ્ય બનાવતો ગણાવવામાં આવ્યો હતો અને એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે,ભાજપ સરકાર મુસ્લિમ દુકાનદારોનો આર્થિક બહિષ્કાર કરવા માંગે છે. ભાજપના સાથી પક્ષો જેડીયુ અને આરએલડીએ પણ આનો વિરોધ કર્યો હતો. જ્યારે મામલો કોર્ટમાં ગયો, ત્યારે યુપી અને ઉત્તરાખંડ સરકારોને મુસ્લિમોને નિશાન બનાવતા આદેશો અંગે ચેતવણી આપવામાં આવી. ગયા વર્ષે જ, માર્ચ મહિનામાં, રાજ્યના ધારચુલા જિલ્લામાં મુસ્લિમ વેપારીઓને તેમની દુકાનો બંધ કરીને શહેર છોડી દેવાનું કહેવામાં આવ્યું હતું. ધારચુલામાં બે સગીર છોકરીઓને લાલચ આપીને લઈ જવામાં આવ્યા બાદ, સ્થાનિક વેપારી સંગઠને મુસ્લિમ દુકાનદારોને તેમની દુકાનો બંધ કરીને શહેર છોડી દેવા જણાવ્યું હતું. જોકે, ફેબ્રુઆરીમાં બનેલી ઘટનામાં છોકરીઓને બચાવી લેવામાં આવી હતી અને આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ ટ્રેડ યુનિયને હવે આ મુદ્દો વધારી દીધો છે. ધારચુલા વ્યાપાર સંઘે ૯૧ વેપારીઓનું સભ્યપદ રદ કર્યું હતું, જેમાં મોટાભાગના મુસ્લિમ હતા. ટ્રેડ યુનિયને તેમને દુકાનો ખોલતા અટકાવ્યા. વેપાર સંગઠને મકાનમાલિકોને ધકચુલામાંથી આવા બહારના લોકોને બહાર કાઢવા પણ કહ્યું હતું. જો કે, જિલ્લા પિથોરાગઢ વહીવટીતંત્રે દાવો કર્યો હતો કે, કોઈપણ મકાનમાલિક કે દુકાન માલિકે વેપારીઓના સંગઠનના આહ્વાનને સમર્થન આપ્યું નથી. જો કે, હવે મદ્રેસાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. ગેરકાયદેસર મદ્રેસા કામગીરીનો સામનો કરવા માટે સીએમ પુષ્કર સિંહ ધામીના નિર્દેશ બાદ શરૂ કરાયેલી તપાસમાં મદરેસાઓની નોંધણીની સ્થિતિ, ભંડોળના સ્ત્રોત અને અન્ય રાજ્યોમાંથી આવેલા વિદ્યાર્થીઓ વિશે માહિતી એકત્રિત કરવામાં આવી છે. TOIના અહેવાલ મુજબ, એકલા ઉધમ સિંહ નગરમાં ૧૨૯ બિનનોંધાયેલ મદ્રેસાઓની ઓળખ કરવામાં આવી છે, ત્યારબાદ દેહરાદૂનમાં ૫૭ અને નૈનિતાલમાં ૨૬ મદ્રેસાઓ છે. તપાસ પર દેખરેખ રાખવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટની આગેવાની હેઠળ એક જિલ્લા સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે, જેમાં SSP અને SP જેવા વરિષ્ઠ પોલીસ અધિકારીઓનો સમાવેશ થાય છે. આ તારણો પરનો અહેવાલ એક મહિનાની અંદર રાજ્ય સત્તાવાળાઓને સુપરત કરવામાં આવે તેવી શક્યતા છે. એવું નોંધાયું છે કે મોટાભાગના બિનનોંધાયેલ મદ્રેસા ઉધમ સિંહ નગર, દહેરાદૂન, હરિદ્વાર અને નૈનિતાલમાં છે, પરંતુ અન્ય જિલ્લાઓમાં પણ તપાસ ચાલી રહી છે. ધામીએ અગાઉ કહ્યું હતું કે, અમે રાજ્યમાં કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિને મંજૂરી આપીશું નહીં.ગેરકાયદેસર મદરેસાઓ અને તેમને ચલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લા અને પોલીસ ટીમો સંપૂર્ણ તપાસ કરશે. TOIના અહેવાલ મુજબ, ઉત્તરાખંડ મદ્રેસા શિક્ષણ બોર્ડના વડા મુફતી શમૂન કાઝમીએ જણાવ્યું હતું કે, અમે લાંબા સમયથી નોંધણી ન કરાવેલી મદરેસાઓને પોતાનું રજિસ્ટ્રેશન કરાવવા માટે વિનંતી કરી રહ્યા છીએ. આ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ આ પાલન પર આધાર રાખે છે. તેમણે કહ્યું કે, સરકાર પારદર્શક રીતે કામ કરી રહી છે અને મદ્રેસા સંચાલકોને નિયમોનું પાલન કરવા વિનંતી કરી છે.

# JEE મેઈન એડમિટ કાર્ડ ૨૦૨૫ : NTA હોલ ટિકિટ ક્યારે બહાર પાડશે ? જાણો તારીખ

(એજન્સી) તા.૧૬

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) ટૂંક સમયમાં સત્ર ૧ માટે JEE મુખ્ય પ્રવેશ કાર્ડ બહાર પાડશે. જ્યારે જાહેર કરવામાં આવશે, ત્યારે સંયુક્ત પ્રવેશ પરીક્ષા (મુખ્ય) ૨૦૨૫ સત્ર ૧માં બેસવા માંગતા તમામ ઉમેદવારો NTA JEEની સત્તાવાર વેબસાઈટ jeemain.nta.nic.in પરથી તેને ડાઉનલોડ કરી શકશે. NTAએ બધી પરીક્ષા તારીખો માટે પરીક્ષા શહેર સ્લિપ બહાર પાડી છે અને તે સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ છે. JEE મુખ્ય પરીક્ષાનું પ્રવેશપત્ર પરીક્ષાના ત્રણ દિવસ પહેલા જાહેર થવાની ધારણા છે. એજન્સી દેશના વિવિધ શહેરોમાં અને ભારતની બહારના ૧૫ શહેરોમાં સ્થિત વિવિધ કેન્દ્રો પર JEE મેન્સ પરીક્ષાનું આયોજન કરશે. પેપર-૧ની પરીક્ષા ૨૨, ૨૩, ૨૪, ૨૮ અને ૨૯ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અને પેપર ૨ની પરીક્ષા ૩૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ લેવામાં આવશે. પેપર-૧ની પરીક્ષા બે શિફ્ટમાં લેવામાં આવશે-પહેલી શિફ્ટ સવારે ૯થી બપોરે ૧૨ વાગ્યા સુધી અને બીજી શિફ્ટ બપોરે ૩થી સાંજે ૬ વાગ્યા સુધી અને પેપર-૨ની પરીક્ષા બીજી શિફ્ટમાં બપોરે ૩થી સાંજે ૬:૩૦ વાગ્યા સુધી લેવામાં આવશે. JEE મુખ્ય પરીક્ષાના ઉમેદવારોએ પરીક્ષા આપવા માટે JEE મુખ્ય ૨૦૨૫ માટે પ્રવેશપત્ર સાથે રાખવું આવશ્યક છે. JEE મેઈન એડમિટ કાર્ડ ૨૦૨૫ સત્ર ૧માં શિફ્ટ સમય, પરીક્ષા કેન્દ્રનું સરનામું અને પરીક્ષા દિવસની માર્ગદર્શિકા જેવી મહત્વપૂર્ણ વિગતો હશે.

**પરીક્ષા પેટર્ન શું છે ? :** JEE મુખ્ય પરીક્ષા ૨૦૨૫ની સુધારેલી પેટર્ન જણાવે છે કે વિભાગ Bમાં દરેક વિષય માટે ફક્ત ૫ પ્રશ્નો હશે અને ઉમેદવારોએ બધા ૫ પ્રશ્નોનો પ્રયાસ કરવાનો રહેશે. JEE મેઈન ૨૦૨૫ પરીક્ષામાં પેપર ૧ (BE/B.Tech), પેપર ૨A (B.Arch) અને પેપર ૨B (B.Planning) માટે પસંદગીનો કોઈ વિકલ્પ રહેશે નહીં. JEE મેન્સ ૨૦૨૫ના પ્રશ્નપત્રમાં ૯૦ પ્રશ્નો હશે એટલે કે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત વિષયોમાંથી ૩૦-૩૦ પ્રશ્નો પૂછવામાં આવશે.

# 'અભિનંદન' : ISROએ ૨ SpaDex ઉપગ્રહોને અવકાશમાં સફળતાપૂર્વક મોકલ્યા, ભારત એલિટ રાષ્ટ્રોની યાદીમાં જોડાયું

(એજન્સી) તા.૧૬

ભારતે અવકાશમાં નવો રેકોર્ડ બનાવ્યો છે. ISROના SpaDeX મિશને ઐતિહાસિક ડૉકિંગ સફળતા હાંસલ કરી છે. ઈસરોએ પ્રથમ વખત પૃથ્વીની ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક બે ઉપગ્રહો મૂક્યા. આ સાથે ભારત આ સિદ્ધિ મેળવનાર અમેરિકા, રશિયા અને ચીન પછી ચોથો દેશ બની ગયો છે. ભારત માટે આ ખરેખર ગર્વની ક્ષણ છે. પીએમ મોદીએ આ ઐતિહાસિક સિદ્ધિ માટે ઈસરોને અભિનંદન પાઠવ્યા છે. સાથે જ ઈસરોએ પણ આ ઐતિહાસિક સિદ્ધિ માટે તેની સમગ્ર ટીમને અભિનંદન પાઠવતા કહ્યું કે SpaDeX મિશનની ડૉકિંગ પ્રોસેસ સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. આ એક ઐતિહાસિક ક્ષણ છે. હોલ્ડ પોઈન્ટને ૧૫ મીટરથી ૩ મીટર સુધી લાવવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. ભારત અવકાશમાં સફળ ડૉકિંગ હાંસલ કરનાર ચોથો દેશ બન્યો. ૧૨ જાન્યુઆરી, રવિવારના રોજ બંને SpaDeX ઉપગ્રહો, ચેઝર અને ટાર્ગેટ, એકબીજાની ખૂબ નજીક આવ્યા હતા. બંને ઉપગ્રહોને પહેલા ૧૫ મીટર અને પછી ૩ મીટર નજીક લાવવામાં આવ્યા હતા. આના એક દિવસ પહેલા એટલે કે શનિવારે સ્પેસ ડૉકિંગ એક્સપેરિમેન્ટ (SpaDeX) મિશનમાં સામેલ બે ઉપગ્રહો વચ્ચેનું અંતર ૨૩૦ મીટર હતું. અગાઉ આ મિશન પણ બેથી ત્રણ વખત સ્થગિત કરવામાં આવ્યું હતું. અવકાશ ડૉકિંગ પ્રોસેસ મિશનનો ઉદ્દેશ અવકાશમાં ડૉકિંગ ટેક્નોલોજીનું પ્રદર્શન કરવાનો છે, જે ભારતના ભાવિ અવકાશ પ્રયાસો માટે મહત્ત્વપૂર્ણ છે. હવે આ મિશન સ્પેસ સ્ટેશન અને ચંદ્રયાન-૪ની સફળતા નક્કી કરશે. આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટરમાંથી ૩૦ ડિસેમ્બરે ISROyu PSLV-C60 રોકેટની મદદથી આ મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું. ભારતનું પ્રથમ મિશન જેને ડૉકિંગની જરૂર પડશે તે ચંદ્રયાન-૪ હોઈ શકે છે. આ મિશન ચંદ્રમાંથી પૃથ્વી પર સેમ્પલ લાવશે. આ મિશનનું રીએન્ટ્રી મોડ્યુલ પૃથ્વીના વાતાવરણમાં ગરમીનો સામનો કરવા માટે તૈયાર કરવામાં આવશે. ચંદ્રમાંથી નમૂનાઓ વહન કરતું ટ્રાન્સફર મોડ્યુલ પૃથ્વીના વાતાવરણમાં રીએન્ટ્રી મોડ્યુલ સાથે ડૉક કરશે.

# બાંગ્લાદેશના બંધારણમાંથી “બિનસાંપ્રદાયિકતા” અને “સમાજવાદ” શબ્દો દૂર કરવા બંધારણ સુધારણા પંચની દરખાસ્ત

**ન્યુઝ પોઈન્ટ**

**બંધારણમાં છેડછાડ વખોડવા લાયક છે. દેશની આઝાદી બાદ દુરંદેશી ધરાવનારાઓએ બંધારણ ઘડ્યું પરંતુ આજકાલના નબીરાઓ રમત સમજી બેઠા છે. બુદ્ધિ નષ્ટ થાય ત્યારે બિનસાંપ્રદાયિક દેશને સાંપ્રદાયિક બનાવી દેવાના આવા અભરખા જાગતા હોય છે.**



(એજન્સી) ઢાકા, તા.૧૬

બાંગ્લાદેશ બંધારણ સુધારા પંચે વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસને પોતાનો અહેવાલ સુપ્રત કરી દીધો છે જેમાં દેશના બંધારણમાંથી બિનસાંપ્રદાયિકતા, સમાજવાદ અને રાષ્ટ્રવાદના દેશના પાયાના સિદ્ધાંતોના શબ્દો દૂર કરવા માટેની ભલામણ કરી છે એટલું જ નહીં બે ગૃહોની સંસદની રચના કરવા અને વડાપ્રધાનના હોદ્દા માટે બે ટર્મની મુદત નક્કી કરવાનું પણ સૂચવ્યું છે. વડાપ્રધાન પદેથી શેખ હસીનાની હકાલપટ્ટી કરાયા બાદ યુનુસ સુધારા પંચ એવું માને છે કે છેલ્લા ૧૬ વર્ષથી બાંગ્લાદેશનની પ્રજાને આપ ખુદશાહી તાનાશાહ સત્તા તંત્રનો સામનો કરવો પડ્યો છે તેના મુખ્ય કારણ પૈકીનું એક કારણ એ છે કે સંસ્થાગત સત્તા માળખાનું સંતુલન ગાયબ હતું અને વડાપ્રધાનના દફતરમાં જ તમામ સત્તાનું કેન્દ્રીકરણ થયું હતું. એ માટે વડાપ્રધાન પદના કાર્યકાળ માટે બે ટર્મની મુદત જ નક્કી કરવાનું સૂચવાયું છે. એ મુજબ દેશના સત્તા માાળખાની ત્રણ મુખ્ય શાખાઓની વખતો વખત ચકાસણી કરવા માટે અને સંતુલન જાળવવા માટે તથા બે વહીવટી હોદ્દાઓ વડાપ્રધાન અને રાષ્ટ્રપ્રમુખ વચ્ચે સમતુલા જાળવવા અને વખતો વખત ચકાસણી કરતા રહેવા માટે રાષ્ટ્રીય બંધારણીય પરિષદ એ નામની બંધારણીય સંસ્થા ઊભી કરવાનું પણ સૂચવાયું છે. આ સૂચિત કાઉન્સિલમાં રાષ્ટ્રપતિ, મુખ્ય ન્યાયમૂર્તિ, વડાપ્રધાન અને સંસદના બંને ગૃહના ચૂંટાયેલા વિરોધ પક્ષોના નેતાઓ, બંને ગૃહોના સ્પીકર અને વિપક્ષમાંથી ચૂંટાયેલા ડેપ્યુટી સ્પીકરો અને અન્ય પક્ષોના પ્રતિનિધિઓને સામેલ કરવામાં આવશે. પંચ

## બંધારણ સુધારા પંચે દેશમાં સંસદના બે ગૃહો એટલે કે બે સદનની રચના કરવા અને વડાપ્રધાનના હોદ્દા માટે બે ટર્મની મુદત નિશ્ચિત કરવા પણ ભલામણ કરી

વહીવટી તંત્ર દ્વારા બંધારણ સુધારા પંચની રચના કરવામાં આવી હતી. પંચે તેના અહેવાલમાં બે ગૃહની સંસદની રચના કરવા માટે પણ ભલામણ કરી છે અને વડાપ્રધાનના હોદ્દા માટે બે ટર્મની મર્યાદા નક્કી કરવાનું પણ સૂચવ્યું છે. જે ત્રણ આદર્શો અને સિદ્ધાંતો બંધારણના મુખ્ય ચાર મૂળભૂત પાયાના સિદ્ધાંતો તરીકે સામેલ કરવામાં આવ્યા હતા. તેમાંથી ત્રણ બિનસાંપ્રદાયિકતા, સમાજવાદ અને રાષ્ટ્રવાદના સિદ્ધાંતોને દૂર કરવા માટે સુધારા પણ છે ભલામણ કરી છે અને નવી દરખાસ્ત મુજબ એક જ શબ્દ લોકશાહી જ બંધારણમાં રાખવાનું સૂચવ્યું છે અને બીજા ત્રણ સૈદ્ધાંતિક શબ્દો દૂર કરી દેવાનું સૂચવ્યું છે. સુધારા પંચના ચેરમેન અલી રિયાઝે એક વિડીયો નિવેદનમાં ચલાવ્યું હતું કે અમે દેશ માટે પાંચ નવા સિદ્ધાંતો સૂચવી રહ્યા છીએ જે આ પ્રમાણે છે; સમાનતા, માનવ ગરિમા, સામાજિક ન્યાય, લોકશાહી અને બહુમતવાદ.. ૧૯૭૧ના દેશની આઝાદીના મુક્તિ જંગના મહાન આદર્શોનું પ્રતિબિંબ પાડતા આ પાંચ આદર્શો અને સિદ્ધાંતો સામેલ કરવામાં આવી રહ્યા છે અને ૨૦૨૪ના જન જુવાડ દરમિયાન પ્રજાએ જે અપેક્ષા રાખી છે તે પરિપૂર્ણ કરવા માટે આ નવા પાંચ સિદ્ધાંતો બંધારણમાં સામેલ કરવાનું સૂચવ્યું છે. સુધારા પંચે બંધારણના અમુકમાં નવા ચાર સિદ્ધાંતોની સાથે લોકશાહી શબ્દ યથાવત રાખવાનું સૂચવ્યું છે. વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસને અહેવાલ સુપરત કરવામાં આવ્યો છે. મુખ્ય સલાહકારના કાર્યાલયના નિવેદનમાં અલી રિયાઝ ન એવું કહેતા સંસદના બે ગૃહો રચવા માટેની પણ ભલામણ કરી છે જેમાં સંસદના નીચલા ગૃહને નેશનલ એસેમ્બલી અને ઉપલા ગ્રહને સેનેટ નામ આપવામાં આવશે. નેશનલ એસેમ્બલીમાં ૧૦૦ સભ્યો રહેશે અને અપરહાઉસ એટલે કે સેનેટમાં ૪૦૦ સભ્યો રહેશે. અહેવાલમાં સૂચવ્યું છે કે સંસદના બંને ગૃહોની મુદત વર્તમાન પાંચ વર્ષને બદલે ચાર ચાર વર્ષની રહેશે. બહુમતીના પ્રતિનિધિત્વને આધારે નીચલા ગૃહ એટલે કે નેશનલ એસેમ્બલી રચના થશે જ્યારે ઉપલા ગૃહ પ્રમાણસર એટલે કે પ્રમાણ મુજબનું પ્રતિનિધિત્વ રહેશે. બંધારણ માને છે કે આવી બંધારણીય સંસ્થા હોવાથી નિમણૂકોની પ્રક્રિયામાં અને સત્તા તંત્રમાં પણ જવાબદારીની ભાવના નિષેદ કરી શકાશે અને પારદર્શકતા પણ જાળવી શકાશે. અલી રિયાઝ જણાવે છે કે બંધારણમાં સુધારો કરવો હોય તો જનમત મેળવવાની પદ્ધતિ ફરીથી દાખલ કરવાનું સૂચવવામાં આવ્યું છે. અત્યારે તો જે સિસ્ટમ છે એ મુજબ સંસદ પોતે જ બે તૃતિયાંશ બહુમતી હોય તો કોઈપણ કાયદા સુધારી શકે છે. હવે જનમત લઈને જ કાયદામાં સુધારા કરવાનું સૂચવાયું છે. બાંગ્લાદેશનું બંધારણ ૧૯૭૧માં રચાયું ત્યારથી અત્યાર સુધીમાં ૧૭ વખત તેમાં સુધારા કરવામાં આવ્યા છે. વિદ્યાર્થી ચળવળ હસીના સામે શરૂ થઈ તેની આગેવાની લેનાર પક્ષપાત વિરોધી વિદ્યાર્થી મોરચાના નેતાઓએ ૧૯૭૧માં રચાયેલું દેશનું બંધારણ મુજીબના પરિપત્ર સમાન ગણાયું છે અને ૧૯૭૨નું સુધારેલું મુજીબનું બંધારણ રદ કરી દેવાની વિદ્યાર્થીઓએ લાંબા સમયથી માંગણી કરી છે. બેગમ ખાલીદા ઝિયાની પાર્ટી નેશનલ પાર્ટી દ્વારા પણ બંધારણમાં સુધારો કરવાની માગણી કરવામાં આવી છે.

# ચોલા શાસનકાળ દરમિયાન બૌદ્ધ ધર્મનો વિકાસ થયો અને ફૂલ્યો ફાલ્યો એ નાગપટ્ટીનમ ખાતે તામિલનાડુ સરકાર બૌદ્ધ મ્યુઝિયમનું નિર્માણ કરશે જે રાજ્યનું પ્રથમ હશે

**નાગપટ્ટીનમ વિસ્તારમાં ખોદકામ દરમિયાન મળી આવેલી કાંસાની ૩૫૦ જેટલી બુદ્ધ પ્રતિમાઓ અત્યારે દેશના અલગ-અલગ મ્યુઝિયમમાં અને વિદેશમાં મોકલવામાં આવી છે એ તમામ પાછી લાવીને મ્યુઝિયમમાં રાખવાનો રાજ્ય સરકારનો વિચાર છે પણ કેટલીક પ્રતિમાઓનું કોઈ પગેરૂં નથી અને મળતી નથી**

(એજન્સી) ચેન્નાઈ, તા.૧૬

મહાન ચોલા સામ્રાજ્ય દરમિયાન બૌદ્ધ ધર્મનો જ્યાં ખૂબ જ વિકાસ થયો અને ફૂલતો ફાલતો રહ્યો હતો એવા નાગપટ્ટીનમ ખાતે તામિલનાડુ સરકાર પ્રથમ બૌદ્ધ મ્યુઝિયમનું નિર્માણ કરવા માંગે છે. જેમાં તામિલનાડુ રાજ્યની બૌદ્ધ ધર્મ સાથેની ઐતિહાસિક કડી અને સંબંધોને ઉજાગર કરતી બુદ્ધ પ્રતિમાઓ અને કલાકૃતિઓ આ મ્યુઝીયમને સમર્પિત કરવામાં આવશે. વિધાનસભાના આગામી બજેટ સત્રમાં રાજ્ય સરકાર મ્યુઝિયમ નિર્માણની યોજના સત્તાવાર જાહેર કરે તેવી શક્યતા છે. બજેટ સત્ર ફેબ્રુઆરી કે માર્ચમાં યોજાશે જેની તારીખો હજુ નક્કી થઈ નથી. એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે વર્ષો સુધી થયેલા બાંધકામ દરમિયાન નાગપટ્ટીનમ ખાતે ખોદકામ દરમિયાન મળી આવેલી બુદ્ધ પ્રતિમાઓ પરત મેળવવાની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે. નવમીથી ૧૩ મી સદી સુધીના મહાન ચોલા સામ્રાજ્ય દરમિયાન બૌદ્ધ ધર્મની આ પ્રદેશની ભવ્ય અને સમૃદ્ધ હકીકતો અને ઈતિહાસને મ્યુઝિયમ થકી ઉજાગર કરવામાં આવશે. અધિકારીએ જણાવ્યું હતું કે અત્યારે આવી ૩૦ બુદ્ધ પ્રતિમાઓ ચેન્નાઈના મ્યુઝિયમમાં સાચવેલી છે અને દેશમાં અન્ય મ્યુઝિયમમાં પણ આ પ્રતિમાઓ મૂકવામાં આવી છે એ બધી પાછી મેળવીને નવા મ્યુઝીયમમાં મૂકવામાં આવનાર છે. કેટલી બુધ્ધ પ્રતિમાઓ પ્રાપ્ય છે અને ક્યાં ક્યાં આપવામાં આવી છે એ તમામની તપાસ કરીને કાર્યવાહી કરવામાં આવી રહી છે. પુરાતત્વવિદો અને ઈતિહાસકારોનું અંદાજ છે કે ખોદકામ દરમિયાન નાગપટ્ટીનમની ભૂમિમાંથી ૩૫૦ જેટલી બુદ્ધ પ્રતિમાઓ જે કાંસાની હતી તે મળી આવી હતી. ચોલા વંશના સામ્રાજ્ય સમયે આ વિસ્તાર બૌદ્ધ ધર્મનો મુખ્ય કેન્દ્ર હતું. કાંસાની આવી કેટલીક બુદ્ધ પ્રતિમાઓ લખનૌ, કોલકાતા તથા મુંબઈના મ્યુઝિયમમાં છે તો કેટલીક આવી પ્રતિમાઓ બ્રિટનના તથા જર્મનીના મ્યુઝિયમમાં આપવામાં આવી છે. રાજ્ય સરકારના સૂત્રો જણાવે છે કે અગાઉ કાંચીપુરમ ખાતે મ્યુઝિયમ બનાવવાની યોજના હતી પણ ઈતિહાસકાર અને ધારાસભ્ય જે મોહમ્મદ શાહ નવાઝે સૂચવ્યા મુજબ અને એમના પ્રયાસોને કારણે બૌદ્ધ ધર્મના એ સમયના મુખ્ય કેન્દ્ર જેવા નાગપટ્ટીનમ ખાતે જ મ્યુઝિયમ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને આ શહેર જ તામિલનાડુના ઈતિહાસનું સીમાચીન હું બની રહેશે કેમ કે અહીં સમૃદ્ધ વારસો અને તેનો ઈતિહાસ મોજુદ છે. વિદેશના બૌદ્ધ ધર્મ પણ અહીં આવે છે. એક સમયે આ કાઠળ શહેરમાં બૌદ્ધ ધર્મનો ખૂબ જ વિકાસ થયો હતો અને તેની પરંપરા મુજબ અહીં બૌદ્ધ ધર્મનું પાલન કરવામાં આવતું હતું. હવે જે પ્રતિમાઓ અહીંથી



નીકળી હતી એ તમામ મ્યુઝિયમમાંથી અને વિદેશથી પણ પાછી લાવવાનો પ્રયાસો ચાલુ છે અને બધી પાછી આવી જાય તો ખૂબ મોટું કામ થશે. ૧૬મી સદી પહેલાં સુધી એટલે કે ૯થી ૧૩મી સદી સુધી આ વિસ્તાર બૌદ્ધ ધર્મનું મુખ્ય કેન્દ્ર હતું અને ૧૬મી સદીથી તેનું પતન શરૂ થયું હતું અને છેવટે બૌદ્ધ ધર્મ અહીંથી અદશ્ય થઈ ગયો હતો. સૌપ્રથમ ૨૦૨૨માં ધારાસભ્ય શાહ નવાઝે આ પ્રકારનું મ્યુઝિયમ બનાવવા માટે માંગણી કરી હતી ત્યારથી આ માટેની હિલચાલ શરૂ થઈ હતી. તેમણે એક વખતે વિધાનસભામાં પણ કહ્યું હતું કે આ શહેર દરિયાકાંઠાનું તો છે જ અને સાંસ્કૃતિક શહેર છે જ્યાં એક જમાનામાં બૌદ્ધ ધર્મ ખૂબ જ ફુલ્યોફાલ્યો હતો. અહીંથી સાડા ત્રણસો કાંસાની બૌદ્ધ પ્રતિમાઓ નીકળી હતી એ તમામ ક્યાં છે. આપણને ખબર નથી પણ એ અહીં પાછી લાવીને અહીં મ્યુઝિયમ ઊભું કરવું જોઈએ. એમની વિનંતી પછી ભારતીય પુરાતત્વ વિભાગ દ્વારા સર્વે કરવા માટે ત્રણ સભ્યોની સમિતિ રચવામાં આવી હતી અને તેનો અહેવાલ જિલ્લા કલેકટરને આપવામાં આવ્યો હતો જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે નાગપટ્ટીનમ શહેરમાં બૌદ્ધ ધર્મના અને ઐતિહાસિક અને પુરાતત્વીય સ્થાનો મોજુદ છે અને તેના પુરાવા મળી આવ્યા છે અને હાલની ડિસ્ટ્રીકટ કોર્ટ પણ બૌદ્ધ ધર્મની જ એ સમયની ઈમારતનો ભાગ છે. હકીકતે આ કોર્ટ બિલ્ડીંગ બૌદ્ધ ધર્મના ચૈત્ય વિહાર જેવી છે. અહીં ૧૧મી સદીની બૌદ્ધ ધર્મની ધાર્મિક જગ્યા એટલે કે તીર્થ સુદામણી વિહાર પણ મોજુદ છે જે આ શહેરનું ઐતિહાસિક મહત્વ પ્રસ્થાપિત કરે છે. આ મ્યુઝિયમ બનવાથી ધાર્મિક સાંસ્કૃતિક પ્રવાસનને પણ વેગ મળશે અને આ શહેરના સમૃદ્ધ બૌદ્ધ અને ઐતિહાસિક વારસાથી લોકો વાકેફ થશે એવું અહેવાલ જણાવે છે.

# પૂર્વ સૌંદર્ય સ્પર્ધા વિજેતા તસ્કીન ખાને UPSC માટે મિસ ઈન્ડિયા બનવાનું સ્વપ્ન છોડી દીધું, હાલ રેલવે મંત્રાલયમાં IRAS અધિકારી તરીકે કાર્યરત છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

પૂર્વ મિસ ઉત્તરાખંડ તસ્કીન ખાન શરૂઆતમાં મિસ ઈન્ડિયા બનવાની ઈચ્છા રાખતી હતી, જો કે, તેણીએ પ્રતિષ્ઠિત UPSC સિવિલ સર્વિસ પરીક્ષા પાસ કરીને ૭૩૬નો અખિલ ભારતીય રેન્ક મેળવીને એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી. દેહરાદૂનની રહેવાસી, તસ્કીને ૨૦૧૬-૨૦૧૭માં ઓળખ મળી જ્યારે તેણીએ મિસ દેહરાદૂન અને મિસ ઉત્તરાખંડ બંને ખિતાબ જીત્યા. તેના પિતાની નિવૃત્તિ પછી તેની યાત્રામાં એક વળાંક આવ્યો, જેના કારણે તેણીએ UPSC પરીક્ષા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ત્રણ અસફળ પ્રયાસો સાથે નિષ્ફળતાઓનો સામનો કરવા છતાં, તેણીએ દ્રઢતાથી કામ કર્યું અને આખરે તેણીના ચોથા પ્રયાસમાં સફળ રહી. તસ્કીનની શૈક્ષણિક યાત્રા પડકારો વિના નહોતી. તેણીએ સ્વીકાર્યું કે તેણી આઠમા ધોરણ સુધી ગણિતમાં સંઘર્ષ કરતી હતી



પરંતુ તેણીએ વિજ્ઞાન પ્રવાહમાં ૯૦ ટકાથી વધુ ગુણ મેળવ્યા, તેણીએ ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષાઓમાં શ્રેષ્ઠ દેખાવ કરવામાં સફળ રહી. તેણીના શૈક્ષણિક કાર્યો ઉપરાંત, તેણી એક પ્રતિભાશાળી બાસ્કેટબોલ ખેલાડી અને રાષ્ટ્રીય સ્તરની ડિબેટર હતી. તેણીનું શિક્ષણ પૂર્ણ કર્યા પછી, તસ્કીન શરૂઆતમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (NIT)માં પ્રવેશ માટે લાયક બની હતી પરંતુ નાણાંકીય મુશ્કેલીઓને કારણે તે હાજર રહી શકી ન હતી. તેણીના દૃઢ નિશ્ચયને કારણે તેણીએ એક ઈન્સ્ટાગ્રામ ફોલોવર, જે પોતે પણ IAS હતો, તેના દ્વારા પ્રેરિત થઈને UPSCની તૈયારી કરવાનું શરૂ કર્યું. તેણી હજ હાઉસમાં અભ્યાસ કરવા માટે મુંબઈ ગઈ અને પછી જામિયા મિલિયા ઈસ્લામિયામાંથી મફત કોચિંગ મેળવ્યું અને ૨૦૨૦માં દિલ્હી ગઈ. તેના પિતાના મર્યાદિત પેન્શનને કારણે ઘરે આર્થિક મુશ્કેલીઓ હોવા છતાં, તસ્કીન ખાનની મહેનત રંગ લાવી જ્યારે તેણીએ UPSC પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી.તે હવે રેલવે મંત્રાલયમાં ભારતીય રેલવે એકાઉન્ટ્સ સર્વિસ (IRAS) અધિકારી તરીકે સેવા આપે છે. તેણી ઈન્સ્ટાગ્રામ પર ૨૫.૭ K ફોલોવર્સ સાથે સોશિયલ મીડિયા પર પણ ખૂબ લોકપ્રિય છે.

# AAIએ નોકરીની ખાલી જગ્યાની જાહેરાત કરી, લેખિત પરીક્ષા નહીં, માસિક પગાર રૂા.૫૦,૦૦૦

(એજન્સી) તા.૧૬

આ પદ માટે અરજી કરનારા ઉમેદવારોની પસંદગી અરજી ચકાસણી અને ઈન્ટરવ્યુ તબક્કામાં તેમના પ્રદર્શનના આધારે કરવામાં આવશે. લાયક ઉમેદવારોને આ તબક્કાઓ માટે તારીખ, સમય અને સ્થાનની જાણ કરવામાં આવશે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI)એ જુનિયર કન્સલ્ટન્ટ (ક્લિનિકલ સાયકોલોજિસ્ટ)ની જગ્યા માટે ખાલી જગ્યાની જાહેરાત કરી છે. જરૂરી લાયકાત ધરાવતા રસ ધરાવતા ઉમેદવારો AAIની સત્તાવાર વેબસાઈટ : aai.aero દ્વારા અરજી કરી શકે છે. આ પદો માટે અરજી પ્રક્રિયા હવે ખુલ્લી છે. જુનિયર કન્સલ્ટન્ટ પદો માટે ભરતી AAI દ્વારા હાથ ધરવામાં આવશે. આ પદો માટે અરજી કરવાની અંતિમ તારીખ ૨ ફેબ્રુઆરી છે. અરજી કરતા પહેલા, ઉમેદવારોએ નીચે આપેલી માહિતીની કાળજીપૂર્વક સમીક્ષા કરવી. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા જુનિયર કન્સલ્ટન્ટ પદો માટે અરજી કરતા ઉમેદવારો પાસે મનોવિજ્ઞાનમાં અનુસ્નાતક ડિગ્રી હોવી આવશ્યક છે.

**વય મર્યાદા**

આ પદો માટે લાયક બનવા માટે ઉમેદવારોની ઉંમર મહત્તમ ૫૬ વર્ષની હોવી આવશ્યક છે.

**વેતન વિગતો**

પસંદ કરાયેલા ઉમેદવારોને માસિક રૂા.૫૦,૦૦૦ પગાર મળશે.

**અરજી પ્રક્રિયા**

આ પોસ્ટ માટે ઉમેદવારોની પસંદગી અરજી ચકાસણી અને ઈન્ટરવ્યુ તબક્કામાં તેમના પ્રદર્શનના આધારે કરવામાં આવશે. યોગ્ય ઉમેદવારોને



અરજી ચકાસણી/ઈન્ટરવ્યુ માટે તારીખ, સમય અને સ્થળ વિશે યોગ્ય સમયે જાણ કરવામાં આવશે. આ માહિતી એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની સત્તાવાર વેબસાઈટ : aai.aero પર પણ ઉપલબ્ધ રહેશે. એ નોંધવું જોઈએ કે અરજી ચકાસણી અથવા ઈન્ટરવ્યુમાં હાજરી આપવા માટે કોઈ મુસાફરી ભથ્થું (TA/DA) આપવામાં આવશે નહીં.

**AAI ભરતી ૨૦૨૫ સૂચના**

પાત્ર અને રસ ધરાવતા ઉમેદવારોએ hrrhqer@aai.aero પર ઈમેઈલ દ્વારા નિયત ફોર્મેટમાં અરજી ફોર્મ ભરવાનું રહેશે અને તેને તમામ જરૂરી દસ્તાવેજોની સ્વ-પ્રમાણિત નકલો સાથે સબમિટ કરવાનું રહેશે.

# રાહુલ ગાંધીના મતે મોહન ભાગવતની ૧૯૪૭માં સ્વતંત્રતાની ટિપ્પણી ‘રાજદ્રોહ’ શા માટે છે ?

**થોડા દિવસ પહેલાં આરએસએસના વડાએ કહ્યું હતું કે ભારતને ખરેખર ૧૯૪૭માં રાજકીય સ્વતંત્રતા મળી ન હતી અને ખરી સ્વતંત્રતા અયોધ્યામાં રામ મંદિરના પ્રતિષ્ઠા સમારોહ સાથે મળી હતી**

(એજન્સી) તા.૧૬

લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતનો એવો દાવો કે ભારતને ૧૯૪૭માં વાસ્તવિક સ્વતંત્રતા મળી ન હતી તેમની આ ટિપ્પણી રાજદ્રોહ છે અને આવું બેજવાબદાર નિવેદન આપનાર વ્યક્તિ પર અન્ય કોઈ દેશમાં કાર્યવાહી કરવામાં આવી હોત. નવા કોંગ્રેસ મુખ્યાલયના ઉદ્‌ઘાટન સમારોહમાં ગાંધીએ કહ્યું કે : મને લાગે છે કે RSSના વડા મોહન ભાગવતે કહ્યું કે ભારતને ૧૯૪૭માં સાચી સ્વતંત્રતા મળી ન હતી. તેમણે કહ્યું કે ભારતમાં સાચી સ્વતંત્રતા રામ મંદિરના નિર્માણ સાથે પ્રાપ્ત થઈ હતી. તેમણે કહ્યું કે બંધારણ આપણી સ્વતંત્રતાનું પ્રતીક નથી. મોહન ભાગવતમાં દર બે કે ત્રણ દિવસે રાષ્ટ્રને જણાવે છે કે તેઓ સ્વતંત્રતા ચળવળ વિશે શું વિચારે છે, બંધારણ વિશે શું વિચારે છે. હકીકતમાં, તેમણે જે કહ્યું છે તે રાજદ્રોહ છે. કારણ કે તે બંધારણને અમાન્ય ગણાવી રહ્યા છે, તે કહી રહ્યું છે અને બ્રિટિશરો સામેની લડાઈ અમાન્ય કહે છે અને તેમની પાસે જાહેરમાં આવું કહેવાની હિંમત છે. અન્ય કોઈપણ દેશમાં, તેમની ધરપકડ કરવામાં આવે અને કેસ ચલાવવામાં આવ્યો હોત. તે એક હકીકત છે. ભારતને ૧૯૪૭માં સ્વતંત્રતા મળી ન હતી તે કહેવું એ દરેક ભારતીય વ્યક્તિનું અપમાન છે. અને હવે સમય આવી ગયો છે કે આપણે આ બકવાસ સાંભળવાનું બંધ કરીએ. ભાગવતે થોડા દિવસો પહેલા જે કહ્યું હતું તે એ છે કે ભારતને ખરેખર ૧૯૪૭માં રાજકીય સ્વતંત્રતા મળી હતી અને અયોધ્યામાં રામ મંદિરના પ્રતિષ્ઠા સમારોહ સાથે વાસ્તવિક સ્વતંત્રતા મળી હતી. તેમણે કહ્યું હતું કે ભારતના આત્મસન્માનને મારવા માટે મંદિરોનો નાશ કરવામાં આવ્યો હતો અને તે રામ મંદિરના ‘પ્રાણ પ્રતિષ્ઠા’ સાથે પુનઃસ્થાપિત થયું હતું. અમુક મિનિસ્ટરોએ ઘણીવાર કહ્યું છે કે ભારતને ૨૦૧૪માં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા ત્યારે વાસ્તવિક સ્વતંત્રતા મળી હતી, ત્યારે ટીકાકારોએ આ દાવાને વાંધાજનક બકવાસ ગણાવ્યો હતો; આ સૂર ગાનાર નવીનતમ અભિનેત્રી કંગના રનૌત હતી જેની બૌદ્ધિક નાદારી કોઈથી છુપાયેલી નથી. પરંતુ આરએસએસના વડા સ્વતંત્રતાને ધર્મ સાથે જોડી રહ્યા છે, જે બિનજરૂરી પ્રવચનને સંપૂર્ણપણે નવો વળાંક આપી રહ્યા છે જેનો કોઈને ફાયદો નથી. કોઈ પણ દેશ પોતાના સ્વતંત્રતા સંગ્રામ અને ભાવિ પેઢીઓ માટે પોતાના જીવનનું બલિદાન આપનારા પૂર્વજોનો ઉપહાસ કરતો નથી. પરંતુ આ બનાવટી પ્રવચન, તે વાસ્તવિક સ્વતંત્રતા ૨૦૧૪માં પ્રાપ્ત થઈ હતી, તે હવે ધાર્મિક અતાર્કિકતા દ્વારા ઉત્પન્ન થતી લાગણીઓમાં ડૂબી ગઈ છે. એ દુઃખદ છે કે આરએસએસ-ભાજપ રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રવાદની ચર્ચા કરતી વખતે પણ, ઈસ્લામિક કટ્ટરપંથીઓ અને ફાશીવાદીઓની જેમ, કટ્ટરતા અને સાંપ્રદાયિકતાથી ઉપર ઉઠી શકતા નથી, ત્યારે આવી ચર્ચા સમાનતા અને બંધુત્વના બંધારણીય સિદ્ધાંતોમાં તેમની શ્રદ્ધાના અભાવનો નક્કર પુરાવો છે. આરએસએસ સ્પષ્ટપણે સમજી શકતું નથી કે રાષ્ટ્રવાદ ફક્ત ધાર્મિકતા વિશે નથી. ભારતીય રાષ્ટ્રવાદ અયોધ્યામાં મંદિર ન બને ત્યાં સુધી તેની સાચી વ્યાખ્યાની રાહ જોઈ રહ્યો હતો તે માન્યતા કરતાં વધુ હાસ્યાસ્પદ શું હોઈ શકે ? ભગવાન રામના જન્મસ્થળ પર મંદિર વિના ભારતીય રાષ્ટ્ર-રાજ્યની કલ્પના કરી શકાતી નથી તેવી ધારણા તેમના રાજકારણ અને રાષ્ટ્રવાદ તેમજ ધર્મ બંનેની નબળી સમજણને પ્રતિબિંબિત કરે છે ત્યારે એક સુસંગત પ્રશ્ન ઊભો થાય છે કે, જો ભારતે ૧૯૪૭માં સ્વતંત્રતા પ્રાપ્ત ન કરી હોત તો શું રામ મંદિરના નિર્માણ સાથે ભારતની સાર્વભૌમત્વની ઉજવણી શક્ય હતી ? આરએસએસની નજરમાં શું વધુ મહત્ત્વપૂર્ણ હતું ? વસાહતી શાસનનો અંત કે મંદિરનું નિર્માણ ? આ પ્રશ્નોના જવાબો નિર્ણાયક રીતે સાબિત કરશે કે RSS-BJPએ ભારતના સ્વતંત્રતા સંગ્રામને કેવી રીતે નબળો પાડ્યો અને રાષ્ટ્રના ભવિષ્ય માટે બધું બલિદાન આપનારા મહાન લોકોનું અપમાન કર્યું હતું. ધર્મ પર આધારિત રાષ્ટ્રવાદ ISIS અને બોકો હરામ દ્વારા બોલાતી ભાષા છે. RSSના વડાએ મુહમ્મદ અલી ઝીણાની કટ્ટરતાને યોગ્ય ઠેરવી રહ્યા છે જેમણે ધર્મના આધારે ભારતના વિભાજન પર ભાર મૂક્યો હતો. શું ભાગવત શીખ કટ્ટરપંથીઓ દ્વારા ખાલિસ્તાનની માંગ સૂચવવાનું વાજબી છે ? જો ધર્મ જ બધું છે, તો શું નાસ્તિકનો કોઈ રાષ્ટ્ર ન હોઈ શકે ? શું હિન્દુ ધર્મમાંથી બૌદ્ધ ધર્મ અપનાવનારા બી.આર. આંબેડકર ભારતીય ન હતા ? શું સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન જેલમાં વર્ષો વિતાવનારા જવાહરલાલ





નહેરૂનું આત્મસન્માન રામ મંદિર બનાવનારા મોદી કરતા ઓછું હતું ? શું ભાગવત માને છે કે જે લોકો હિન્દુ ધર્મમાં માનતા નથી, અથવા રામની પૂજા કરતા નથી, તેઓ સંપૂર્ણપણે ભારતીય નથી ? શું વી.ડી. સાવરકરે સૂચવ્યું હતું કે મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને અન્ય બિન-હિન્દુઓને હિન્દુસ્તાનમાં યોગ્ય સ્થાન ન મળી શકે તે સાચું છે ? એ સ્પષ્ટ છે કે આરએસએસ રાષ્ટ્રવાદને એવી રીતે ફરીથી રજૂ કરવાનો ઈરાદો ધરાવે છે જે બંધારણીય ભાવના સાથે સુસંગત નથી અને ભાગવત દ્વારા પ્રતિષ્ઠા દિવસને વાસ્તવિક સ્વતંત્રતા દિવસ તરીકે વર્ણવવામાં આવે છે તે તે ભયંકર યોજનાનો પુરાવો છે. આ પ્રતિષ્ઠા સમારોહ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ એક નિર્માણાધીન મંદિરમાં રાજકીય-ધાર્મિક વિવાદો વચ્ચે થયો હતો કારણ કે તે તારીખ સંસદીય ચૂંટણીને પ્રભાવિત કરવાના હેતુથી પસંદ કરવામાં આવી હતી, ત્યારે મોટા પ્રશ્નો બંધારણ બદલવાના છુપાયેલા એજન્ડાની આસપાસ ફરે છે. મોદી સરકારને બહુમતીથી ઓછી એટલે કે ૨૪૦ સીટો મળી જેનાથી ભાજપને બંધારણમાં વિશ્વાસ ફરીથી સ્થાપિત કરવાની ફરજ પડી. પરંતુ ભાગવતે હવે આ ચર્ચાને ફરીથી શરૂ કરી છે, જેનાથી બંધારણીય લોકશાહીને ધર્મશાહી રાજ્યમાં રૂપાંતરિત કરવા અંગે પ્રશ્નો ઉભા થયા છે. સ્વતંત્રતા દિવસની પવિત્રતાનું ઉલ્લંઘન કરવું ખરેખર એક ગુનો છે અને ગાંધીનું એવું કહેવામાં અયોગ્ય નથી કે ભાગવત પર અન્ય કોઈપણ દેશમાં કેસ ચલાવી શકાયો હોત. દરેક ભારતીય રાષ્ટ્રવાદી સ્વતંત્રતા સંગ્રામના વારસાનો અભિન્ન ભાગ હોવાનું અનુભવે છે. ભગતસિંહથી લઈને મહાત્મા ગાંધી સુધીના આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓ પ્રત્યે ગર્વની ભાવના વિના પોતાને નાગરિક તરીકે કલ્પના કરવી લગભગ અશક્ય છે. સ્વતંત્રતા પછીના પ્રથમ પાંચ-છ દાયકામાં ક્યારેય અયોધ્યામાં મંદિરની ગેરહાજરી અનુભવી ન હતી. આ સૂત્ર ગરીબી-હટાઓ હતું, મંદિર બનાવો નહીં. શું ભાગવતને એક પણ એવો કિસ્સો યાદ છે જ્યાં કોઈ દક્ષિણપંથી વિચારધારકે કોઈ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય મંચ પર કહ્યું હોય કે રામ જન્મસ્થળ પર મંદિર ન હોવાથી ભારતનું રાષ્ટ્રત્વ અધૂરૂં છે ? તેમનો ધ્યેય જાતિ, સમુદાય, ભાષાકીય અને પ્રાદેશિક ઓળખથી ઉપર ઊતરીને દરેકને ભારતીય બનાવવાનો હતો. અત્યારે પણ, મોદી કહે છે કે ભારત-પ્રથમ છે, હિન્દુ-પ્રથમ નહીં. ભાગવત દ્વારા ભારતીય ઓળખને વિકૃત કરવાના આ પ્રયાસ પર રાહુલ ગાંધીનો આક્રોશ સંપૂર્ણપણે વાજબી છે. ભાજપ, ભારતની સ્વતંત્રતા અંગે RSS વડાના અવલોકન પર પોતાનું સ્થાન સ્પષ્ટ કરવાને બદલે, રાહુલના દાવા પર ટીકા કરી રહ્યો છે કે વિપક્ષી પક્ષો ભારતીય રાજ્ય સામે લડી રહ્યા છે, રાજકીય પક્ષ સામે નહીં. તે વિચિત્ર છે કે ભાજપ આજે જાગી ગયો છે કારણ કે ગાંધી ૨૦૧૯થી આ કહી રહ્યા છે કે મોદી સરકારે બધી મુખ્ય લોકશાહી સંસ્થાઓ પર કબજો કરી લીધો છે અને હવે રાજકીય સ્પર્ધા માટે કોઈ સ્થાન નથી.

ગાંધીએ કહ્યું છે કે વિપક્ષી પક્ષોએ ભારતીય રાજ્યની શક્તિ સામે લડવું પડશે, પોલીસ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (□□), સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI), નોકરશાહી, ન્યાયતંત્ર, ચૂંટણી પંચ (□□) અને મીડિયાના સંયુક્ત આક્રમણ સામે લડવું પડશે. કોંગ્રેસ નેતાને રાષ્ટ્રવિરોધી તરીકે રજૂ કરવા માટે ભાજપ ભારતીય રાષ્ટ્ર અને ભારતીય રાજ્ય વચ્ચેનો તફાવત ભૂલી ગયો છે. ઈન્દિરા ગાંધીએ કટોકટી લાદી ત્યારે સરકારી તંત્રની શક્તિ સામે લડતી વખતે શું ભાજપ રાષ્ટ્રવિરોધી હતો ? રાજ્યસત્તા સામે લડવું એ લોકોનો અધિકાર છે અને તેનો રાષ્ટ્ર સાથે કોઈ સંબંધ નથી. પરંતુ સ્વતંત્રતા સંગ્રામ અને રાષ્ટ્રીય સ્વતંત્રતાનું અપમાન કરવું એ ચોક્કસ અયોગ્ય છે.

**(સંજય કે. ઝા રાજકીય વિવેચક છે.)** **(સૌ.: ધ વાયર.ઈન)**

# મહિલાએ IITમાં અભ્યાસ કર્યો, હાર્વર્ડમાંથી MBA કર્યું અને પોતાના સ્વપ્નને સાકાર કરવા માટે ઉચ્ચ પગારવાળી નોકરી છોડી દીધી; તેનો વ્યવસાય...

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

મહિલાઓ પુરૂષોથી ઓછી નથી અને તેઓ ભારતમાં સ્પર્ધાના દરેક ક્ષેત્રમાં ખભાથી ખભા મિલાવીને ઉભી છે. ઘણી મહિલા ઉદ્યોગસાહસિકો છે જેમણે પોતપોતાના ક્ષેત્રમાં સફળતા મેળવી છે, અને આવી જ એક પ્રતિભા આહાના ગૌતમ છે. આહાના ગૌતમ ભારતમાં એક સ્વસ્થ નાસ્તા બ્રાન્ડ, ઓપન સિક્રેટની સ્થાપક છે. તેણીએ IIT બોમ્બેમાંથી કેમિકલ એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી અને યુનાઈટેડ સ્ટેટ્સમાં હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાંથી MBA કર્યું (૨૦૧૪-૨૦૧૬). તેણીએ પ્રોક્ટર એન્ડ ગેમ્બલ અને જનરલ મિલ્સમાં કામ કર્યું હતું પરંતુ ભારત પરત ફરવા અને પોતાના સ્વપ્નોને સાકાર કરવા માટે તેણીની ઉચ્ચ



પગારવાળી નોકરીઓ છોડી દીધી. તેણીની માતા પાસેથી નાણાંકીય સહાય મેળવ્યા પછી, આહાનાએ ૨૦૧૯માં ઓપન સિક્રેટની સ્થાપના કરી. તેણીને યુનાઈટેડ સ્ટેટ્સમાં હોલ ફૂડ્સ પાસેથી તેના સ્વાસ્થ્ય ખોરાક વ્યવસાયનો વિચાર આવ્યો, જ્યાં તેણીને નાસ્તા ઉદ્યોગમાં રસ પડ્યો. તેણીનું વિચાર ગ્રાહકોને સ્વસ્થ નાસ્તાના વિકલ્પો પૂરા પાડીને શુદ્ધ ખાંડ અને કૃત્રિમ રંગોનો વિકલ્પ આપવાનું હતું. તેના સાહસે ૨૦૨૩ સુધીમાં સફળતાપૂર્વક ૧૨૦ કરોડ રૂપિયાની આવક મેળવી, જે આહાનાના જુસ્સા, સખત મહેનત અને સમર્પણને પ્રતિબિંબિત કરે છે. સફળતાનો માર્ગ સરળ ન હોવા છતાં, તેણીએ દ્રઢતા અને યોગ્ય વ્યૂહરચનાથી પડકારોનો સામનો કર્યો. આહાના તેની સફળતાનો શ્રેય તેની માતાને આપે છે. તેણીએ કહ્યું, આજે હું જે કંઈ છું તે મારી માતાને કારણે છે. તેણીએ ઉલ્લેખ કર્યો કે, તેની માતાએ તેણીને શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની અને હંમેશા આર્થિક રીતે સ્વતંત્ર રહેવાનો પ્રયાસ કરવાની સલાહ આપી હતી.

જો ધારાસભ્ય પોતે કરેલા કામોનો જશ લેતા હોય તો વિસ્તારની દુર્દશાનો અપજશ પણ લેવો જોઈએ : કોર્ટ

# ધારાસભ્યની ગ્રાન્ટના કામોમાં કોંગ્રેસ MLAના નામ-ફોટા બોર્ડમાંથી દૂર કરાતા મામલો હાઈકોર્ટમાં

## મામલો પોતાના હસ્તક્ષેપનો ન હોવાની હાઈકોર્ટની ટકોર : વધુ સુનાવણી સોમવારે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૧૬

જો ધારાસભ્યો તેમના દ્વારા થતાં કામોનો જશ લેતાં હોય તો તેમના વિસ્તારોની દુર્દશાનો અપજશ પણ લેવો જોઈએ એવી ટકોર હાઈકોર્ટ દ્વારા ગીર સોમનાથના કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાની અરજીમાં કરાઈ હતી. વિમલ ચુડાસમાની ગ્રાન્ટમાંથી થયેલા જાહેર કામના બોર્ડમાંથી તેમના નામ અને ફોટા દૂર કરી દેવાતા તેમણે હાઈકોર્ટમાં અરજી કરી હતી અને આવો નિર્ણય લઈ જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડનારા સરકારી અધિકારી વિરૂદ્ધ ફરિયાદ નોંધવાની દાદ માંગી હતી. જો કે આ મામલો પ્રથમદર્શીય રીતે હાઈકોર્ટના હસ્તક્ષેપનો ન બનતો હોવાની કોર્ટે ટકોર કરી હતી અને અરજદારને ખાનગી ફરિયાદ કરવાનું સૂચન કર્યું હતું. ત્યારબાદ આ કેસની વધુ સુનાવણી સોમવારે રાખવામાં આવી છે. આ કેસમાં અરજદાર ધારાસભ્ય વિમલ ચુડાસમાએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં એવી માગ કરી હતી કે સરકારી પરિપત્રનો ભંગ કરવા બદલ અને તેનો યોગ્ય રીતે અમલ નહીં કરવા મામલે સરકારી અધિકારી સમક્ષ ફરિયાદ કરવા દેવામાં આવે. તેમના તરફથી ઉપસ્થિત એડવોકેટ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે અરજદાર જોડે જે કાર્યવાહી થઈ રહી છે એ રાજકારણ પ્રેરિત છે અને એમાં જાહેર સંપત્તિને નુકસાન કરાયું છે. પોલીસને ફરિયાદ આપવામાં આવી હોવા છતાંય સરકારના ઉચ્ચ અધિકારીઓ સામે ફરિયાદ હોવાથી પોલીસે કોઈ કાર્યવાહી કરી નથી. આ કેસમાં એવી રજૂઆતો કરવામાં આવી હતી કે, ધારાસભ્યની ગ્રાન્ટમાંથી કોઈ વિકાસકામ કરવાના હોય તો તે અંગે સંબંધિત કામનો અને એ વિસ્તારની જરૂરિયાતને ધ્યાનમાં લઈને ધારાસભ્યો પોતાની ગ્રાન્ટમાંથી કેટલી રકમ એ કામ માટે ફાળવવી એ નક્કી કરે છે. તેની તૈયારીઓ જિલ્લા આયોજન અધિકારી કરે છે. જે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી કામ થયું હોય તેનું બોર્ડ મુકવામાં આવે છે અને આ પ્રણાલી સમગ્ર ગુજરાતમાં લાગુ છે. સામાન્ય વહીવટી વિભાગમાંથી આ બાબતને બહાલી મળેલી છે. સંબંધિત વિસ્તારના નાગરિકોને કોના ગ્રાન્ટમાંથી કામ થયું એ જાણ થાય એ માટે આવા બોર્ડ મુકવામાં આવે છે. આવી જ રીતે રાજ્યસભા અને લોકસભાના કોઈ પણ સભ્ય ગ્રાન્ટમાંથી વિકાસકામ કરાવે તો પણ બોર્ડમાં પોતાનું નામ લખાવે છે. હાઈકોર્ટે એવી ટકોર કરી હતી કે ધારાસભ્યના ફોટોગ્રાફ્સ કઈ રીતે બોર્ડમાં હોઈ શકે ? અરજદાર તરફે કહેવામાં આવ્યું હતું કે PM અને CM ના ફોટોગ્રાફ હોય જ છે. ત્યારે કોર્ટે ટકોર કરી હતી કે આ તો સરકારી નાણા છે, એમાં ધારાસભ્યના ફોટાનો વિષય ક્યાંથી આવ્યો ? અરજદારની દલીલ હતી કે તમામ વિધાનસભાની બેઠકોમાં જાહેરકામોના બોર્ડમાં ધારાસભ્યોના ફોટા હોય છે, પરંતુ આ ધારાસભ્ય વિરોધપક્ષના છે એટલે તેમના નામ-ફોટા દૂર કરાયા છે. તેમની બાજુની બેઠક પર આવા જ કામના બોર્ડમાં ધારાસભ્યના ફોટોગ્રાફ્સ મુકવામાં આવ્યા છે. પરંતુ ફરિયાદી ધારાસભ્યનો ફોટો હટાવી લેવામાં આવ્યો હતો. સ્થાનિક ધારાસભ્યના નામનો ઉલ્લેખ કરવા અંગેનો પરિપત્ર સરકારે જ કરેલો છે. ધારાસભ્ય તેના વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે, ત્યારે તેના કામો વિશે જાહેર નાગરિકોને જાણ થવી જોઈએ. પરંતુ માત્રને માત્ર નાગરિકોને તેની યોગ્ય જાણકારી ન મળી શકે તે માટે તેમના નામ અને ફોટોગ્રાફ્સનો ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો. હાઈકોર્ટે ટકોર કરી હતી કે આવા મુદ્દા હાઈકોર્ટ એન્ટરટેઈન કરી શકે નહીં.

રાજ્યના તમામ નાગરિકોને હવે કાયદાકીય માર્ગદર્શન માટે પરેશાન થઈ ભટકવું નહીં પડે

# રાજ્યના તમામ પોલીસ મથકમાં મહિલાઓ-બાળકો તથા વરિષ્ઠ નાગરિકો માટે શરૂ થશે 'સાંત્વના કેન્દ્ર'

## ફેબ્રુ.થી વુમન હેલ્પ ડેસ્ક-ચાઈલ્ડ વેલ્ફેર પો.ઓફિસર-૧૮૧ અભયમ-PSBSS એક જ છત નીચે મળશે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૧૬

રાજ્યની મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે એક નવી પહેલ સાથે રાજ્યના પોલીસવડા વિકાસ સહાયે દરેક પોલીસ સ્ટેશનમાં 'સાંત્વના કેન્દ્ર' શરૂ કરવાનો નિર્ણય લીધો છે. ફેબ્રુઆરીથી વુમન હેલ્પ ડેસ્ક, ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર, ૧૮૧-અભયમ અને PSBSS (પોલીસ સ્ટેશન બેઈઝડ્ સપોર્ટ સેન્ટર) જેવી વિવિધ સેવાઓ એક જ છત નીચે સાંત્વના કેન્દ્રમાં ઉપલબ્ધ બનશે. 'સાંત્વના કેન્દ્ર' એક એવું સ્થળ હશે, જ્યાં પોલીસ સ્ટેશનમાં આવતાં તમામ બાળકો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોને સંવેદનશીલતા અને સહાનુભૂતિ સાથે સાંભળવામાં આવશે. તેમની મુશ્કેલીઓને સમજીને યોગ્ય કાઉન્સેલિંગ અને કાનૂની માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ કેન્દ્રોમાં વુમન હેલ્પ ડેસ્ક, ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર, ૧૮૧-અભયમ અને PSBSS આ ચારેય વ્યવસ્થાનો સમાવેશ કરવામાં આવશે. વર્તમાનમાં કાર્યરત આ ચારેય વ્યવસ્થા એકબીજા સાથે સંકલનમાં રહીને કામગીરી કરે એ હેતુથી રાજ્યનાં દરેક પોલીસ સ્ટેશનમાં 'સાંત્વના કેન્દ્ર' શરૂ કરવા નિર્ણય લેવામાં આવ્યો છે. પોલીસ સ્ટેશનોમાં આ ચાર સેવા એક જ છત નીચે 'સાંત્વના કેન્દ્ર'માં ઉપલબ્ધ બનશે જેમાં વુમન હેલ્પ ડેસ્કઃ વુમન હેલ્પ ડેસ્ક પોલીસ સ્ટેશનમાં આવતી મહિલાઓને મદદરૂપ થવા તેમજ કાઉન્સેલિંગ કરવાની કામગીરી કરતી હોય છે. ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસરઃ ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર પોલીસ સ્ટેશનમાં આવતા કાયદાના સંઘર્ષમાં આવેલાં બાળકોનું કાઉન્સેલિંગ કરતા હોય છે. ૧૮૧-અભયમઃ ૧૮૧-અભયમની વ્યવસ્થાના માધ્યમથી મહિલાઓની સલામતી અને સુરક્ષા અંગેની કામગીરી થાય છે. PSBSS (પોલીસ સ્ટેશન બેઈઝડ્ સપોર્ટ સેન્ટર)ઃ પીડિત મહિલા તથા સામાવાળા પક્ષના સભ્યોનું કાઉન્સેલિંગ કરી પ્રશ્નોનું નિરાકરણ લાવવાની કામગીરી કરે છે. 'સાંત્વના કેન્દ્ર'ના મુખ્ય ઉદ્દેશોમાં પોલીસ સ્ટેશનમાં આવતાં તમામ બાળકો, મહિલાઓ અને સિનિયર સિટિઝનને યોગ્ય રીતે, સંવેદનશીલતા અને સહાનુભૂતિ સાથે સાંભળવાં તથા તેમની મુશ્કેલીઓને સાંભળી યોગ્ય કાયદાકીય માર્ગદર્શન આપવું અને જ્યાં જરૂર જણાય ત્યાં યોગ્ય કાઉન્સેલિંગ કરવું. પોલીસ સ્ટેશનોમાં જ્યારે બાળકો, મહિલાઓ અને સિનિયર સિટિઝનો આવે ત્યારે તેમને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે અને જે કામ માટે તેઓ પોલીસ સ્ટેશનમાં આવ્યાં હોય એ કામ ત્વરિત પૂર્ણ થાય એ અંગે કાર્યવાહી કરવી. આ કેન્દ્રની કામગીરી પર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર, પોલીસ સબ ઈન્સ્પેક્ટર અંગત ધ્યાન આપી સૂચવવામાં આવેલી કામગીરી તેઓ યોગ્ય રીતે કરે એ સુનિશ્ચિત કરવા રાજ્યના પોલીસવડાએ સૂચનાઓ આપી છે. એ ઉપરાંત દરેક પોલીસ સ્ટેશનમાં સાંત્વના કેન્દ્ર યોગ્ય રીતે કાર્યવાહી કરે છે કે કેમ? એ બાબતે સંબંધિત SDPO/ACP અધિકારીએ સુપરવિઝન રાખવા પણ સૂચના અપાઈ છે. તેવી જ રીતે કમિશનરેટ વિસ્તારમાં જે-તે ઝોન વિસ્તારના નાયબ પોલીસ કમિશનર તેમજ જિલ્લાકક્ષાએ પોલીસ અધીક્ષકે આ કામગીરી પર યોગ્ય સુપરવિઝન અને મોનિટરિંગ રાખવા આદેશ અપાયા છે.

અમદાવાદ શહેરમાં વધુ એક ભયંકર અકસ્માત

# નારોલ-વિશાલા બ્રિજ પર અજાણ્યા વાહને મોપેડસવાર યુવતીને ટક્કર મારતાં મોત

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૧૬

શહેરમાં એક ભયંકર અકસ્માતનો બનાવ બન્યો છે. જેમાં વિશાલા પાસેના શાસ્ત્રી બ્રિજ પર અકસ્માતનો સર્જાયો હતો. અજાણ્યા વાહને મોપેડ પર સવાર એક યુવતીને અડફેટે લીધી હતી. જેના કારણે યુવતીનું કરુણ મોત નિપજ્યું છે. યુવતીના મોતને લઈને તેના પરિવારમાં શોકનો માહોલ ફેલાઈ ગયો છે. સમગ્ર મામલે પોલીસે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મૃતક યુવતીનું નામ ભાવિ હરેશકુમાર મોદી હોવાનું સામે આવ્યું છે અને તે લાંભા વિસ્તારની રહેવાસી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ સ્થળે પહોંચી હતી અને



ઘટનાને લઈ યુવતીના પરિવારમાં શોકનો માહોલ

પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માત કોણે સર્જ્યો તે હજુ સામે નથી આવ્યું જેથી પોલીસે આ દિશામાં તપાસ હાથ ધરી છે. અજાણ્યા વાહન ચાલકે યુવતીને અડફેટે લીધી હતી જેના કારણે યુવતીનું મોત નિપજ્યું છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ઘટના સ્થળે જ યુવતીનું કરુણ મોત નિપજ્યું હતું. અકસ્માતને કારણે તે સમયે બ્રિજ પર પણ ટ્રાફિક પણ જામ થઈ ગયો હતો. વિશાલા પાસેના શાસ્ત્રી બ્રિજ પર નારોલના છેડે આ અકસ્માતની ઘટના બની હોવાનું સામે આવ્યું છે. જેમાં ૨૪ વર્ષીય ભાવિ હરેશકુમાર મોદી નામની યુવતીનું કરુણ મોત નિપજ્યું છે. જેના કારણે તેના પરિવારમાં પણ શોકનો માહોલ છવાઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે આ અકસ્માત કોણે સર્જ્યો તે હજુ સામે નથી આવી શક્યું. અજાણ્યા વાહને અકસ્માત સર્જ્યો જેમાં તેણે યુવતીને અડફેટે લીધી અને યુવતીનું કરુણ મોત નિપજ્યું છે. સમગ્ર મામલે પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સાથે જ અકસ્માત કોણે સર્જ્યો તેને લઈને પણ પોલીસે તપાસ હાથ ધરી છે.

પોલીસને આરોપીઓ પાસેથી ૧૪ જેટલા અલગ-અલગ એકાઉન્ટ મળ્યા

# ડિજિટલ એરેસ્ટ કરતી ગેંગ ઝડપાઈ

## ડિજિટલ એરેસ્ટમાંથી નીકળવા માટે આરોપીઓ ઓનલાઈન વકીલની પણ સગવડ કરી આપવાની વાત કરતા હતા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

છેલ્લા કેટલાક સમયથી ડિજિટલ એરેસ્ટ કરી પૈસા પડાવવાનો સિલસિલો યથાવત્ જોવા મળી રહ્યો છે, જો કે, પોલીસ પણ સતત આરોપીઓને પકડવાની કામગીરી કરી રહી છે. તેવામાં અમદાવાદ શહેરના સોલા હાઈકોર્ટે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ડિજિટલ એરેસ્ટ કેસમાં ચાર આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે.

આ અંગે ઝોન-૧ ડીસીપી બલરામ મીણાએ જણાવ્યું હતું કે, સોલા વિસ્તારમાં રહેતા એક વ્યક્તિને ડિજિટલ એરેસ્ટ કરી રૂપિયા ૯૮,૦૦૦ પડાવ્યા હોવા અંગેની ફરિયાદ નોંધાઈ હતી. જે અંગે ટેકનિકલ એનાલિસિસ કરી પોલીસ દ્વારા મૂળ જૂનાગઢના રહેવાસી ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચમાંથી વાત કરીએ છીએ અને મની લોન લોન્ડરિંગનો કેસ થયો છે એવી ધમકી આપી અને ડિજિટલ એરેસ્ટ કર્યા બાદ તેઓની પાસેથી પૈસા પડાવતા હતા. જો ડિજિટલ એરેસ્ટમાંથી છૂટવું હોય તો તેઓને ઓનલાઈન વકીલ પણ કરી આપતા હતા. મૂળ જુનાગઢનો અને નિકોલ વિસ્તારમાં શાંતિ નિકેતન ૧માં રહેતો પ્રિન્સ રવિપરા (પટેલ) મૂળ માસ્ટરમાઈન્ડ છે. આરોપી પ્રિન્સ બેન્ક એકાઉન્ટ ભાડે લેતો હતો. બે લોકોના બેન્ક એકાઉન્ટ ભાડે લઈ તેઓને પાંચથી દસ હજાર રૂપિયા આપતો હતો. જેમને પણ ડિજિટલ એરેસ્ટ કરવામાં



પકડાયેલા આરોપીઓ

| | |
|---|---|
| પ્રિન્સ રવિપરા (પટેલ) | ( રહે. નિકોલ, મૂળ જૂનાગઢ) |
| જૈમિનગીરી ગૌસ્વામી | (રહે. જૂનાગઢ) |
| તનવીર મઘરા (સંઘી) | (રહે. જૂનાગઢ) |
| સાહિલ મુલતાની | (રહે. જૂનાગઢ) |

આવતા હતા તેઓના આ બેન્ક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરવામાં આવતા હતા. ત્યાર બાદ તે બેન્ક એકાઉન્ટની વિગત ચાઈનીઝ નંબરોના પ્રોસેસરને મોકલી આપતો હતો. યુએસ ડોલર ખરીદી અને તેમના એકાઉન્ટમાં વધુ રકમ આપતો હતો. વચ્ચે રહેલા એજન્ટને પણ પૈસા ચૂકવતો હોવાનું સામે આવ્યું છે. ઝડપાયેલા આરોપીઓમાં આરોપી તનવીર અને સાહિલ બંને રીક્ષા ચલાવે છે અને તેઓના બેન્ક એકાઉન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આરોપી પ્રિન્સ ચાઈનીઝ ગેંગ સાથે સંકળાયેલો છે અને તેના મોબાઈલમાંથી ગુજરાત સહિત અન્ય રાજ્યોના અને વિદેશના નંબરો પણ મળી આવ્યા છે. આરોપી પ્રિન્સ અને જૈમિન ગોસ્વામી પણ +૪૪થી ચાઈનીઝ મોબાઈલ નંબરો વાપરતા હતા. આરોપીઓએ બાયનાસ એપ્લિકેશન અને ટેલિગ્રામ મારફતે ચાઈનીઝ પ્રોસેસરોનો સંપર્ક કર્યો હતો. આરોપી પ્રિન્સ ગુગલ ટ્રાન્સલેટ મારફતે ચાઈનીઝ લેંગ્વેજ શિખતો હતો.

# સુરતના ડુમસ ખાતે બોગસ પ્રોપર્ટી કાર્ડ કૌભાંડમાં વર્ગ-૧ અધિકારીને રાહત આપવાનો હાઈકોર્ટનો ઈનકાર, અરજી પરત ખેંચાઈ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

સુરતના ડુમસ-વાટ વિસ્તારમાં કોઈપણ પ્રકારના અધિકૃત દસ્તાવેજો અપલોડ કર્યા વિના બારોબાર બોગસ પ્રોપર્ટી કાર્ડ કાઢવાના ચકચારભર્યા કૌભાંડમાં પ્રમોલગેટીંગ ઓફિસર અને વર્ગ ૧ અધિકારી કે.પી.ગામીત દ્વારા પોતાની સામે થયેલી ફરિયાદ પરત ખેંચી લેવામાં આવી હતી.

ગુજરાત હાઈકોર્ટનાં જસ્ટિસ સંદીપ ભટ્ટ દ્વારા ગુનાની ગંભીરતા ધ્યાને લઈ આરોપી કલાસ-૧ અધિકારી સામેની ફરિયાદ રદ કરવાનો કે તેમને કોઈપણ પ્રકારની રાહત આપવાનો સાફ ઈક્કાર કરી દીધો હતો તેથી તેઓએ અરજી પરત ખેંચી લીધી હતી. અદાલતે ટકોર કરી હતી કે અદાલત આશા રાખે છે કે, હવે બહુ ગંભીર અને સંવેદનશીલ એવા કૌભાડમાં પોલીસ દ્વારા યોગ્ય અને પારદર્શી તપાસ થાય. સુરતના ડુમસ-વાટ વિસ્તારમાં કરોડો રૂપિયાની જમીનમાં ૩૦૦થી વધુ બોગસ પ્રોપર્ટી કાર્ડના કરોડો રૂપિયાની જમીનમાં ૩૦૦થી વધુ બોગસ પ્રોપર્ટી કાર્ડ બનાવવાના કૌભાંડને લઈ સુરત સીઆઈડી ક્રાઈમમાં સ્થાનિક સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટ અનંત ડાહ્યાભાઈ પટેલ, સમૃદ્ધિ કોર્પોરેશનના ભાગીદાર નરેશ નેમચંદ શાહ સહિતના આરોપીઓ વિરૂદ્ધ એફઆઈઆર દાખલ થઈ હતી. આ સમગ્ર કૌભાંડમાં હજુ વધુ આરોપીઓની પણ સંડોવણી સામે આવી છે. જો કે, હાલ તો તમામ આરોપીઓ નાસતા ફરી રહ્યા છે. સરકાર દ્વારા હાઈકોર્ટ સમક્ષ અરજીનો વિરોધ કરતા રજૂઆત કરાઈ હતી કે, પ્રોપર્ટી કાર્ડ કાઢવામાં હવે બાયોમેટ્રીક સીસ્ટમ અમલી બની ગઈ છે, જે માટે આરોપી કલાસ-૨ ઓફિસર તરીકે અનંત ડાહ્યાભાઈ પટેલે તેમનો અંગૂઠો આપવાનો હોય. આરોપીએ પોતાની સત્તા અને હોદ્દાનો દૂરપયોગ કરી એનએ ઓર્ડર કે સંબંધિત દસ્તાવેજો અપલોડ કર્યા વિના જ બારોબાર પ્રોપર્ટી કાર્ડ કાઢવામાં આવ્યા હતા. જે દસ્તાવેજો અપલોડ થયા તેવા કોઈ દસ્તાવેજોનું કોઈ અસ્તિત્વ જ નથી., તેવા બોગસ દસ્તાવેજો અપલોડ કરાયા હતા. આ કલાસ-૨ની અંગૂઠાની ઈન્પ્રેશન આગળના સ્ટેજમાં હાલના અરજદાર કલાસ-૧ અધિકારી કે.પી.ગામીત પાસે આવે અને તેમણે બધા જ દસ્તાવેજો અને હકીકતોની ખરાઈ કરવાની હોય કે, એનએ ઓર્ડર અને સંબંધિત દસ્તાવેજો બરોબર અપલોડ કર્યા છે કે નહી, જે દસ્તાવેજો અપલોડ કર્યા છે તે સાચા છે કે નહી. પરંતુ હાલના આરોપીએ આ બધી બાબતની કોઈ જ દરકાર લીધા વિના બારોબાર પોતાના અંગૂઠાની ઈમ્પ્રેશન આપી બોગસ પ્રોપર્ટી કાર્ડ ઓનલાઈન ચડાવી દીધા હતા. જેને લઈને સમગ્ર કૌભાંડમાં આરોપીની પણ મુખ્ય ભૂમિકા અને જવાબદારી સામે આવ્યા છે.

અમદાવાદ શહેરમાં રોગચાળો વકર્યો

# વાતાવરણમાં વારંવાર ફેરફારને લઈ વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં વધારો

## ૭૦થી ૮૦ બાળદર્દીઓ OPDમાં સારવાર અર્થે આવ્યા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

અમદાવાદ સહિત રાજ્યભરમાં ઠંડીએ જમાવટ કરી છે, ત્યારે અમદાવાદ શહેરમાં કાતિલ ઠંડી સાથે રોગચાળામા પણ વધારો થયો છે. હાલમાં રાજ્યના વાતાવરણમાં ફેરફાર થઈ રહ્યો છે. ક્યારેક કાંઈક તાપમાનમાં ઘટાડો થાય છે, તો ક્યારેક તાપમાન વધી જતા વાતાવરણ બદલાય છે. એકાએક ઠંડી અને ગરમીના અનુભવને કારણે વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં વધારો થયો છે. અત્યંત ઠંડીને કારણે પણ નાના બાળકોને તેની અસરો થાય છે, જેથી બાળકોમાં પણ વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. બીજી તરફ અમદાવાદ શહેરમાં HMP વાઈરસના કેસ પણ વધી રહ્યા છે, જેના લક્ષણો પણ વાઈરલ ઈન્ફેક્શન જેવા જ હોય છે. છેલ્લા એક સપ્તાહ દરમિયાન અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં ૭૦થી ૮૦ બાળ દર્દીઓ વાઈરલ ઈન્ફેક્શનના લક્ષણો સાથે ઓપીડીમાં સારવારથી આવ્યા હતાં. જેમાંથી વધુ સારવારની જરૂરિયાત વાળા બાળકોને એકાદ દિવસ દાખલ પણ કરવામાં આવ્યા હતા. બાળકો ઉપરાંત વિવિધ ઉંમરના વ્યક્તિઓમાં પણ વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં વધારો થયો છે.

અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં ગત એક સપ્તાહ દરમિયાન ઓપીડીમાં ૧૧,૫૯૯ નોંધાયા હતાં. જેમાંથી ૨૧૦૦ દર્દીઓને દાખલ કરવાની ફરજ પડી હતી. જે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહની સરખામણીમાં દર્દીઓની દાખલ સંખ્યામાં ૭૪૨નો વધારો થયો હતો. એટલે કે, ગત એક સપ્તાહ દરમિયાન ઓપીડી અને દાખલ દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. ઓપીડીના કેસમાં પણ જાન્યુઆરીના પ્રથમ સપ્તાહની સરખામણીમાં ૬૦૦ દર્દીઓ વધુ સારવાર અર્થે આવ્યા હતા. આ સિવાય મચ્છરજન્ય રોગચાળા ઉપર હાલ પૂરતુ નિયંત્રણ આવ્યું છે.

ગત એક સપ્તાહ દરમિયાન સોલા સિવિલ હોસ્પિટલમાં મચ્છરજન્ય રોગ પર નિયંત્રણ આપ્યું છે, તેની સામે વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં વધારો થયો છે. ગત સપ્તાહ એક સોલા સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુના ૬૫, મેલેરિયાના ૧૬૨ અને ચિકનગુનિયાના ૧૨ દર્દીઓના સેમ્પલ લેવામાં આવ્યા હતા, જેમાંથી સદનસીબ એક પણ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો ન હતો.

AMC કમિશનરે અધિકારીઓની બદલી કરી

# ૨૦ આસિસ્ટન્ટ મ્યુ.કમિશનર અને ૮ ડેપ્યુટી હેલ્થ ઓફિસરોની બદલી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરો અને ડેપ્યુટી હેલ્થ ઓફિસરોની આજે ગુરુવારે મ્યુનિસિપલ કમિશનરે બદલી કરી છે. ૨૦ આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરો અને ૮ ડેપ્યુટી હેલ્થ ઓફિસરોની બદલી કરવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષથી વધુ સમયથી એક જ જગ્યાએ અધિકારીઓ ફરજ બજાવતા હતા. આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરોથી લઈને અનેક અધિકારીઓની બદલી કરવાની માંગ ઉઠી હતી ત્યારે એક સાથે કમિશનરે તમામ આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરો અને ડેપ્યુટી હેલ્થ ઓફિસરોની બદલી કરી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વર્ષોથી એક જ જગ્યાએ અનેક અધિકારીઓ ફરજ બજાવે છે જેના કારણે અનેક કૌભાંડોથી લઈને કામગીરી પર અસર પડતી હોવા અંગેની ફરિયાદો મળી હતી. સ્ટેન્ડિંગ કમિટીમાં છેલ્લા ત્રણ વર્ષથી એક જ જગ્યાએ ફરજ બજાવતા હોય તેવા અધિકારીઓની બદલીઓ કરવા માટેની સત્તા મ્યુનિસિપલ કમિશનરને આપવામાં આવી હતી. જેના પગલે એક જ અઠવાડિયામાં મ્યુનિસિપલ કમિશનર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

૨૦ જેટલા આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરો ની અને આઠ જેટલા ડેપ્યુટી હેલ્થ ઓફિસરોની બદલીઓનો હુકમ કમિશનર દ્વારા કરવામાં આવ્યો છે. જે આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર પાસે બે જેટલા વોર્ડ હતા તેમને ત્રણથી ચાર વોર્ડ આપવામાં આવેલા છે. જ્યારે જેઓની પાસે બે વોર્ડ હતા તેઓને માત્ર એક જ વોર્ડની જવાબદારી સોંપવામાં આવેલી છે. આરોગ્ય વિભાગમાં જન્મ-મરણ વિભાગમાં ડો. દિવ્યાંગ ઓઝાની અનેક ફરિયાદો મળી હતી જેના પગલે તેઓને બદલીને ડો. તેજસ શાહને જવાબદારી સોંપવામાં આવી છે.

# ઊંટવાળી ચાલીમાં યુવકની હત્યા કરનારા બે આરોપીની ધરપકડ



(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

શહેરના કાગડાપીઠ વિસ્તારમાં આવેલી ઊંટવાળી ચાલીમાં ગત મોડી રાતે એક યુવકની હત્યા કરવામાં આવી હતી. મૃતક નિતિન પઢીયારનું ચાલીમાં રહેલા બે આરોપી કિરણ ચૌહાણ અને ગીરીશ સરગરાએ તેની હત્યા કરી હતી. મહત્વનું છે કે છેલ્લા કેટલાક સમયથી મૃતક નિતિનના આરોપી કિરણની પત્ની સાથે આડા સંબંધ હોવાની શંકા હતી અને તે જ કારણે કિરણ અને નિતિન વચ્ચે તકરાર થતી હતી અને ગઈકાલે હત્યાને અંજામ આપવામાં આવ્યો હતો.

નિતિનની હત્યાની તપાસ કરતા હકીકત સામે આવી કે મૃતક નિતિનના લગ્ન ૧૮ વર્ષ પહેલા થયા હતા અને તેને ૩ બાળકો તથા પરિવાર સાથે તે સાકળચંદ મુખીની ચાલીમાં વસવાટ કરે છે. સાથે જ આરોપી તેની પત્ની સાથે નજીકમાં જ રહેતો હતો અને નિતિન તથા આરોપી કિરણની પત્ની વચ્ચે આડા સંબંધની શંકાથી અગાઉ પણ બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. જે વાતની શંકા રાખી ગઈકાલે સાળા બનેવી કિરણ અને ગીરીશે હત્યાને અંજામ આપ્યો હોવાનું સામે આવતા પોલીસે બંનેની ધરપકડ કરી છે.

જોકે અન્ય એક દેવા નામના આરોપીનું નામ પણ પરિવારજનો જણાવી રહ્યા છે. જોકે હત્યામાં તેની સંડોવણી છે કે કેમ તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. સાથે જ ઝડપાયેલા આરોપી વિરૂદ્ધ અગાઉ પ્રોહિબિશનના ગુના પણ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.

૭.૫ લાખ જેટલા મુસાફરો કરી રહ્યા છે ઉપયોગ

# GSRTCની આઠ હજારથી વધુ બસોમાં લાઈવ ટ્રેકિંગ સિસ્ટમ કાર્યરત

## એપ્લિકેશન મારફતે મુસાફરોને બસનું લાઈવ ટ્રેકિંગ કરવું બન્યું વધુ સરળ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

GSRTC લાઈવ ટ્રેકિંગ એપ્લિકેશન દ્વારા મુસાફરો માટે બસનું લાઈવ ટ્રેકિંગ વધુ સરળ બન્યું છે. રાજ્યમાં GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશનનો ૭.૫ લાખ જેટલા મુસાફરો ઉપયોગ કરી રહ્યા છે. ગુજરાત એસ.ટીની ૮ હજારથી વધુ બસોમાં હાલમાં લાઈવ ટ્રેકિંગ સિસ્ટમ કાર્યરત છે.

એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં મુસાફરોને એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં તેમજ પોતાના ગંતવ્ય સ્થાનથી બીજા સ્થાને સલામત રીતે પહોચાડવા ગુજરાત એસ.ટીની બસો કાર્યરત છે, ગુજરાત એસ.ટી નિગમમાં અનેક આમૂલ પરિવર્તન કરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા 'GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશન' મારફતે મુસાફરોને બસનું લાઈવ ટ્રેકિંગ કરી મુસાફરી કરી રહ્યા છે. GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશનમાં મુસાફરો બસ નંબર અથવા PNR No. ની મદદથી બસનું લાઈવ લોકેશન જોઈ શકે છે. એપ્લિકેશનમાં મુસાફરે બેસવા અને ઉતારવાની વિગતો ભરી તે રૂટ પર સંચાલિત તમામ બસોનું લાઈવ લોકેશન મેળવી શકે છે. મહિલા અને વયોવૃદ્ધ મુસાફર એકલા મુસાફરી કરતા હોય તેવા સમયે ઘરના સભ્યો દ્વારા બસનું લાઈવ લોકેશન ટ્રેક કરી બસનો પહોંચવાનો સમય જાણી શકે છે. બસોમાં મુસાફરી કરતા મુસાફરોને બસનું લાઈવ લોકેશન મળી રહે તેમજ પરિવહન વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે, GSRTC દ્વારા GSRTC Live Tracking Android અને iOS મોબાઈલ એપ્લિકેશન મુસાફરોની સેવામાં કાર્યરત છે.

# ઈઝરાયેલ-હમાસ યુદ્ધવિરામ : દરેક ઈઝરાયેલી બંધકની મુક્તિ સામે ૩૦ પેલેસ્ટીની કેદીઓને મુક્ત કરાશે અને એક મહિલા સૈનિકની મુક્તિના બદલામાં ૫૦ પેલેસ્ટીની કેદીઓને મુક્ત કરાશે

## બંને પક્ષો વચ્ચે થયેલી સમજૂતી મુજબ સૌ પ્રથમ મહિલા અને બાળકોને કેદમાંથી મુક્ત કરવામાં આવશે અને એ પછી પુરૂષોને મુક્ત કરવામાં આવશે

(એજન્સી) તેલ અવીવ, તા.૧૬

૧૫ મહિના સુધી ચાલુ રહેલા યુદ્ધ પછી આખરે ઈઝરાયેલ અને પેલેસ્ટીનના લડાકુ જૂથ હમાસ વચ્ચે યુદ્ધવિરામની સમજૂતી થઈ ગઈ છે. આ સમજૂતી મુજબ બંને પક્ષો એમની પાસેના બંધકોને મુક્ત કરશે અને પ્રારંભિક રીતે છ સપ્તાહમાં યુદ્ધવિરામ લાગુ કરવામાં આવશે એ પછી ગાઝા વિસ્તારમાંથી તબક્કાવાર ઈઝરાયેલી સૈન્ય પાછું ખેંચી લેવામાં આવશે. ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીની કેદીઓને આઝાદ કરવામાં આવશે અને હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા ઈઝરાયેલી નાગરિકો અને સૈનિકોને મુક્ત કરવામાં આવશે. પહેલા તબક્કામાં એટલે કે છ સપ્તાહમાં જીવિત હોય કે મૃત્યુ એવા ૩૩ બંધકોને અને મોટાભાગે મહિલાઓ તથા બાળકોને તથા સૈનિકોને અને ૫૦ વર્ષથી મોટી વયના પુરુષોને મુક્ત કરવામાં આવશે. ઈઝરાયેલનું લશ્કર ગાઝામાંથી પાછું હટી ગયા બાદ વિસ્થાપિત પેલેસ્ટીન નાગરિકો પાછા ફરી જશે અને પોત પોતાના વિસ્તારોમાં ચાલ્યા જશે. આ સમય દરમિયાન હમાસ દ્વારા મુક્ત કરવામાં આવનારા પ્રત્યેક ઈઝરાયેલી બંધકની સામે ઈઝરાયેલ ૩૦ પેલેસ્ટીની કેદીઓને આઝાદ કરશે જ્યારે પ્રત્યેક એક મહિલા સૈનિકના બદલામાં ઈઝરાયેલ ૫૦ પેલેસ્ટીની નાગરિકોને મુક્ત કરશે એવું ઈઝરાયેલના મીડિયા દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. રવિવારે પહેલા ત્રણ બંધકોને મુક્ત કરવામાં આવશે જેમાં મહિલાઓ અને બાળકો હશે. જ્યારે ૫૦ વર્ષથી ઉપરની ઉંમરના પુરુષોને મુક્ત કરવામાં આવશે. ૪૨ દિવસ સુધી આ પ્રક્રિયા ચાલશે. દર સપ્તાહે ત્રણ ત્રણ બંધકોને મુક્ત



કરવામાં આવશે જ્યારે ઈઝરાયેલની જેલમાં બંધ કેદીઓમાંથી સૌપ્રથમ મહિલા કેદીઓને જે ૭ ઓક્ટોબર પછી પકડી લેવામાં આવી હતી એ તમામને મુક્ત કરવામાં આવશે જ્યારે ૧૯ વર્ષથી ઓછી વયના પુરુષ કેદીઓને પણ મુક્ત કરવામાં આવશે. જ્યારે ૯૯૦થી ૧,૬૫૦ જેટલા લડાકુઓને પણ મુક્ત કરવામાં આવશે તેવી ધારણા છે. પહેલા તબક્કાના ૧૬માં દિવસે યુદ્ધવિરામના બીજા તબક્કાની ચર્ચા શરૂ થશે એ બીજા તબક્કામાં સૈનિક સહિત બાકીના તમામ બંધકોને હમાસ દ્વારા મુક્ત કરવામાં આવશે અને એ સાથે ઈઝરાયેલના પુરેપુરા લશ્કરને પણ ગાઝામાંથી પાછું ખેંચી લેવામાં આવશે જ્યારે ત્રીજા તબક્કામાં ગાઝાના પુનઃ નિર્માણની કામગીરી ઈજિપ્ત તથા કતાર અને યુનોના માર્ગદર્શન હેઠળ ચાલુ કરવામાં આવશે અને બાકીના તમામ બંધકોને પણ છોડી મૂકવામાં આવશે.

# અધિકારીઓએ જણાવ્યું કે ઈઝરાયેલ અને હમાસે ગાઝામાં યુદ્ધવિરામ અને બંધકોને મુક્ત કરવા માટે સમજૂતી પર સહમતિ વ્યક્ત કરી

(એજન્સી) તા.૧૬

ઈઝરાયેલ અને હમાસ બુધવારે ગાઝામાં એક વર્ષ પહેલા શરૂ થયેલા ઘાતકી યુદ્ધને સમાપ્ત કરવા અને દોહામાં મંત્રણા બાદ બંધકોને મુક્ત કરવા માટે યુદ્ધવિરામ કરાર પર સંમત થયા છે. તાજેતરના દિવસોમાં લડાઈ સમાપ્ત કરવાનું દબાણ વધ્યું છે, કારણ કે મધ્યસ્થી કતાર, ઈજિપ્ત અને યુનાઈટેડ સ્ટેટ્સે સમાધાન સુરક્ષિત કરવાના પ્રયાસો ઝડપી કર્યા છે. હમાસે જણાવ્યું કે તેના પ્રતિનિધિમંડળે મધ્યસ્થીઓને રજૂ કરાયેલ યુદ્ધવિરામ અને કેદીઓના વિનિમય કરારને મંજૂરી આપી હતી. એક અમેરિકન અધિકારીએ પણ આ કરારની ખાતરી કરી છે, પરંતુ ઈઝરાયેલે હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. કતારના વડાપ્રધાન શેખ મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન બિન જાસિમ અલ-થાની સોદાને અંતિમ સ્વરૂપ આપવા માટે ‘હમાસના મંત્રણાકારો સાથે તેમના કાર્યાલયમાં બેઠક કરી રહ્યા છે’, એમ મંત્રણાની જીકના એક સૂત્રએ બુધવારે જણાવ્યું હતું. મંત્રણાઓ અંગે એક સ્ત્રોતે બાદમાં જણાવ્યું કે ‘ગાઝા યુદ્ધવિરામ અને બંધકોની મુક્તિ અંગેની સમજૂતી કતારના વડાપ્રધાને તેમના કાર્યાલયમાં હમાસ મંત્રણાકારો સાથે અને ઈઝરાયેલી મંત્રણાકારો સાથે અલગથી મળ્યા પછી સધાયો હતો.’ આઉટગોઈંગ યુએસ પ્રમુખ જો બાઈડેને બુધવારે જણાવ્યું કે ત્રણ તબક્કાના યુદ્ધવિરામ કરારમાં પ્રથમ



તબક્કાના ભાગરૂપે ‘સંપૂર્ણ અને સંપૂર્ણ યુદ્ધવિરામ’ અને અનિશ્ચિત બીજા તબક્કામાં ‘યુદ્ધનો કાયમી અંત’ શામેલ છે. એક્સિઓસના જણાવ્યા અનુસાર, હમાસના નેતા મોહમ્મદ સિનવારે આ સોદાને મંજૂરી આપી દીધી છે, જ્યારે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુની ઓફિસે હજુ સુધી તેને લીલી ઝંડી આપી નથી. ‘દોહામાં બંધક સોદા માટેની વાટાઘાટોમાં સફળતા મળી છે. ગાઝામાં હમાસના લશ્કરી નેતા મોહમ્મદ સિનવારે તેમની સંમતિ આપી છે. ગાઝાના ઈતિહાસના સૌથી ભયંકર યુદ્ધને સમાપ્ત કરવાના મહિનાઓના નિષ્ફળ પ્રયાસો પછી આ જાહેરાત કરવામાં આવી છે અને અમેરિકી રાષ્ટ્રપતિ-ચુંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પના ઉદ્‌ઘાટનના થોડા દિવસો પહેલા જેમની સત્તાવાર રીતે વ્હાઈટ હાઉસ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી તે પહેલા જ તેની પ્રશંસા કરવામાં આવી હતી. ટ્રમ્પે તેમના ટ્રુથ સોશિયલ નેટવર્ક પર જણાવ્યું કે, ‘અમારી પાસે મધ્ય પૂર્વમાં બંધકો માટે એક ડીલ છે. તેમને ટૂંક સમયમાં મુક્ત કરવામાં આવશે. આભાર !’ આ કરારને નેતાન્યાહુની કેબિનેટ દ્વારા મંજૂરી મળવાની બાકી છે, પરંતુ આગામી દિવસોમાં તે અમલમાં આવે તેવી અપેક્ષા છે. અન્ય એક ઈઝરાયેલી અધિકારીએ એક્સિઓસને જણાવ્યું હતું કે સોદાની જાહેરાત ગુરુવારે વહેલી તકે થઈ શકે છે.

# ઈઝરાયેલ અને હમાસ વચ્ચેની યુદ્ધવિરામ સમજૂતીને આવકાર આપતા યુનોના વડા ગુટેરસ

(એજન્સી) સંયુક્ત રાષ્ટ્ર સંઘ, તા.૧૬

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે થયેલી યુદ્ધવિરામની સમજૂતીને સંયુક્ત રાષ્ટ્ર સંઘના વડા એન્ટોનિયો ગુટેરસે આવકાર આપ્યો છે અને આ સમજૂતીને સમગ્ર પ્રદેશના તેમજ પેલેસ્ટીન તથા ઈઝરાયેલ અને તમામ માટેના બહેતર ફ્યુચર તરફનું ખૂબ જ નિર્ણાયક પ્રથમ પગલું ગણાયું છે અને તેને આવકાર આપ્યો છે.

યુનોના વડાએ સમજૂતી અને યુદ્ધ વિરામ કરાવવા માટે મધ્યસ્થી કરનાર ઈજિપ્ત તથા કતાર અને અમેરિકાના પ્રયાસોની પ્રશંસા કરી હતી અને કરારની તમામ જોગવાઈઓને વળગી રહેવા માટે તથા તેનો પૂરેપૂરો અમલ કરવા માટે તમામ સંબંધિત પક્ષોને અનુરોધ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે આ સમજૂતી એક એવી તક છે જે ઝડપી લેવી જોઈએ જેનાથી



સમગ્ર કબજાગ્રસ્ત પેલેસ્ટીન પ્રદેશની એકતા અને અખંડિતતા સહિતના બહુ વ્યાપક લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં મદદ પણ મળશે. તેમણે કહ્યું હતું કે આ પ્રદેશની કાયમી શાંતિ અને સ્થિરતા માટે બે રાષ્ટ્રનું નિરાકરણ અને યુનિફાઈડ પેલેસ્ટીન શાસન તંત્ર એ મહત્વનો ઉકેલ છે. યુનોના માનવ અધિકાર હાઈ કમિશનર વોકર તુર્કે યુદ્ધવિરામથી રાહતની લાગણી અનુભવી હતી અને કહ્યું હતું કે મહિનાઓથી જે લોકો પીડા ભોગવી રહ્યા છે એમને યાતનાનો અંત આવશે અને એમને મોટી રાહત મળશે. જ્યારે યુનોની માનવતાવાદી બાબતોના અંડર સેક્રેટરી ટોમ ફ્લેચરે કહ્યું હતું કે યુદ્ધવિરામની આ સમજૂતીથી આ પ્રદેશના તમામ અસરગ્રસ્તોને માટે ખૂબ જરૂરી એવી આશા જાગી છે અને એમને રાહત મળશે. માનવતાવાદી સહાય આડેના અંતરાયો દૂર થાય અને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન થાય તથા યુદ્ધવિરામ ચાલુ રહે એવા હવે યુનો પ્રયાસો કરશે એવું તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે ગાઝા પ્રદેશમાં અનાજ તથા પાણી અને દવાઓની તાકીદની જરૂર છે તે પહોંચાડવા માટે રાહતના પ્રયાસો વધુ જોરદાર બનાવવા માટે યુનો તૈયાર છે.

# ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીનીઓને નિશાન બનાવ્યા બાદ જેનિનમાં હડતાળ

(એજન્સી) તા.૧૬

પેલેસ્ટીની ઈન્ફર્મેશન સેન્ટરે જણાવ્યું કે ગઈકાલે જેનિન શરણાર્થી શિબિરમાં ઈઝરાયેલી કબજાવાળા દળો દ્વારા કરવામાં આવેલા નરસંહારમાં મૃત્યુ પામેલા લોકોના શોક માટે વેસ્ટ બેંકના શહેર જેનિનમાં આજે સામાન્ય હડતાલ રાખવામાં આવી હતી. જેનિનની શેરીઓ ખાલી હતી, ઈઝરાયેલના તાજેતરના ગુનાઓની ટીકામાં દુકાનો બંધ હતી. ગઈકાલે રાત્રે જેનિન કેમ્પ પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં છ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે. હમાસે જણાવ્યું કે જેનિન કેમ્પ અને તેના પ્રતિકાર સામે પેલેસ્ટીની ઓથોરિટીની સુરક્ષા ઝુંબેશને સમાપ્ત કરવાની રાષ્ટ્રીય પહેલની શરૂઆતના થોડા કલાકો પછી ઈઝરાયેલનો હુમલો થયો હતો, ‘અને PA દ્વારા તેનો



જવાબ આપવામાં નિષ્ફળતા, ગોળીબાર કરીને અને એમ્બ્યુલન્સનો નાશ કરીને. તે કહે છે કે પીએ ‘ઝાયોનિસ્ટ ગુનાઓમાં તેની ભાગીદારી માટે અને શિબિર સામેની તેની આક્રમકતાને રોકવા માટેના રાષ્ટ્રીય કૉલને નકારવા માટે જવાબદાર છે.’

# ગાઝામાં ઈઝરાયેલ દ્વારા ૨૪ કલાકમાં ૬૨ પેલેસ્ટીનીઓની હત્યા

(એજન્સી) તા.૧૬

પેલેસ્ટીની ઈન્ફોર્મેશન સેન્ટર અનુસાર, ગાઝા પટ્ટીમાં આરોગ્ય મંત્રાલયે આજે જાહેરાત કરી કે પાછલા ૨૪ કલાકમાં ઈઝરાયેલના હુમલામાં ૬૨ પેલેસ્ટીનીના મૃત્યુ પામ્યા છે અને ૨૫૩ અન્ય ઘાયલ થયા છે. તેણે તેના દૈનિક આંકડાકીય અહેવાલમાં જણાવ્યું છે કે, ૭ ઓક્ટોબર ૨૦૨૩થી ચાલી રહેલા ઈઝરાયેલના હુમલામાં જાનહાનિ ૪૬,૭૦૭ પેલેસ્ટીનીનો મૃત્યુ પામ્યા છે અને ૧૧૦,૨૬૫ ઘાયલ થયા છે. મંત્રાલયે જણાવ્યું કે, અજ્ઞાત સંખ્યામાં પીડિતો હજી પણ નાશ પામેલી ઈમારતોના કાટમાળ હેઠળ અથવા શેરીઓમાં પડેલા છે અને નાગરિક સંરક્ષણ ટીમો તેમને બચાવવામાં અસમર્થ છે.



# ૧૩,૨૦૦ પેલેસ્ટીની વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા, ૫૭૪ શાળાઓ અને યુનિવર્સિટીઓ પર બોમ્બમારો

(એજન્સી) તા.૧૬

ગાઝાના શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ મંત્રાલયે જણાવ્યું કે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ગાઝા પટ્ટી અને કબજાવાળા વેસ્ટ બેંકમાં ઈઝરાયેલના આક્રમણની શરૂઆતથી અત્યાર સુધીમાં ૧૩,૧૭૭ વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા છે અને ૨૧,૯૯૧ ઘાયલ થયા છે. આક્રમણની શરૂઆતથી ગાઝા પટ્ટીમાં મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૩,૦૫૪થી વધુ થઈ ગઈ છે, અને ૨૧,૩૨૦ ઘાયલ થયા છે, મંત્રાલયે ગઈકાલે એક નિવેદનમાં જણાવ્યું હતું. દરમિયાન, વેસ્ટ બેંકમાં ૧૨૩ વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા અને ૬૭૧ અન્ય ઘાયલ થયા, વધુ ૫૬૦ની ધરપકડ કરવામાં આવી છે. તેણે એમ પણ જણાવ્યું કે ગાઝા પટ્ટી અને વેસ્ટ બેંકમાં ૬૫૭ શિક્ષકો અને સંચાલકો મૃત્યુ પામ્યા અને ૩,૯૦૪ ઘાયલ થયા, અને વેસ્ટ બેંકમાં૧૬૫થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે ગાઝા પટ્ટીમાં ૩૨૪ સરકારી શાળાઓ, યુનિવર્સિટીઓ અને તેમની સાથે સંકળાયેલી ઈમારતો અને પેલેસ્ટાઈન શરણાર્થીઓ માટે સંયુક્ત રાષ્ટ્રની રાહત



અને કાર્ય એજન્સી (UNRWA)ની ૬૫ ઈમારતો પર બોમ્બમારો કરવામાં આવ્યો હતો અને તોડફોડ કરવામાં આવી હતી. તેમાંથી ૧૨૮ સંપૂર્ણ નાશ પામ્યા હતા અને ૫૭ આંશિક રીતે નાશ પામ્યા હતા, જ્યારે વેસ્ટ બેંકમાં૧૦૯ શાળાઓ અને સાત યુનિવર્સિટીઓમાં દરોડા પાડવામાં આવ્યા હતા અને તોડફોડ કરવામાં આવી હતી. શિક્ષણ મંત્રાલયે ખાતરી કરી છે કે ઓક્ટોબર ૨૦૨૩માં આક્રમણની શરૂઆતથી ગાઝા પટ્ટીના ૭૮૮,૦૦૦ વિદ્યાર્થીઓ શાળાઓ અને યુનિવર્સિટીઓમાં હાજરી આપી શક્યા નથી, જ્યારે મોટાભાગના વિદ્યાર્થીઓ માનસિક આઘાત અને મુશ્કેલ આરોગ્ય પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે.

# બેલ્જિયમના શૈક્ષણિક સમુદાયે ઈઝરાયેલ સાથે સહયોગ સમાપ્ત કરવા માટે અરજી દાખલ કરી

(એજન્સી) તા.૧૬

બેલ્જિયન શૈક્ષણિક સમુદાયના ૬,૬૦૦થી વધુ સભ્યોએ એક ખુલ્લા પત્ર પર હસ્તાક્ષર કર્યા છે જેમાં તેમની યુનિવર્સિટીઓને ગાઝામાં ચાલી રહેલા માનવાધિકાર ઉલ્લંઘન અને નરસંહારને કારણે ઈઝરાયેલી સંસ્થાઓ સાથે સહકાર સમાપ્ત કરવા માંગ કરવામાં આવી છે. બેલ્ગા ન્યૂઝ અનુસાર, પ્રોફેસરો, સંશોધકો, યુનિવર્સિટી સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા હસ્તાક્ષર કરાયેલ પત્રમાં, ઈઝરાયેલી યુનિવર્સિટીઓ પર માનવાધિકાર ઉલ્લંઘન અને ગાઝામાં ચાલી રહેલા નરસંહારમાં સંડોવણીનો આરોપ મૂક્યો છે, અને બેલ્જિયન યુનિવર્સિટીઓને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર તેમની નીતિઓ લાવવાનું આહ્‌વાન કર્યું છે. તે મુજબ કરવા વિનંતી કરવામાં આવી છે. હસ્તાક્ષરકર્તાઓમાં બેલ્જિયમના નાયબ વડા પ્રધાન પેટ્રા ડી સુટર, તેમજ ગ્રેટા થનબર્ગ, કેન લોચ, બ્રાયન એનો અને નેન્સી ફ્રેઝર જેવી આંતરરાષ્ટ્રીય હસ્તીઓનો પણ સમાવેશ થાય છે, જેમને બેલ્જિયમની યુનિવર્સિટીઓમાંથી માનદ ડોક્ટરેટ પ્રાપ્ત થયા છે. આ પત્ર ફ્લેમિશ ઈન્ટરયુનિવર્સિટી કાઉન્સિલ અને ફ્રાન્કોફોન કાઉન્સિલ ઓફ રેક્ટર દ્વારા




સમીક્ષા હેઠળ છે. તે ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસ અને ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટના તાજેતરના ચુકાદાઓનો સંદર્ભ આપે છે, જેમાં ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાન્ટ માટે જારી કરાયેલ ધરપકડ વોરંટનો સમાવેશ થાય છે. ૨૯ ડીન, ૬૪ વિભાગોના વડાઓ, ૧,૧૦૭ પ્રોફેસરો, ૧,૫૧૮ સંશોધકો, ૬૩૪ વહીવટી કર્મચારીઓ અને ૩,૨૯૦ વિદ્યાર્થીઓ દ્વારા હસ્તાક્ષર કરાયેલ, આ પત્ર બેલ્જિયન શૈક્ષણિક સમુદાય દ્વારા ગાઝા અને પેલેસ્ટીનમાં કથિત માનવ અધિકારોના ઉલ્લંઘનની સૌથી એકીકૃત ટીકાનું પ્રતિનિધિત્વ કરે છે. આ બહિષ્કારની પહેલ અગાઉના વિદ્યાર્થીઓના વિરોધને અનુસરે છે અને બેલ્જિયન યુનિવર્સિટીઓ વૈશ્વિક માનવાધિકારની ચિંતાઓને કેવી રીતે સંબોધિત કરે છે તે માટે એક દાખલો સ્થાપિત કરી શકે છે.

# ફ્રાન્સના મુસ્લિમોએ ઈસ્લામિક શાળાઓ સામે સરકારની કાર્યવાહીની ટીકા કરી

(એજન્સી) તા.૧૬

ફ્રેન્ચ કાઉન્સિલ ઓફ મુસ્લિમ વર્શીપ (CFCM)એ ફ્રાન્સમાં ઘણી ખાનગી ઈસ્લામિક શાળાઓને અસર કરતા વહીવટી નિર્ણયોને પગલે ‘અન્યાય અને ભેદભાવની ઊંડી લાગણી’ વ્યક્ત કરી છે. મંગળવારે બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં, કાઉન્સિલે લિલીમાં લિસી એવેરોઝ અને લિયોનમાં અલ કિન્ડી સ્કૂલ નેટવર્ક સાથેના રાજ્ય કરારની તાજેતરની સમાપ્તિની ટીકા કરી છે. CFCM મુજબ, આ પગલાં અસરગ્રસ્ત સમુદાયો દ્વારા ‘વ્યાપક રીતે અપ્રમાણસર અને અયોગ્ય ગણવામાં આવે છે’. CFCMએ અસમાન વર્તન અંગે ચિંતા વ્યક્ત કરી અને સમાન સંજોગોમાં અન્ય સંસ્થાઓ પ્રત્યે દેખાતી ઉદારતા તરફ ધ્યાન દોર્યું. નિવેદનમાં જણાવ્યું કે ‘ઉદાહરણ તરીકે, લીસી સ્ટેનિસ્લાસ ડી પેરિસ, જે અસંખ્ય વિવાદો માટે સમાચારમાં છે, તેણે તુલનાત્મક પ્રતિબંધોનો સામનો કરવો પડ્યો નથી. કાઉન્સિલે ‘ફ્રાન્સમાં મુસ્લિમો પ્રત્યે સામાન્ય શંકાના વ્યાપક અને ચિંતાજનક વલણ’ તરીકે વર્ણવ્યાની વચ્ચે આ ઘટના બની છે. CFCMએ ચેતવણી આપી કે ‘અલગતાવાદ’ અને ‘સામુદાયિકવાદ’ જેવા શબ્દોનો ઉપયોગ ‘સમગ્ર મુસ્લિમ સમુદાયને બદનામ કરવા’ માટે થાય છે. નાઈસમાં તાજેતરમાં મળેલી કાનૂની જીતને ટાંકીને, જ્યાં એક અદાલતે કોલેજ એવિસેનાને બંધ કરવાના




નિર્ણયને ઉથલાવી દીધો, કાઉન્સિલે અસરગ્રસ્ત શાળાઓને કાયદાકીય માધ્યમથી ન્યાય મેળવવા માંગ કરી. ‘આ દાખલો દર્શાવે છે કે ન્યાય પ્રણાલી આ સંસ્થાઓના અધિકારોનું રક્ષણ કરવા માટે જરૂરી અને અસરકારક ઉપાય છે,’ નિવેદનમાં ભાર મૂકવામાં આવ્યો હતો. CFCMએ જાહેર સત્તાવાળાઓને એવા નિર્ણયો લેવા વિનંતી કરી કે જેઓ ‘ન્યાય, પ્રમાણસર અને પ્રસ્થાપિત તથ્યો પર આધારિત હોય’ જેથી તણાવ વધતા અને સમુદાયોને દૂર કરવામાં ટાળી શકાય.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# વસ્તી ગણતરી દસ્તક દઈ રહી છે ત્યારે સાવધાની જરૂરી

**આ** નવા વર્ષમાં, દેશમાં પ્રથમ વખત ડિજિટલ વસ્તી ગણતરીનું કાર્ય આગળ વધવાની અપેક્ષા છે. દસ વર્ષના અંતરાલ કે સમયગાળા મુજબ, વસ્તી ગણતરી ૨૦૧૧ પછી ૨૦૨૧માં થવી જોઈતી હતી. પરંતુ તે શક્ય ન હતું કારણ કે સમગ્ર વિશ્વ ૨૦૨૦ અને ૨૦૨૧માં કોવિડ રોગચાળા સામે લડી રહ્યું હતું. ભારત પણ તેની પકડમાં હતું. આવી સ્થિતિમાં, વસ્તી ગણતરીની તૈયારીઓ મુલતવી રાખવામાં આવી હતી. ૨૦૨૨માં પણ કોવિડ અંગેનું વાતાવરણ રહ્યું, પછી સંસદીય ચૂંટણીઓ આવી, જેમાં વસ્તી ગણતરી કરનારા સરકારી કર્મચારીઓને મોટી સંખ્યામાં ભેગા થવું પડ્યું. ૨૦૨૪માં જ્યારે વડાપ્રધાન મોદીના નેતૃત્વ હેઠળની સરકાર ત્રીજી વખત સત્તામાં આવી, ત્યારે વસ્તી ગણતરી થવાની આશા હતી. આ વખતે વસ્તી ગણતરી જૂની ભૂલોને દૂર કરવાના ઉદ્દેશ્ય સાથે હાથ ધરવામાં આવશે. પીએમ મોદીના નેતૃત્વ હેઠળની NDA સરકાર જૂની ભૂલોને સુધારીને પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરીની તૈયારીમાં વ્યસ્ત છે, નવી વસ્તી ગતણરીમાં જે ફોર્મની કલ્પના કરવામાં આવી રહી છે તે એક રેકોર્ડ હશે. એક એવો રેકોર્ડ જે હંમેશા ડિજિટલ સ્વરૂપમાં ઉપલબ્ધ રહેશે, જેથી તેનો ઉપયોગ કોઈપણ સમયે વિચારણા હેઠળની કોઈપણ યોજનામાં થઈ શકે. કોઈપણ વર્ગ કે જૂથના કદ, ભૌગોલિક વિતરણ, લૈંગિક માળખું અને સામાજિક-આર્થિક સ્થિતિનો આવો ડિજિટલ રેકોર્ડ, જે ભારતના સામાજિક માળખાનું સંપૂર્ણ ચિત્ર દર્શાવી શકે છે. નાગરિકતા અધિનિયમ, ૧૯૫૫ની કલમ 14A હેઠળ, બધા નાગરિકોની નોંધણી અને રાષ્ટ્રીય ઓળખ કાર્ડ જારી કરવા ફરજિયાત છે. રાષ્ટ્રીય વસ્તી રજિસ્ટર એટલે કે NPRનો ઉદ્દેશ્ય આ કરવાનો છે. આ વસ્તી ગણતરી એક રાષ્ટ્ર-એક ચૂંટણીને પહેલ માટે પણ પગથિયા રૂપ રહેશે એમ જાણકારો કહી રહ્યા છે. વસ્તી ગણતરીમાં એકત્રિત કરવામાં આવેલી ડિજિટલ માહિતી મતવિસ્તારની સીમાઓ નક્કી કરવા અને સામાજિક જૂથો અને મહિલાઓ માટે બેઠકો અનામત રાખવાનો આધાર બનશે. આ જરૂરી છે કારણ કે વસ્તી નિયંત્રણને પ્રોત્સાહન આપવા માટે ૪૨મા બંધારણીય સુધારા અધિનિયમ (૧૯૭૬) દ્વારા ૨૦૦૦ સુધીમાં સીમાંકન કરવામાં આવ્યું હતું. ૮૪મા સુધારા અધિનિયમ (૨૦૦૨) દ્વારા આ મોરેટોરિયમ ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યું. જો પ્રસ્તાવિત વસ્તી ગણતરી ટૂંક સમયમાં શરૂ થશે, તો તેનો રેકોર્ડ ૨૦૨૬માં બહાર પાડવામાં આવશે. લાંબા સમયથી, સામાજિક જૂથો અને મહિલાઓ માટે બેઠકોની અનામત જૂની અને અપૂર્ણ માહિતી પર આધારિત હતી, જેને ડિજિટલ વસ્તી ગણતરી પછી વધુ સંગઠિત સંગ્રહમાં (ડેટાબેઝ) બદલવામાં આવ્યું છે. આ ડેટાબેઝ ઘણા હેતુઓ પૂરા કરશે અને જનતા માટે પણ ઉપયોગી થશે. તે જન્મથી લઈને શિક્ષણ, રોજગાર અને આવકવેરા સુધીની નીતિઓ નક્કી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. વિપક્ષ ભાજપ પર નિશાન સાધી રહ્યો છે કે તે અનામતની વિરૂદ્ધ છે, ભલે ભાજપે અનામત અંગે આપેલ વચન કેટલું મજબૂત છે. એનો ખ્યાલ તો ભવિષ્યમાં જ આવશે પરંતુ જે રીતે ભાજપની સરકારો સામે પક્ષપાતના આક્ષેપો થતાં રહ્યા છે અને અમુક ચોક્કસ પ્રકારના વર્ગોમાં તેની પ્રત્યે સંદેહ કે અવિશ્વાસ છે એ વાસ્વતિકતામાં ન બદલે એનું ધ્યાન સૌએ રાખવું પડશે. કારણ કે આ વખતની વસ્તી ગણતરીનો ડેટા અગાઉની તમામ વસ્તી ગણતરીઓ કરતાં અનેકગણો પરફેક્ટ હશે... કેમ કે બદલાતા સમયની તાસીર સાથે ડિજિટલ યુગમાં આપણે પ્રવેશી ચૂક્યા છીએ અને ડિજિટલ યુગમાં બધું ખૂબ જ ઝડપથી અને ચોક્કસાઈપૂર્વક થાય છે ત્યારે આ ચોક્કસ ડેટાના આધારે પ્રજાના કોઈ ચોક્કસ વર્ગને નિશાન બનાવીને તેને વિકાસથી વંચિત ન રખાય એનું ખાસ ધ્યાન સરકાર સહિત સૌએ રાખવું જ રહ્યું.

# SC/ST પરના અત્યાચાર નિવારણમાં બેદરકારી દાખવવા બદલ શું મહારાષ્ટ્ર સરકારને જવાબદાર ગણવામાં આવશે ખરી ?

**એક RTIમાં પર્દાફાશ થયો છે કે, મહારાષ્ટ્રમાં SC/ST અત્યાચાર નિવારણ અધિનિયમ માટેની તકેદારી અને દેખરેખ સમિતિએ આ અધિનિયમ હેઠળના કેસોની પ્રગતિની સમીક્ષા કરવા માટે આઠ વર્ષમાં માત્ર એક જ બેઠક યોજી છે, કાયદા મુજબ તેના અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે દર વર્ષે બે બેઠકો યોજવી ફરજિયાત છે**

**કા**યદાની સ્થાપના અંત તરીકે નહીં પરંતુ તેના ઉત્સાહપૂર્ણ અમલીકરણ થકી ન્યાય આપવા માટે છે. આ નિર્ણાયક પગલા વિના, કાયદાનું શાસન અટકીને કાનૂની રક્ષણ તેમજ સામાજિક ન્યાયનો આધાર ક્ષીણ થઈ જાય છે. આ ચિત્રથી ભારતમાં સ્પષ્ટ થાય છે કે આપણે જાતિ-વર્ણ વિશેષાધિકૃત સ્થાપનાના શાસિત સમાજમાં ન્યાય માટે હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોની દુર્દશા જોતા આવ્યા છીએ. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ (SC/ST (PoA) અધિનિયમ) દલિત અને આદિવાસીઓ માટે કાયદાકીય પ્રતિબદ્ધતા તરીકે લાગુ કરવા માટે લાવવામાં આવી હતી. આ અધિનિયમ તેમના દ્વારા થતા અમાનવીય અપમાન અને અપરાધો અને જાતિ-આધારિત અત્યાચારો અને કોઈપણ પ્રકારના સામાજિક બહિષ્કાર સામે તેમનું રક્ષણ સુનિશ્ચિત કરે છે. તે સામાજિક સંબંધોથી લઈને વ્યાપક આર્થિક અસમાનતાઓ સુધી વિસ્તરે છે, મુખ્યત્વે કાયદાની જોગવાઈઓ દ્વારા વ્યાખ્યાયિત ઉલ્લંઘન અને સ્થાપિત પૂર્વધારણા સાથે કામ કરે છે. આવા શક્તિશાળી કાયદાના અધિનિયમ અંતર્ગત પ્રણાલીગત બિનકાર્યક્ષમતા અને રાજકીય ઈચ્છાશક્તિના અભાવને કારણે અમલીકરણમાં જોખમો પણ છે. પરિણામે, અસરકારક અમલીકરણ એક પડકાર બની ગયું છે, તેથી કાનૂની નિષ્ફળતા જે સૌથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો અને વારંવાર જાતિ વ્યવસ્થામાં સંસ્થાકીય ભેદભાવ અને હિંસાનો ભોગ બનનારાઓ માટેના ન્યાય અને સમાનતાના વિચારને કોરાણે મુકી દે છે. આ નિષ્ફળતા, અને રાજયની ઉદાસીનતા, મહારાષ્ટ્રમાં સ્પષ્ટપણે જોવા મળી છે, જ્યાં સત્તાવાળાઓ તેની જોગવાઈઓનું સક્રિયપણે ઉલ્લંઘન કરવાની હદ સુધી પહોંચી ગયા છે. 'રાજ્ય સ્તરની તકેદારી અને દેખરેખ સમિતિ'ની બેઠકો પર માહિતી અધિકાર (RTI) કાયદા હેઠળના તાજેતરના ડેટાએ SC અને STના રક્ષણમાં મહારાષ્ટ્રની અનિચ્છાને છતી કરી છે, જેનાથી જાતિ-આધારિત અત્યાચારોને સંબોધવામાં પ્રણાલીગત અંતર બહાર આવ્યા છે.

**મહારાષ્ટ્રમાં SC/ST એક્ટના અમલમાં શું ખોટું થયું ?**

SC/ST (POA) સુધારા નિયમો, ૨૦૧૬ના નિયમ ૧૬ મુજબ, ઉચ્ચ સત્તા ધરાવતી રાજ્ય સ્તરીય તકેદારી અને દેખરેખ સમિતિની રચના કરવામાં આવી છે, જેમાં SCના મુખ્ય પ્રધાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ (MP, MLA y™u MLC), ST સમુદાયો, વરિષ્ઠ અધિકારીઓ અને SC અને ST માટેના રાષ્ટ્રીય કમિશનના પ્રતિનિધિઓ સહિત ૨૫ જેટલા સભ્યોનો સમાવેશ થાય છે. પ્રગતિની સમીક્ષા કરવા માટે રાજ્યના મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં એક વર્ષમાં ઓછામાં ઓછા બે વાર મળવું જરૂરી હોય છે. RTI કાયદા હેઠળ મેળવેલી માહિતીએ ૨૦૧૮થી ૨૦૨૪ દરમિયાન આ બેઠકોના સંચાલન વિશેની પોલ ઉઘાડી પાડી છે. ૩૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ સામાજિક ન્યાય વિભાગના જવાબ અનુસાર, મહારાષ્ટ્ર સરકારે છેલ્લા છ વર્ષમાં રાજ્ય-સ્તરની તકેદારી અને દેખરેખ સમિતિની એક પણ બેઠક બોલાવી નથી. આ અંગેની છેલ્લી બેઠક ૩૦ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ યોજાઈ હતી. વધુમાં, લોકસભામાં તકેદારી સમિતિની બેઠકો અંગેના તારાંકિત પ્રશ્નના જવાબમાં, માર્ચ ૨૦૨૦માં તત્કાલીન સામાજિક ન્યાય મંત્રી થાવરચંદ ગેહલોતે ૨૦૧૬, ૨૦૧૭ અને ૨૦૧૮નો ડેટા રજૂ કર્યો હતો. પ્રતિભાવથી જાણવા મળ્યું કે, મહારાષ્ટ્ર એ ૨૦૧૬ અને ૨૦૧૭માં પણ રાજ્ય-સ્તરની કોઈ બેઠક યોજી ન હતી. આઠ વર્ષમાં જ્યારે સમિતિની ૧૬ વખત બેઠક મળવાનું થતુ હોય છે ત્યારે તેણે માત્ર એક જ બેઠક બોલાવી હતી. મહારાષ્ટ્ર સરકાર છેલ્લાં આઠ વર્ષોમાં, ઉદ્ધવ ઠાકરે હેઠળની મહા વિકાસ અઘાડી (MVA) અને એકનાથ શિંદે હેઠળની મહાયુતિ એમ બે અલગ-અલગ ગઠબંધન દ્વારા સંચાલિત થઈ છે. અને મુખ્યમંત્રી એકનાથ શિંદેએ તો સામાજિક ન્યાય વિભાગ મંત્રાલય પણ સંભાળ્યું હતું. આમ છતાં, બેઠકોનો અભાવ ગંભીર પ્રણાલીગત નિષ્ફળતાને રેખાંકિત કરે છે પરંતુ તેનાથી પણ વધુ ચિંતાજનક બાબત એ છે કે સભાઓ ન યોજવા પાછળનું કારણ પણ દર્શાવવામાં આવ્યું છે.

**શું મહારાષ્ટ્ર માટે દલિતો અને આદિવાસીઓની પ્રાથમિકતા નથી ?**

RTIના જવાબ મુજબ, સામાજિક ન્યાય વિભાગે, મુખ્યપ્રધાન સાથેની બેઠકો માટે સમય અને તારીખ ગોઠવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સમયના અભાવનું કારણ બતાવીને આ બેઠક અનિશ્ચિત સમય માટે પેન્ડિંગ રાખવામાં આવી છે. હકીકત એ છે કે, આ વિલંબ ૬ વર્ષ સુધી ચાલ્યો, જે દર્શાવે છે કે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના કલ્યાણ અને અધિકારોના વચનો પોકળ આશ્વાસન સિવાય બીજું કંઈ નથી. RTI કાયદા હેઠળ આ માહિતી માંગનાર પૂર્વ IAS અધિકારી ઈ.ઝેડ. ખોબ્રાગડેએ જણાવ્યું હતું કે, "જ્યારે તે કાયદા દ્વારા ફરજિયાત છે, તો મુખ્યમંત્રી કેવી રીતે કહી શકે છે કે તેમની પાસે એક પણ મીટિંગ કરવાનો સમય નથી? ગુનાઓની વધતી ઘટનાઓ છતાં, રાજ્યની નિષ્ફળતા બેઠકો બોલાવવી એ સંવેદનશીલ સમુદાયો પ્રત્યે રાજ્યની ઉદાસીનતાને પ્રતિબિંબિત કરે છે. ચૂંટણી પહેલાં, મુખ્યપ્રધાન 'લડકી બહેન યોજના' જેવી યોજનાઓને પ્રમોટ કરવા માટેના કાર્યક્રમોમાં હાજરી આપતા જોવા મળ્યા હતા. તેમની પાસે આવા પ્રચાર માટે સમય હતો પરંતુ આ મહત્વપૂર્ણ બેઠકો કરવા માટે નહીં?"

**શું મુખ્યપ્રધાન સામે કાયદા હેઠળ કાર્યવાહી થઈ શકે ?**

SC/ST (PoA) અધિનિયમ હેઠળ, કલમ ૪(૨)(g)એ 'જાહેર સેવકો' જેઓ એક્ટ અને તેના નિયમો હેઠળ તેમની ફરજોની ઈરાદાપૂર્વક અવગણના કરનારા માટે સજાની જોગવાઈ કરે છે. ખાસ કરીને, તે જણાવે છે કે, કોઈપણ 'જાહેર સેવક' કે જેઓ SC/ST સમુદાયના સભ્ય નથી, તેમને અધિનિયમ હેઠળ તેમની ફરજો બજાવવાનો ઈનકાર કરવા બદલ શિક્ષા કરવામાં આવશે. આ કિસ્સામાં, મુખ્યપ્રધાન અને અન્ય સમિતિના સભ્યોએ, અધિનિયમ હેઠળ ફરજિયાત બેઠકોના સંચાલનની અવગણના કરીને તેમની બંધારણીય ફરજોની ઈરાદાપૂર્વક ઉપેક્ષા દર્શાવી છે. કાયદાકીય આવશ્યકતા હોવા છતાં તેમની ઘટનાની ખાતરી કરવામાં તેમની નિષ્ફળતા, ઈરાદાપૂર્વકની નિષ્ક્રિયતા છે જે તેમને કાર્યવાહી માટે જવાબદાર બનાવે છે. જો કે ભારતીય દંડ સંહિતા (IPC) અથવા તેના અનુગામી હેઠળ મુખ્યપ્રધાનને જાહેર સેવક તરીકે સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું નથી, તેમ છતાં ભારતીય ન્યાય સંહિતા (BNS) સુપ્રીમ કોર્ટ, એમ. કરુણાનિધિ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૧૯૭૯)ના સીમાચિહ્ન કેસમાં), એ સમર્થન આપ્યું હતું કે, મંત્રી અથવા મુખ્યમંત્રી 'જાહેર સેવક'ના દાયરામાં આવે છે, જેમ કે કલમ ૨૧(૧૨)(a) હેઠળ વ્યાખ્યાયિત કરવામાં આવી છે. IPC, હવે BNSના અનુરૂપ વિભાગમાં સંહિતાબદ્ધ છે.

**સર્વોચ્ચ અદાલતનો ચુકાદો વિસ્તૃત રીતે જણાવે છે**

બંધારણની કલમ ૧૬૭ માં સમાવિષ્ટ જોગવાઈઓને આધારે, મુખ્ય પ્રધાન નિઃશંકપણે કલમ ૧૬૭ની કલમ (a)થી (c) દ્વારા ફરજિયાત જાહેર ફરજો બજાવે છે. મુખ્યપ્રધાન અને પ્રધાનો સરકારી ભંડોળમાંથી પગાર અને ભથ્થા મેળવે છે, જે તેઓ જે જાહેર ફરજો કરે છે તેના બદલે વિતરિત કરવામાં આવે છે. જેમ કે, તેઓ સરકારના પગારમાં છે અને તેથી પીનલ કોડ હેઠળ જાહેર સેવકો તરીકે લાયક ઠરે છે. તે વધુમાં સ્પષ્ટ કરે છે કે સરકારી તિજોરીમાંથી તેઓને મળતો પગાર તેઓ જે જાહેર સેવા પૂરી પાડવા માટે નિયુક્ત કરવામાં આવ્યા છે તે પ્રત્યેની તેમની જવાબદારીને રેખાંકિત કરે છે. મુખ્યપ્રધાનને આપવામાં આવતો પગાર કાર્યાલય સાથે વિરોધાભાસી છે અને રાષ્ટ્રપતિ અને સ્પીકર જેવા બંધારણીય કાર્યકર્તાઓની જેમ ચૂકવવામાં આવતો નથી. તેમની સામે ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ (FIR) સરળતાથી નોંધાઈ શક્તી ન હોવા છતાં, સમુદાયો અને વકીલોએ ઔપચારિક ફરિયાદો દાખલ કરવાનું ચાલુ રાખવું જરૂરી છે, કારણ કે કાયદો સ્પષ્ટપણે આવી ક્રિયાઓને સમર્થન આપે છે. આ પ્રયાસો અધિકારીઓની ફરજો પ્રત્યેની સ્પષ્ટ ઉપેક્ષાને ઉજાગર કરવા માટે એક પદ્ધતિ તરીકે કામ કરી શકે છે અને તેમની ખામીઓ વિશે જનજાગૃતિ પેદા કરી શકે છે. તે અધિકારીઓ પર હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો પ્રત્યેની તેમની જવાબદારીઓ નિભાવવા માટે જરૂરી દબાણ બનાવી શકે છે.

**મહારાષ્ટ્રમાં SC અને ST પર અત્યાચાર વધી રહ્યા છે**

મહારાષ્ટ્રમાં છેલ્લા કેટલાક વર્ષોમાં SC/ST વિરુદ્ધ હિંસા વધી રહી છે. મહારાષ્ટ્રના પરભણીમાં એક તાજેતરની ઘટનામાં એક દલિત વિસ્તારમાં કોમ્બિંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, જેના પરિણામે કાયદાના વિદ્યાર્થીનું કસ્ટડીમાં મૃત્યુ થયું હતું, તે દલિતો પ્રત્યે રાજ્યની અસંવેદનશીલતા અને દલિતોને નિશાન બનાવવા માટે પોલીસ સત્તાના દુરુપયોગને પુનરોચ્ચાર કરે છે. આંબેડકરવાદી કાર્યકર સોમનાથ સૂર્યવંશી જેવાના પીડિતોના પરિવારો, આ અત્યાચારોને રોકવા માટે માનવામાં આવતી સરકારી સંસ્થાઓ સામે ન્યાય માટે વિરોધ કરતા રહે છે. સત્તાધિકારીઓની સંસ્થાકીય નિષ્ક્રિયતા અને ઉદાસીનતા આ સમુદાયોની ફરિયાદ અને વેદનામાં વધારો કરે છે. આ કોઈ એક અલગ ઘટના નથી. તાજેતરના વર્ષોમાં ઘણા ગંભીર કિસ્સાઓ સામે આવ્યા છે, જે SC/ST (POA) અધિનિયમના અમલીકરણની પદ્ધતિને મજબૂત કરવાની જરૂરિયાતને પ્રકાશિત કરે છે. વાસ્તવમાં, ૨૦૨૨ નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB)નો અહેવાલ સમગ્ર ભારતમાં SC/STs વિરુદ્ધના ગુનાઓમાં વધારો દર્શાવે છે, જેમાં અનુસૂચિત જાતિઓ વિરુદ્ધ ૫૭,૫૮૨ અત્યાચારના કેસો નોંધાયા છે, જે ૨૦૨૧માં ૫૦,૯૦૦ કેસો કરતાં ૧૩.૧% વધુ છે. મહારાષ્ટ્રમાં, ૨૦૧૮ (૧,૯૪૭ કેસ)થી ૨૦૨૨ (૨,૭૪૩ કેસ)થી SC સમુદાયના વ્યક્તિઓ દ્વારા નોંધાયેલા કાયદા હેઠળના કેસોની સંખ્યામાં ૩૮.૯૬%થી વધુનો વધારો થયો છે. STના કિસ્સામાં તેમાં ૪૧%નો વધારો થયો છે. મહારાષ્ટ્રમાં ચોથા ક્રમે સૌથી વધુ કેસ નોંધાયા છે. દલિત માનવાધિકાર માટેના રાષ્ટ્રીય અભિયાનના દલિત મહિલા અધિકાર મંચના અહેવાલ અનુસાર, ૨૦૧૪થી ૨૦૧૯ દરમિયાન દલિત મહિલાઓ અને સગીર છોકરીઓ સામેના ગુનાઓમાં મહારાષ્ટ્ર પણ ચોથા ક્રમે છે. તે જ સમયે, મહારાષ્ટ્રમાં SC અને ST સામેના ગુનાઓ માટે દોષિત ઠેરવવાનો દર ચિંતાજનક રીતે ઓછો છે. SC માટે, ૨૦૧૮માં દોષિત ઠરવાનો દર માત્ર ૮.૮% હતો, જે ૨૦૧૯માં ઘટીને ૭.૨% થયો, ૨૦૨૦માં નજીવો વધીને ૧૧.૮% થયો, ૨૦૨૧માં ફરી ઘટીને ૧૦.૭% અને ૨૦૨૨માં ૮.૯% થયો હતો. ૨૦૨૫ના અંત સુધીમાં કેસ જીઝ સામેના ગુનાઓ ટ્રાયલ માટે પેન્ડિંગ હતા. ST માટે, ૨૦૧૮માં ૧૧.૩%, ૨૦૧૯માં ૧૧.૯%, ૨૦૨૦માં ૧૨.૫%, ૨૦૨૧માં ૧૧.૮% અને ૨૦૨૨માં ૧૨.૮% દોષિત ઠેરવવાનો દર એ જ રીતે નબળો હતો. ૨૦૨૨ના અંતે, ૪,૧૪૯ ગુના સામે હજુ પણ ૪,૧૪૯ કેસ નોંધાયા હતા. SC/ST (POA) એક્ટ લખનાર પી.એસ.કૃષ્ણને સમગ્ર પ્રક્રિયામાં રાજ્ય-સ્તરની સમિતિઓની નિર્ણાયક ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમના એક લખાણમાં તામિલનાડુના એક દલિત યુવક વી. શંકરની કુખ્યાત હત્યા કેસનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જેમાં એક વર્ષ અને નવ મહિનામાં ટ્રાયલ પૂર્ણ થઈ હતી. તેમણે ૨૦૧૫માં કાયદાના સુધારાની પ્રશંસા કરી જેણે કાયદાને, સમર્પિત વિશેષ સરકારી વકીલની નિમણૂક સાથે અને ઝડપી ટ્રાયલને સક્ષમ બનાવી હતી. જો કે, તેમણે ઉમેર્યું હતું કે, જો ઉચ્ચ-સત્તાવાળી તકેદારી અને દેખરેખ સમિતિઓની રચના કરવામાં આવી હોત અને નિયમિત રીતે બેઠકો યોજવામાં આવી હોત તો ન્યાય વધુ ઝડપથી મળી શક્યો હોત. હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો માટે ન્યાય સુનિશ્ચિત કરવામાં આવી સમિતિઓ ભજવે છે તે નિર્ણાયક ભૂમિકાને આ દર્શાવે છે કે મહારાષ્ટ્ર રાજ્યએ આંખ આડા કાન કર્યા છે. **(સૌ. : ધ વાયર.ઈન)**

# ઉદ્ધવના પક્ષમાં ઉઠવા લાગ્યા વિરોધના સુર ટીકાકારો કહી રહ્યા છે કે, પક્ષ કોંગ્રેસ જેવો બની ગયો છે

(એજન્સી) મુંબઈ, તા.૧૬

ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના એક વરિષ્ઠ નેતાએ એવી તીખી ટકોર કરી હતી કે અમારો પક્ષ કોંગ્રેસ જેવો બની ગયો છે. સિનિયર ધારાસભ્ય અને વિધાનસભામાં ઉદ્ધવ શિવસેનાના નેતા ભાસ્કર જાદવે બે દિવસ પહેલા રત્નાગીરી જિલ્લાના અને આસપાસના વિસ્તારોના પક્ષના હોદ્દેદારો સાથે યોજાયેલી બેઠકમાં પક્ષની કામગીરી અંગે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. હોદ્દેદારો સાથેની બેઠકમાં ભાસ્કરે એવું જણાવ્યું હતું કે એવું બોલવું નિરાશાજનક છે પરંતુ કહેવું પડે છે કે આપણો પક્ષ કોંગ્રેસ જેવો થતો જાય છે અને થઈ ગયો છે. જે કામ નથી કરતા એવા હોદ્દેદારો અને નેતાઓને બદલી નાખવાની આપણે હિંમત બતાવતા નથી. સિનિયર નેતાઓ અને હોદ્દેદારોના સૂચનો કોઈ સાંભળતું નથી. મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ થવાની છે એવામાં ભાસ્કરના આ પ્રકારના વિધાનો ઉદ્ધવ ઠાકરે માટે પરેશાની સમાન અને એમને શરમાવે એવા છે. ઉદ્ધવ ઠાકરેના નજીક ગણાતા પૂર્વ સાંસદ વિનાયક રાવત અને પક્ષના અન્ય નેતા સંજય કદમ બેઠકમાં હાજર



હોવા છતાં હિંમત કરીને ભાસ્કર જાદવે એવું પણ કહ્યું હતું કે પક્ષના તમામ પદ અધિકારીઓ માટે એક ચોક્કસ કાર્યકાળની મુદત નક્કી થવી જોઈએ એટલે એમને નિમણૂક થાય ત્યારે જ કેટલો સમય હોદ્દા પર રહેવું છે રહેવાનું છે એ સમય ગાળો નક્કી થઈ જવો જોઈએ. ભાસ્કરે આગળ જણાવ્યું કે એ ત્યારે જ થઈ શકે ત્યારે આપણે આપણા ખોટા પગલા ઉપર પુનઃ વિચારણા કરીએ તો જ આપણે જે ખોટું થયું છે તેનો સુધારો લાવી શકીએ તેમ છીએ. જો આવું કરીએ તો સંગઠન વધુ મજબૂત થશે અને આવનારી ચૂંટણીઓમાં આપણી ભૂમિકા મહત્વપૂર્ણ બનશે. ભાજપ આજે આપણને હિન્દુત્વના પાઠ ભણાવી રહ્યો છે પણ એ તો માત્ર બાળાસાહેબ ઠાકરે જ હતા જેવો શક્તિશાળી કોંગ્રેસની સામે ઊભા રહી ગયા હતા. ભાસ્કરે એવું પણ કહ્યું કે પક્ષના કાર્યકરો સંગઠનને મજબૂત બનાવવા ખૂબ મહેનત કરવા માટે તૈયાર અને ઉત્સુક છે પરંતુ કમનસીબી એ છે કે જે લોકો પૈસા આપે તેની જય હિમાયત પક્ષના નેતા કરે છે. જો નેતા પ્રમાણિક હોય તો જ કાર્યકરો મહેનત કરશે કેમ કે શિવસેના એક આગ છે અને ક્યારેક આપણે પણ આગની પથારી પર ચાલવું પડે છે. દરેક હોદ્દેદાર કે પદાધિકારી પક્ષને જવાબદાર રહે તે કરવું જરૂરી છે. જાદવે એવી માંગણી કરી હતી કે જે લોકો કોઈ કામ કર્યા વિના એક એક દાયકા કે તેના કરતાં વધુ સમયથી પોતાના હોદ્દાઓ ઉપર ચીટકીને બેઠા છે એમને દૂર કરવા જોઈએ. માત્ર ૧૫૦ મતદારો જે ગામમાં હોય ત્યાં ત્રણ શાખા પ્રમુખની ક્યાં જરૂર હોય છે? એ અંગે પણ આપણે પુનઃ વિચારણા કરવી જોઈએ અને હકીકતે દરેક હોદ્દેદારનો કાર્યકાળ ત્રણ વર્ષથી વધુ સમય માટેનો ન હોવો જોઈએ. શિવસેના ઉદ્ધવનું નેતૃત્વ ભાસ્કરના વિધાનોથી જરાય રાજી થયું નથી. સાંસદ સંજય રાઉતે એવી પ્રતિક્રિયા આપી હતી કે પક્ષની નેતાગીરી ભાસ્કરે વ્યક્ત કરેલી ચિંતાઓ અને મુદ્દાઓ ઉપર વિચારણા જરૂર કરશે પરંતુ આજે એવો સમય છે જ્યાં એ જરૂરી છે કે શું કહેવું અને શું ન કહેવું એ સમજવું જોઈએ અને પોતે શું કહી રહ્યા છે તેની તેમને જાણ હોવી જોઈએ. તેમણે કહ્યું કે પક્ષનું નેતૃત્વ ભાસ્કર જાદવ સાથે પણ ચર્ચા વિચારણા કરશે પરંતુ એક સિનિયર નેતાની રૂએ આપણે જવાબદારી અને સંયમ સાથે વાત કરવી જોઈએ અને બોલવું જોઈએ. પક્ષની આંતરિક કાર્ય પદ્ધતિ વિશે જાહેરમાં ભાસ્કર બોલ્યા તેનાથી તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. ચીપલુનની બેઠકમાં હાજર પૂર્વ સાંસદ વિનાયક રાવતે એવું જણાવ્યું હતું કે ભાસ્કરના વિધાનો વિશે ગંભીરતાથી જોવાની કેવી વિચારવાની જરૂર નથી. તેમણે હોદ્દેદારો માટે ચોક્કસ સમય મર્યાદા નક્કી કરવાનું જે સૂચવ્યું એ સારું સૂચન છે. આ વિશે તો ખુદ પક્ષના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે પણ વિચારણા કરી રહ્યા છે.

# કૂવાઓનો આકાર ગોળાકાર કેમ હોય છે ? ચાલો આપણે ગોળાકાર કૂવાઓ બનાવવા પાછળનું વિજ્ઞાન સમજીએ

**કૂ**વાઓ ચોરસ અથવા ત્રિકોણાકારને બદલે ગોળાકાર હોય છે. તે માત્ર તેને સુંદર બનાવવા માટે નથી પણ તેની પાછળ વૈજ્ઞાનિક કારણો છે. ગોળાકાર કૂવાનો ફાયદો એ છે કે પાણીનું દબાણ બધી બાજુઓ પર સરખુ રહે છે. આપણી આસપાસ એવી ઘણી બધી વસ્તુઓ છે જેના વિશે આપણે બીજી વાર વિચાર કરતા નથી. જો ક્યારેક કોઈ સવાલ ઊભો થાય તો પણ આપણે ભાગ્યે જ જાણવાનો પ્રયત્ન કરે છે કે આવું કેમ છે ! દાખલા તરીકે, તમે ઘણા બધા કુવાઓ જોયા હશે પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે આ કુવા મોટાભાગે ગોળાકાર કેમ હોય છે ? વ્યક્તિ, ત્રિકોણાકાર, ચોરસ અથવા ષટ્કોણ કૂવો બનાવી શકે છે પરંતુ તે લાંબા સમય સુધી ટકશે નહીં. કારણ જેટલા ખૂણા હશે તેટલા ખૂણાઓ પર પાણીનું દબાણ વધુ હશે. અને આ દબાણને કારણે, કૂવાની દિવાલો પર તિરાડો દેખાશે અને તેની દિવાલો ગમે ત્યારે પડી જઈ શકે છે. ગોળાકાર કૂવા બનાવવાનો ફાયદો એ છે કે, પાણીનું દબાણ બધી બાજુઓ પર સમાન રહે છે. તેથી આ કૂવાઓ ઘણા દાયકાઓ સુધી અકબંધ રહે છે. આમ, અન્ય આકારના કુવાઓ કરતાં વધુ મજબૂત હોવાને કારણે ગોળાકાર કૂવાઓ બાંધવામાં આવે છે. તદુપરાંત, તે ચોરસ અથવા ત્રિકોણાકાર કૂવાઓ કરતાં વધુ સ્થિર હોવાને કારણ દબાણથી તેના બેસી જવાની શક્યતા ઓછી છે. ગોળાકાર કૂવા બનાવવાનું પસંદ કરવા પાછળ કેટલાક અન્ય કારણો પણ છે. તેમાંથી એક છે આવા કૂવાઓ માટેના બાંધકામની કિંમત છે. ગોળાકાર કૂવા બનાવવા માટે ઓછી સામગ્રી અને ઓછા મજૂરની જરૂર પડે છે. તદુપરાંત, ચોરસ અથવા ત્રિકોણાકાર કૂવાઓ કરતાં ગોળાકાર કૂવાઓને ડ્રિલ કરવું સરળ હોય છે. તેથી તે સસ્તુ પણ પડે છે. સૌથી અગત્યનું, અન્ય પ્રકારના આકારવાળા કૂવાઓની સરખામણીમાં ગોળાકાર કૂવાઓ ઓછા પ્રયત્નો સાથે વધુ પાણી આપે છે. તેથી કૂવાઓ તો કોઈપણ આકારમાં ખોદી શકાય છે પરંતુ ગોળાકાર કૂવા સૌથી સરળ અને સામાન્ય હોય છે.

**-પરિસ્મિતા સૈઈકિયા (સૌ. : ન્યૂઝ૧૮.કોમ)**

**હદીસ બોધ**

પોતાને જ અકલમંદ સમજવું ખતરનાક છે.

- હદીસ બોધ

**બોધ વચન**

જે કર્ઝ તમારા પર છે તેને ચૂકવી દો, ત્યારે તમને ખબર પડશે કે તમારી પાસે પોતાનું શું છે. - બેન્જામિન ફ્રેંકલિન

**આજની આરસી**

૧૭ જાન્યુઆરી શુક્રવાર ૨૦૨૫
૧૬ રજબ હિજરી ૧૪૪૬
પોષ વદ ચોથ સંવત ૨૦૮૧
સુબ્હ સાદિક ૫-૫૯
ખત્મે ઝવાલ ૧૨-૫૦
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૨૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૧૬

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**તેરે સોફે હૈં અફરંગી, તેરી કાલીન હૈં ઈરાની,**
**લહુ મુઝ કો રૂલાતી હૈ જવાનોં કી તન-આસાની**

યુવાન ફિરંગીના સોફામાં આરામ કરે છે, ઈરાની કાલીન-મેટ ઉપર ચાલે છે, એશો આરામ કરે છે. પિતાની કમાણી ઉપર તાગડધિન્ના કરે છે, કામકાજ કરતો નથી. આ બાબત કવિને લોહીના આંસુ રોવડાવે છે. દાયકાઓ પહેલાં કવિએ યુવાનોને જગાડવાનો પ્રયત્ન કરેલો. અત્યારે બાઈક ઉપર રખડતા, મોબાઈલમાં રચ્યા પચ્યા રહેતા મુસ્લિમ યુવાનોને બિલકુલ લાગુ પડે છે. અલ્લાહ તેમને નેક તોફિક અતા કરે.

- **(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - **વ્યવસ્થાપક**

# ટીમ ઈન્ડિયાના શિક્ષિત ખેલાડીઓ; કોઈ એન્જિનિયર તો કોઈએ પીએચડી કર્યું



નવી દિલ્હી, તા.૧૬

ટીમ ઈન્ડિયાના ટોપ ટેન સૌથી શિક્ષિત ખેલાડીઓની વાત કરીએ તો કોઈએ પીએચડી કર્યું છે તો કોઈ એન્જિનિયર છે. ભારતીય ક્રિકેટ ટીમનો પૂર્વ દિગ્ગજ અનિલ કુમ્બલે શિક્ષિત ક્રિકેટરોમાંથી એક છે. કુમ્બલેએ રાષ્ટ્રીય વિદ્યાલય કોલેજથી મિકેનિકલ એન્જિનિયરની ડિગ્રી પ્રાપ્ત કરી છે. પૂર્વ ભારતીય ક્રિકેટર વીવીએસ લક્ષ્મણે એમબીબીએસમાં એડમિશન લીધું હતું પણ તેઓ તેને પૂરૂં કરી શક્યા નહીં. મુંબઈના પૂર્વ ક્રિકેટર આવિષ્કાર સાલ્વી પણ શિક્ષિત ભારતીય ખેલાડીઓમાંથી એક છે. સાલ્વીએ એસ્ટ્રોનોમી ફિઝિક્સમાં પીએચડી કરી છે. ગત વર્ષે ક્રિકેટમાંથી સંન્યાસ લેનાર રવિચંદ્રન અશ્વિને ચેન્નાઈની એસએસએન એન્જિનિયરિંગ કોલેજમાં ઈન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજીમાં બી.ટેકની ડિગ્રી પ્રાપ્ત કરી છે. વેંકટેશ અય્યર ભારતના સૌથી શિક્ષિત ક્રિકેટરોમાંથી એક છે. વેંકટેશ અય્યરે બી.કોમની સાથે એમબીએ અને હવે પીએચડી કરી રહ્યો છે. ભારતીય ટીમના પૂર્વ ક્રિકેટર મુરલી વિજયે રમતની સાથે-સાથે ઈકોનોમિક્સમાં પોસ્ટ ગ્રેજ્યુએશનની ડિગ્રી પ્રાપ્ત કરી છે. ભારતના પૂર્વ દિગ્ગજ ઝડપી બોલર જવાગલ શ્રીનાથે પણ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે. શ્રીનાથે ઈન્સ્ટ્રુમેન્ટલ ટેક્નોલોજીમાં એન્જિનિયરિંગની ડિગ્રી પ્રાપ્ત કરી છે. ભારતના પૂર્વ સ્ફોટક ઓપનર શ્રીકાંતે ઈલેક્ટ્રિકલ એન્જિનિયરની ડિગ્રી પ્રાપ્ત કરી છે.

# હારેલી મેચમાં સૌથી મોટી ઈનિંગ રમવાનો ચાર્લ્સ કોવેન્ટ્રીનો રેકોર્ડ



નવી દિલ્હી, તા.૧૬

હારેલી વન-ડેમાં સૌથી મોટી ઈનિંગ રમનાર બેટ્સમેનોમાં ચાર્લ્સ કોવેન્ટ્રી છે. હારેલી વન-ડેમાં સૌથી મોટી ૧૯૪ રનની ઈનિંગ રમવાનો રેકોર્ડ ઝિમ્બાબ્વેના ચાર્લ્સ કોવેન્ટ્રીના નામે છે. પાકિસ્તાનના ફખર ઝમાનની ૧૯૩ રનની ઈનિંગ બાદ પણ દ.આફ્રિકાનો વિજય થયો હતો. ૨૦૦૭માં મેથ્યુ હેડનના ૧૮૧ રન પણ ઓસ્ટ્રેલિયાને ન્યુઝીલેન્ડ વિરુદ્ધ જીત અપાવી શક્યા ન હતા. વેસ્ટઈન્ડિઝના એવિન લુઈસે ૧૭૬ રનની ઈનિંગ રમી હતી, આ મેચમાં વિન્ડિઝને ઈંગ્લેન્ડ વિરુદ્ધ DLS નિયમ મુજબ હાર મળી હતી. ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ હૈદરાબાદમાં સચિન તેન્ડુલકરની ૧૭૫ રનની ઈનિંગ બાદ પણ ભારતને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. દ.આફ્રિકામાં ડેવિડ વોર્નરની ૧૭૩ રનની ઈનિંગ બાદ પણ ઓસ્ટ્રેલિયા મેચ હારી ગયું હતું. રનની ઈનિંગ છતાં ન્યુઝીલેન્ડ સામે બાંગ્લાદેશનો પરાજયો થયો હતો. ૧૯૯૩માં ઈંગ્લેન્ડનો રોબિન સ્મિથ પ્રથમ બેટ્સમેન હતો જેની ૧૫૦થી વધારે રનની ઈનિંગ બાદ પણ ટીમ હારી હતી, તેણે ૧૬૭ રન બનાવ્યા હતા. દ.આફ્રિકા વિરુદ્ધ ૪૩૪ રન બનાવવા છતાં પણ ઓસ્ટ્રેલિયાને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. રિકી પોન્ટિંગે આ મેચમાં ૧૬૪ રન બનાવ્યા હતા.

# ભારતના દલિતો અવિરત જુલમ અને હિંસાનો ભોગ બને છે

**ગયા મહિને અમે અમારા ભારતીય મિત્ર જ્હોન્સન રૂઝવેલ્ટ પેટ્ટાની મુલાકાતનો આનંદ માણ્યો, હિન્દુ સાથે સંકળાયેલ હોય તે દરેકથી દૂર રહેતા મોટાભાગના ખ્રિસ્તી ભારતીયો (૨.૮ કરોડ) તેમના નામો બાઈબલમાં ઉલ્લેખ કરવામાં આવેલ નામો ધરાવે છે, પરંતુ જ્હોન્સનના પરિવારને સ્પષ્ટપણે બે અમેરિકન રાષ્ટ્રપતિઓ પ્રત્યે ખૂબ પ્રેમ હતો, જ્હોન્સનના દાદા સાક્ષર હતા અને વિશ્વ બાબતો વિશે બહોળા પ્રમાણમાં વાંચતા હતા, રૂઝવેલ્ટ પ્રત્યેની તેમની પ્રશંસા તેમની સૌથી મોટી પૌત્રીનું નામ રોઝી રાખવાના આગ્રહમાં પણ જોવા મળે છે**

(એજન્સી) તા.૧૬

**ગાંધી અને દલિતો :** મને એ જાણીને આશ્ચર્ય થયું કે જોહ્ન્સન દલિત હતા, જે હવે 'અસ્પૃશ્ય' માટે રાજકીય રીતે યોગ્ય નામ છે. મહાત્મા ગાંધી તેમને 'હરિજન' કહેવાનું પસંદ કરતા હતા જેનો અર્થ 'ભગવાનના બાળકો' થાય છે. ગાંધી માનતા હતા કે 'જાતિ એક સામાજિક દુષણ છે અને અસ્પૃશ્યતા આત્માનો નાશ કરનારૂં પાપ છે.' જોહ્ન્સને મને કહ્યું કે ઘણા દલિતો, જેઓ અન્યથા ગાંધીની ખૂબ પ્રશંસા કરે છે, તેઓ હરિજન શબ્દને તુચ્છ અને અપમાનજનક માને છે. ગાંધીના આશ્રમોમાં દરેક વ્યક્તિ (ગાંધીની એક સમયે વિરોધ કરતી પત્ની સહિત)એ ગંદા કામમાં ભાગ લેવાની અપેક્ષા રાખવામાં આવતી હતી જે દલિતો (૨૦ કરોડ લોકો) હજુ પણ ભારતના જાતિગત નગરો અને ગામડાઓમાં કરે છે. ઓક્ટોબર ૧૯૯૫માં હું કલકત્તાથી વારાણસી જતી ટ્રેનમાં હતો અને ટ્રેન કલાકો સુધી રોકાઈ ગઈ કારણ કે રેલ્વે કર્મચારીઓને પાટા પરથી મૃત ગાય દૂર કરવા માટે કોઈ દલિત ન મળ્યો. ફક્ત દલિત જ મૃતદેહને સ્પર્શ કરી શકે છે.

**આંબેડકર અને ભારતનું બંધારણ :** ભારતના બંધારણના લેખક બી. આર. આંબેડકર નામના દલિત હતા, જેમણે પાછળથી તે દમનકારી વ્યવસ્થાના વિરોધમાં જાતિવિહીન બૌદ્ધ ધર્મ અપનાવ્યો. અવિશ્વસનીય અવરોધો છતાં તેઓ બોમ્બે યુનિવર્સિટીમાંથી સ્નાતક થનારા પ્રથમ દલિત હતા. ત્યાં, ૧૯૧૨માં તેમણે અર્થશાસ્ત્ર અને રાજકીય વિજ્ઞાનમાં ડિગ્રી મેળવી. ૧૯૫૬માં તેમના મૃત્યુ સુધી આંબેડકરે તેમની દલિત બહેનો અને ભાઈઓના અધિકારો માટે અથાક મહેનત કરી. આંબેડકર અને અન્ય દલિત નેતાઓ ગાંધીના મંતવ્યની ખૂબ ટીકા કરતા હતા કે દલિતોને સંપૂર્ણ અધિકારો હોવા છતાં તેઓ તેમના પોતાના વારસાગત સ્થાનોમાં રહેવા જોઈએ. ગાંધીજીએ ઘણા લોકોને બદનામ કર્યા જ્યારે તેમણે લખ્યું : 'જો હું સફાઈ કામદાર છું તો મારા દીકરાએ તે કેમ ન હોવું જોઈએ ?' આંબેડકરે ખાતરી કરી કે ભારતીય બંધારણમાં જાતિ ભેદભાવ સામે કડક જોગવાઈઓ હોય. જોહ્ન્સનના પિતા, જેમણે વાયુસેનામાં સેવા આપી હતી અને તેમના દાદા, જે ટપાલ સેવામાં કામ કરતા હતા, તેમને સરકારી નોકરીને કારણે કામ પર રક્ષણ મળે.

**દલિતો સામે દાયકાઓથી હિંસા :** ખાનગી ક્ષેત્રમાં સંઘીય કાયદાઓનું સ્પષ્ટ ઉલ્લંઘન થાય છે. જાતિ બહિષ્કારની દુષ્ટતાને નાટકીય રીતે એક વાર્તામાં દર્શાવવામાં આવી છે જે જોહ્ન્સન તેમના દલિત દાદા વિશે કહે છે. ખ્રિસ્તી ધર્મ અપનાવ્યા પછી તેમના હિન્દુ પડોશીઓ પાસે તેમને નફરત અને હેરાન કરવાનું એક વધારાનું કારણ હતું. ઘણા હિન્દુઓ માટે ધર્મ છોડી દેવો એ એક ગંભીર પાપ છે. માતાના દાદા સામે બીજો પ્રહાર એ હતો કે તેમણે ખેતીની જમીન ખરીદવા માટે પૂરતા પૈસા બચાવ્યા હતા, જે દલિતો માટે એક દુર્લભ અપવાદ હતો. એક દિવસ જ્યારે તેઓ તેમના ચોખાના પાકને બજારમાં લઈ જઈ રહ્યા હતા, ત્યારે કેટલાક હિન્દુ બદમાશોએ તેમના પર હુમલો કર્યો. તેઓએ તેમને માર માર્યો અને તેમની બળદગાડીને તેમની જાંઘના પાછળના ભાગ પર ફેરવી દીધી. જોહ્ન્સને કહ્યું કે, પરિવારની શરમ એટલી બધી હતી કે નાનપણમાં તેમને ક્યારેય કહેવામાં આવ્યું ન હતું કે 'દાદા આટલા વિચિત્ર રીતે કેમ ચાલતા હતા.' એકલા ૨૦૧૪માં બિહાર રાજ્યમાં દલિતો સામે હિંસાના ૧૭,૦૦૦ કેસ થયા હતા અને ફક્ત ૧૦% કેસ જ સુનાવણીમાં આવ્યા છે. સાઈ રામ નામના ૧૫ વર્ષના દલિત બકરી ચરાવનારને તેની એક બકરી એક ઉચ્ચ જાતિના હિન્દુની મિલકત પર ચરવા ગયા બાદ જીવતો સળગાવી દેવામાં આવ્યો હતો. દલિત મહિલાઓ પર નિયમિત રીતે સામૂહિક બળાત્કાર કરવામાં આવે છે અને દલિત પરિવારોને નાનામાં નાના બહાના પર વારંવાર તેમના ઘરમાંથી બહાર કાઢવામાં આવે છે.



**જોહ્ન્સનનું અલગ ચર્ચ :** ૧૯મી સદીની શરૂઆતમાં બ્રિટિશ મિશનરીઓના આગમનથી લાખો દલિતો જાતિ વ્યવસ્થાથી બચવાની આશામાં ખ્રિસ્તી ધર્મ અપનાવી રહ્યા હતા. કેટલાક ધર્માંતરિત ઉચ્ચ જાતિના હિન્દુ હતા અને તેઓ સ્વાભાવિક રીતે મૂળ ચર્ચોમાં નેતા બન્યા. દુઃખદ વાત એ છે કે, તેઓએ ઘણા મંડળોમાં જાતિ ભેદભાવ ફરીથી રજૂ કર્યો. મને હૈદરાબાદમાં જોહ્ન્સન જે ચર્ચમાં હાજરી આપતા હતા તે ચર્ચની મુલાકાત લેવાની તક મળી. મધ્યમાં એક ભારે ઘેરો પડદો લટકતો હતો અને દલિત ભક્તો માટે અલગ પ્રવેશદ્વાર અને બાથરૂમ હતા. દર રવિવારે ઉચ્ચ જાતિના મંત્રી 'સંકલિત' સેવાઓનું નેતૃત્વ કરતા હતા.

**ઈમિગ્રન્ટ દલિતો ભેદભાવનો સામનો કરે છે :** યુ.એસ.માં સ્થળાંતર કરનારા દલિતોને તેમના ઉચ્ચ જાતિના દેશબંધુઓ દ્વારા ભેદભાવનો સામનો કરવો પડી રહ્યો છે. દક્ષિણ એશિયાઈ વંશના ૧,૨૦૦ વ્યક્તિઓના ૨૦૧૮ના સર્વેમાં જાણવા મળ્યું છે કે '૨૬% લોકોએ કહ્યું કે તેમની જાતિને કારણે તેઓએ શારીરિક હુમલો કર્યો છે, જ્યારે ૫૯% લોકોએ જાતિ આધારિત અપમાનજનક મજાક અથવા તેમના પર નિર્દેશિત ટિપ્પણીઓનો અહેવાલ આપ્યો છે.' ઘણા દલિતોએ સામનો કરેલા અવિશ્વસનીય અવરોધો છતાં તેઓએ વ્યવસાયોમાં પ્રગતિ કરી છે. જોહ્ન્સનના પિતા વકીલ બન્યા પરંતુ હવે, તાત્કાલિક અંતરાત્માના અવાજને અનુસરીને હૈદરાબાદમાં તેમના પોતાના ચર્ચનું પાદરી બનવાનું નક્કી કર્યું. ૨૦૦૨માં મેં ડેનવર યુનિવર્સિટીમાં જોહ્ન્સનના અભ્યાસને પ્રાયોજિત કર્યો જ્યાં તેમણે દલિત પાદરી ધર્મશાસ્ત્ર પર થીસીસ માટે નિબંધ પુરસ્કાર જીત્યો. જોહ્ન્સનની ભત્રીજીએ તાજેતરમાં મિકેનિકલ એન્જિનિયરિંગમાં સ્નાતક થયા અને તેમને એક પ્રતિષ્ઠિત ભારતીય કોર્પોરેશનમાં નોકરીની ઓફર કરવામાં આવી. ભારતના ટોચના યુવાન રસાયણશાસ્ત્રી, જે હવે ઈડાહો યુનિવર્સિટીમાં પોસ્ટડોક છે, તે દલિત ખ્રિસ્તી છે.

**જુલમ વાસ્તવિક છે, 'જાગૃત' નથી :** આજકાલ આપણામાંથી જે લોકો જુલમી અને જુલમ સહન કરનાર લોકોની વાત કરે છે તેમને અજ્ઞાનતાથી 'માર્ક્સવાદી' કહેવામાં આવે છે. કાર્લ માર્ક્સ ૧૯મી સદીના મૂડીવાદની દમનકારી પરિસ્થિતિઓની નિંદા કરવામાં સાચા હતા, પરંતુ જેઓ તેમની સાથે સંમત થાય છે તેઓ તે ભયાનક કાર્યકારી વાતાવરણને સ્વીકારવા બદલ સામ્યવાદી નથી. દક્ષિણ જાતિવાદીઓ દ્વારા ગુલામ બનેલા આફ્રિકનોની કઠોર હકીકતો, ઉદાહરણ તરીકે ફ્લોરિડા હાઈ સ્કૂલના પાઠ યોજનાઓ દ્વારા દૂર થતી નથી જે દર્શાવે છે કે મોટાભાગના ગુલામો સુથારીકામ, લોખંડનું કામ અને ધોલાઈ જેવા કૌશલ્યો શીખ્યા હતા. તેઓએ ખરાબ સ્વાસ્થ્ય અને કાર્યકારી પરિસ્થિતિઓમાં જીવતા, મારપીટ, પોલીસ કૂતરાઓ અને લિંચિંગના ડરમાં જીવવાનું પણ શીખ્યા. ૨૦ જાન્યુઆરીએ માર્ટિન લ્યુથર કિંગ ડે ઉજવવાની તૈયારી કરતી વખતે ચાલો તેમના સિદ્ધાંતનો પ્રચાર કરીએ કે 'ક્યાંય પણ અન્યાય એ દરેક જગ્યાએ ન્યાય માટે ખતરો છે.'

# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા સિતાંશુ કોટક ટીમ ઈન્ડિયાના બેટિંગ કોચ બન્યા

નવી દિલ્હી, તા.૧૬

સૌરાષ્ટ્રના પૂર્વ બેટ્સમેન સિતાંશુ કોટકને ઈંગ્લેન્ડ વિરૂદ્ધ સીમિત ઓવરોની સિરીઝ અને ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ગુરૂવારે ભારતના બેટિંગ કોચ બનાવાયા છે. કોટક આ પહેલા ભારત 'એ'ના મુખ્ય કોચ હતા. તેમના કોચિંગમાં ભારત 'એ' ટીમે ગત વર્ષ નવેમ્બરમાં ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કર્યો હતો. આ ઉપરાંત તે રાહુલ દ્રવિડની ગેરહાજરીમાં ઓગસ્ટ ૨૦૨૩માં આયરલેન્ડ પ્રવાસે ગયેલી ભારતીય ટીમના મુખય કોચ પણ રહ્યા હતા. બીસીસીઆઈએ સિતાંશુ કોટકની નિયુક્ત ભારતીય ટીમના આગામી કાર્યક્રમોને જોતા કરી છે. વાસ્તવમાં હાલમાં જ ભારતીય ટીમને ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ટેસ્ટ સિરીઝમાં હારનો સામનો કરવો પડ્યો હતો. આ દરમ્યાન ભારતીય બેટસમેનોએ નિરાશાજનક પ્રદર્શન કર્યું હતું. ત્યારબાદથી સહાયક કોચ અભિષેક નાયર પર સવાલ ઊઠી રહ્યા હતા. બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં થયેલા કારમા પરાજય બાદ ગત સપ્તાહ બીસીસીઆઈએ એક રિવ્યુ મીટિંગ બોલાવી હતી. ત્યારબાદ આ નિર્ણય લેવાયો છે. એવું માનવામાં આવે છે કે આ રિવ્યુ મીટિંગમાં ભારતીય કપ્તાન રોહિત શર્માએ બેટિંગ કોચ રાખવાનું સૂચન આપ્યું હતું. કોટક મુખ્ય કોચ ગૌતમ ગંભીરના કોચિંગ સ્ટાફમાં પાંચમા સહાયક સભ્ય હશે. ટીમમાં મોર્ન મોર્કેલના રૂપમાં બોલિંગ કોચ, ટી. દિલીપના રૂપમાં ફિલ્ડિંગ કોચ અને અભિષેક નાયર અને રાયન ટેન ડોશેટના રૂપમાં બે સહાયક કોચ પહેલાથી જ હાજર છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૫૨ વર્ષના કોટકની ફર્સ્ટ ક્લાસ કારકિર્દી ૨૦ વર્ષ લાંબી હતી અને તેમણે ૨૦૧૩માં સંન્યાસ લીધો હતો. તે ૨૦૧૯થી જ એનસીએમાં એક બેટિંગ કોચ તરીકે જોડાયેલ છે. ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ૨૨ જાન્યુઆરીથી કોલકાતામાં શરૂ થનારી ઈંગ્લેન્ડ સામેની સીમિત ઓવરની સિરીઝથી કોટક આ જવાબદારી સંભાળશે.

# મજબૂરી અથવા કડકાઈ....ઘરેલુ ક્રિકેટ તરફ કેમ ભાગી રહ્યા છે ભારતીય સ્ટારો

નવી દિલ્હી, તા.૧૬

વિરાટ કોહલીએ વર્ષ ૨૦૧૨માં અંતિમ ડોમેસ્ટિક મેચ રમી હતી. રોહિત શર્માએ વર્ષ ૨૦૧૬માં અંતિમ ઘરેલુ મેચ મુંબઈ માટે રમી હતી. બુમરાહ ૨૦૧૬માં ડોમેસ્ટિક ક્રિકેટ રમતો દેખાયો હતો. ૨૦૧૭-૧૮ની સિઝનમાં અંતિમ વાર રિષભ પંત દિલ્હી માટે ડોમેસ્ટિક ક્રિકેટ રમતો હતો. આ અમુક ઉદાહરણ છે જેમનો વનવાસ ઘરેલુ ક્રિકેટમાંથી સમાપ્ત થવાનો છે. હવે આ મજબૂરી છે કે બીસીસીઆઈની કડકાઈ ? જો કે હવે ૨૦૨૫માં પરિસ્થિતિ અલગ છે અને ભારતીય સ્ટારો ઘરેલુ ક્રિકેટ તરફ ભાગી રહ્યા છે પણ સવાલ એ છે કે આખરે આ મજબૂરી છે કે પછી કડકાઈ ? આનો જવાબ તમે શોધશો તો તમને જાણવા મળશે કે આ હવે ભારતીય સ્ટારો માટે મજબૂરી પણ છે અને કડકાઈ પણ છે કારણ કે ઉદાહરણ ભારતીય ક્રિકેટમાં સચિન તેન્ડુલકરનું આપવામાં આવે છે કે તે પોતાની કારકિર્દીના અંતિમ તબક્કામાં પણ ડોમેસ્ટિક ક્રિકેટ રમી રહ્યા હતા પણ આજ ક્રિકેટર આવું કરતા નથી. કોઈને ૧૩ વર્ષ તો કોઈને આઠ વર્ષ ઘરેલુ ક્રિકેટ રમતા થઈ ગયા છે પણ હવે તેમને ઘરેલુ ક્રિકેટ રમવા માટે લાચાર થવું પડ્યું છે. રોહિત શર્માએ મુંબઈ ટીમ સાથે રેડ બોલ માટે પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. રિષભ પંતે પોતાની ઉપલબ્ધતા જાહેર કરી દીધી છે જ્યારે કોહલી પણ દિલ્હી ટીમનો હિસ્સો છે. હવે વાત કરીએ કે ખેલાડીઓની મજબૂરી ડોમેસ્ટિક ક્રિકેટ રમવાની કેમ બની ગઈ છે. તેની પાછળનું કારણ છે ભારતીય સ્ટારોનું ફોર્મ રોહિત-કોહલી સહિતના સ્ટારો ફોર્મ સામે ઝઝૂમી રહ્યા છે. જયસ્વાલ અને શુભમન ગિલે રણજી ટ્રોફીમાં રમવાનું મન બનાવ્યું છે. આની સાથે પણ એ સમસ્યા છે કે જો તે નહીં રમે તો પછી તેમનું પત્તું કપાઈ શકે છે. બીસીસીઆઈએ તેવા ખેલાડીઓ પર લાલ આંખ કરી છે. જેઓ ઘરેલુ ક્રિકેટ નહીં રમીને આઈપીએલ અથવા અન્ય કોઈ ટુર્નામેન્ટને મહત્ત્વ આપે છે. બીસીસીઆઈએ કહ્યું કે જો તે ડોમેસ્ટિક ક્રિકેટ નહીં રમે તો પછી તેમની ટીમ ઈન્ડિયામાં પસંદગી થશે નહીં અને જો તે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટેડ પ્લેયર છે તે તેમનો કોન્ટ્રાક્ટ રિન્યુ કરવામાં આવશે નહીં. શ્રેયસ અય્યર અને ઈશાન કિશન આનો સામનો કરી ચૂક્યા છે.

# ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ૬૦૦ વિકેટ લેનાર પાંચ બોલરો

**સૌથી ઝડપી ૬૦૦ વિકેટ લેવાનો મુરલીધરનનો વર્લ્ડ રેકોર્ડ, તેમણે ૧૦૧ મેચોમાં આ સિદ્ધિ મેળવી હતી**

નવી દિલ્હી, તા.૧૬ : અત્યાર સુધી ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ફક્ત પાંચ બોલરોએ જ ૬૦૦ અથવા તેનાથી વધારે વિકેટ ઝડપી છે. શ્રીલંકાના મુથૈયા મુરલીધરનના નામે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી ૬૦૦ વિકેટ લેવાનો રેકોર્ડ છે. તેમણે ૧૦૧ મેચોમાં આ સિદંધિ મેળવી હતી. ભારતના અનિલ કુમ્બલેએ ૧૨૪ મેચોમાં ટેસ્ટ ક્રિકેટમાં ૬૦૦ વિકેટ પૂરી કરી હતી. ઓસ્ટ્રેલિયાના શેન વોર્ને ૬૦૦ વિકેટનો આંકડો ટેસ્ટ ક્રિકેટમાં ૧૨૬મી મેચમાં સ્પર્શ્યો હતો. ઈંગ્લેન્ડના જેમ્સ એન્ડરસને ૧૫૬ મેચોમાં ટેસ્ટ ક્રિકેટમાં ૬૦૦ વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડના સ્ટુઅર્ટ બ્રોડે ૬૦૦ વિકેટ લેવા માટે ૧૬૬ મેચ રમી હતી.

# કેરળ પોલીસ દ્વારા પઠાણમથિટ્ટામાં દલિત કિશોરી પર જાતીય હુમલાના ૪૨ આરોપીઓની ધરપકડ

## પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે જાહેર સ્થળો અને તેની શાળા સહિત વિવિધ સ્થળોએ તેની સાથે દુષ્કર્મ થયું હતું

(એજન્સી) તા.૧૬

કેરળ પોલીસે પઠાણમથિટ્ટા પોક્સો (જાતીય ગુનાઓથી બાળકોનું રક્ષણ) કેસમાં ૪૨ વ્યક્તિઓની ધરપકડ કરી છે અને ૫૮ આરોપીઓની ઓળખ કરી છે, જેમાં ૧૮ વર્ષની દલિત યુવતીએ જણાવ્યું હતું કે ૬૦થી વધુ પુરૂષોએ તેના પર જાતીય હુમલો કર્યો હતો અને દુષ્કર્મ કર્યું હતું. આ સંબંધે પઠાણમથિટ્ટા જિલ્લાના ચાર અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ૨૯ જેટલા કેસ નોંધાયા છે. અહેવાલો અનુસાર, પીડિતાએ ૬૨ વ્યક્તિઓ વિરૂદ્ધ નિવેદનો આપ્યા હતા, જોકે, યોગ્ય પુરાવાના અભાવે પોલીસે ફક્ત ૫૮ વ્યક્તિઓને આરોપી તરીકે ઓળખી કાઢ્યા છે. આરોપીઓમાંથી એક હાલમાં વિદેશમાં છે અને તેના વિરૂદ્ધ પોલીસ લુકઆઉટ નોટિસ જારી



કરશે. દુર્વ્યવહાર ૨૦૧૯માં શરૂ થયો હતો જ્યારે તે ૧૩ વર્ષની હતી. તેના પાડોશી, સુબિન (૨૪)એ તેની સાથે છેડતી કરી અને તેના નગ્ન ફોટોગ્રાફ્સ કેપ્ચર કર્યા. તેણે ૧૬ વર્ષની ઉંમરે તેના પર જાતીય હુમલો કરવાનો અશ્લીલ વીડિયો રેકોર્ડ કરવાનો અને તેને અન્ય આરોપીઓ સાથે શેર કરવાનો આરોપ પણ લગાવ્યો હતો, જેમણે પછીના વર્ષોમાં તેના પર હુમલો કર્યો હતો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે આ દુષ્કર્મ જાહેર સ્થળો અને તેની શાળા સહિત વિવિધ સ્થળોએ થયુ હતું. અહેવાલો અનુસાર, પઠાણમથિટ્ટા જનરલ હોસ્પિટલ સહિત ઓછામાં ઓછા પાંચ સ્થળોએ તેના પર સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો. પીડિતા આ ઘટનાઓ બની ત્યારે સગીર હતી, તેથી ધરપકડ કરાયેલા લોકો પર પોક્સો કાયદાની વિવિધ કલમો અને પછી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) કાયદા હેઠળ આરોપ મૂકવામાં આવ્યા છે. ધરપકડ કરાયેલા લોકોમાં સગીરોનો પણ સમાવેશ થાય છે. જે સંસ્થામાં પીડિતા હાલમાં અભ્યાસ કરી રહી છે ત્યાં કાઉન્સેલિંગ દરમિયાન આ દુર્વ્યવહાર પ્રકાશમાં આવ્યો હતો. તેમણે બાળ કલ્યાણ સમિતિ (CWC)ને જાણ કરી કે તેમણે કેસ નોંધ્યો છે અને પોલીસને જાણ કરી છે. હાલમાં તપાસ નાયબ પોલીસ અધિક્ષક (DySP) નંદકુમાર અને ઈન્સ્પેક્ટર વિનોદ કૃષ્ણન દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

# કોઈમ્બતુરમાં ભાજપ કાર્યાલય પર ગૌમાંસ ફેંકવાનો પ્રયાસ કરવા બદલ દલિત સમર્થક જૂથના સભ્યોની ધરપકડ

**કોઈમ્બતુરમાં ભાજપ કાર્યાલય પર ગૌમાંસ ફેંકવાનો પ્રયાસ કરવા બદલ દલિત સમર્થક જૂથ આદમી થામીઝર પેરાવાઈના સભ્યોની ધરપકડ કરવામાં આવી હતી, ભાજપના એક કાર્યકર્તાએ એક મહિલાને મંદિર નજીકથી ગૌમાંસ વેચતા સ્ટોલને દૂર કરવા માટે હેરાન કર્યા બાદ આ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેનો વીડિયો વ્યાપકપણે ઓનલાઈન પ્રસારિત થયો હતો**

(એજન્સી) તા.૧૬

દલિત સમર્થક સંગઠન આદમી થામીઝર પેરાવાઈના સભ્યોની વિરોધ સ્વરૂપે કોઈમ્બતુરમાં ભાજપ કાર્યાલય પર ગૌમાંસ ફેંકવાનો પ્રયાસ કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. ભાજપ નેતા સુબ્રમણ્યમ દ્વારા આ ઘટનાને વેગ આપવામાં આવ્યો હતો, જે મંદિર નજીક ગૌમાંસનો સ્ટોલ ચલાવતા એક દંપતીને હેરાન કરતા કેમેરામાં કેદ થયા હતા. સુબ્રમણ્યમે ગામડાના નિયમોનું ઉલ્લંઘન કર્યું હોવાનો દાવો કરીને સ્ટોલ દૂર કરવાની માંગ કરી હોવાનું કહેવાય છે. મહિલાએ ઈન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે ચિકન અને માછલી વેચતા સ્ટોલ એક જ વિસ્તારમાં કાર્યરત હતા. તેની દલીલ અને ઝઘડાની સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા મળી હતી, જેના કારણે સુબ્રમણ્યમની કાર્યવાહીની વ્યાપક ટીકા થઈ હતી. ત્યારબાદ તમિલનાડુ પોલીસે તેમની સામે કેસ દાખલ કર્યો છે. આ પછી ગામના લગભગ ૨૦૦ લોકોએ પોલીસ કાર્યવાહીના વિરોધમાં મણિયાકરમ્પલયમ તરફ જતો રસ્તો બ્લોક કરી દીધો. પ્રદર્શનકારીઓએ દાવો કર્યો હતો કે ગાડી એક શાળા અને મંદિરની ખૂબ નજીક હતી. જવાબમાં મહિલાના સમર્થનમાં અનેક સંગઠનોએ રેલી કાઢી. આદમી થમીઝર પેરાવાઈના સભ્યોએ ભાજપ કાર્યાલય પર ગૌમાંસ ફેંકીને વિરોધ પ્રદર્શન કરવાની યોજના બનાવી હતી. જોકે, તેમને ઓફિસથી લગભગ ૧૦૦ મીટર દૂર પોલીસે અટકાવ્યા અને કસ્ટડીમાં લઈ લીધા. વિરોધ સ્થળ પરથી મળેલા દૃશ્યોમાં પ્રદર્શનકારીઓ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના ફોટાવાળા પોસ્ટરો પોતાના પગ નીચે કૂચલતા દેખાતા હતા.

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**
CIN : L65110TN2014PLC097792
**રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ :+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨**
IDFC FIRST Bank

**પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]**
**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જે અંતર્ગત, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩(૧૨)વાંચવાનાં સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા **તા.૨૭.૦૯.૨૦૨૪**ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં **૧.નિલેશભાઈ વસાવા, ૨.નવનીતભાઈ વસાવા, ૩.શેલાબેન નિલેશભાઈ વસાવા, ૪.સુરેખાબેન વસાવા**ના **રૂા.૩,૯૦,૪૯૮.૩૨/- (ફક્ત રૂપિયા ત્રણ લાખ નેવું હજાર ચારસો અઠ્ઠાણું અને બત્રીસ પૈસા પૂરા)** દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને નોટિસ જણાવેલ દેણદારો સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ કે **તા.૨૭.૦૯.૨૦૨૪** મુજબ સુધી પુનઃચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.
દેણદારો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહીકર્તા દ્વારા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ-૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **પ્રતિકાત્મક કબજો ૧૦મી જાન્યુઆરી ૨૦૨૫**નાં રોજ લેવામાં આવ્યો છે.
ખાસ કરીને દેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે) રૂા.૩,૯૦,૪૯૮.૩૨/- (ફક્ત રૂપિયા ત્રણ લાખ નેવું હજાર ચારસો અઠ્ઠાણું અને બત્રીસ પૈસા પૂરા)** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.
દેણદારોનું ધ્યાન દોરવાનું કે કાયદાની ૧૩ની પેટા કલમ (૮) મુજબની જોગવાઈ અનુસાર ઉપલબ્ધ સમયમાં મિલકત પરત મેળવી શકે છે.

**સ્થાવર મિલકતોનું વર્ણન**

તે તમામ ભાગ અને હિસ્સાઓ ગ્રામ પંચાયત ઘર નં.૨૦/૧, વિસ્તાર ૫૨x૧૭=૮૮૪ ચો.મી., મોજે તરોપાના, રજિ. સબ જિ. નાંદોદ અને રજિ. જિ. નર્મદા, ખ્રિસ્તી ફળિયુ, નર્મદા, ગુજરાત-૩૯૩૧૪૦ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : વાડો, પશ્ચિમ : રોડ, ઉત્તર રોડ, દક્ષિણ : હંસાબેન જસવંતરાય રજવાડીનું ઘર**

**તારીખ : ૧૦-૦૧-૨૦૨૫**
**સ્થળ : ગુજરાત**
**લોન એકાઉન્ટ નં : 45795082**

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**

# ચૂંટણી આચાર નિયમોમાં સુધારાને પડકારતી કોંગ્રેસની અરજી પર સુપ્રીમ કોર્ટ દ્વારા નોટિસ જારી

## નોટિસ જારી કરીને CJI સંજીવ ખન્ના અને સંજયકુમારની બેન્ચે આ મામલે કેન્દ્ર સરકાર અને ECI પાસેથી જવાબ માંગ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

સુપ્રીમ કોર્ટે વરિષ્ઠ કોંગ્રેસ નેતા જયરામ રમેશ દ્વારા ચૂંટણી આચાર નિયમો, ૧૯૬૧માં સુધારાને પડકારતી અરજીની તપાસ કરવા સંમતિ આપી, જે CCTV ફૂટેજ જેવી ચૂંટણી સામગ્રી સુધી જાહેર પહોંચને પ્રતિબંધિત કરે છે સિવાય કે ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા તે સ્પષ્ટ રીતે સૂચિબદ્ધ કરવામાં આવે. નોટિસ જારી કરીને CJI સંજીવ ખન્ના અને સંજય કુમારની બેન્ચે આ મામલે કેન્દ્ર સરકાર અને ECI પાસેથી જવાબ માંગ્યા. આ અરજી ૧૭ માર્ચથી શરૂ થતા અઠવાડિયામાં સુનાવણી માટે આગામી સૂચિબદ્ધ કરવામાં આવશે. ટોચની કોર્ટ સમક્ષ દાખલ કરાયેલી તેમની અરજીમાં ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટીના જનરલ સેક્રેટરીએ દલીલ કરી હતી કે ECIને ૧૯૬૧ના ચૂંટણી આચાર નિયમોમાં આટલી બેશરમ રીતે અને જાહેર પરામર્શ વિના એકપક્ષીય રીતે સુધારો કરવાની મંજૂરી આપી શકાતી નથી. રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, '૧૯૬૧ના ચૂંટણી આચાર નિયમોમાં તાજેતરના સુધારાને પડકારતી એક રિટ સુપ્રીમ કોર્ટમાં હમણાં જ દાખલ કરવામાં આવી છે. મુક્ત અને નિષ્પક્ષ



ચૂંટણીઓ કરાવવા માટે જવાબદાર બંધારણીય સંસ્થા, ચૂંટણી પંચને એકપક્ષીય રીતે અને જાહેર પરામર્શ વિના આવા મહત્ત્વપૂર્ણ કાયદામાં આટલી બેશરમીથી સુધારો કરવાની મંજૂરી આપી શકાય નહીં,'. રાજ્યસભાના સાંસદ રમેશે ઉમેર્યું હતું કે ECIની ભલામણોને અનુસરીને ૨૧ ડિસેમ્બરે રજૂ કરાયેલ આ સુધારો 'ચૂંટણી પ્રક્રિયાને વધુ પારદર્શક અને જવાબદાર બનાવતી આવશ્યક માહિતીની જાહેર ઉપલબ્ધતા'ને દૂર કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા ઝડપથી ખતમ થઈ રહી છે. આશા છે કે, સુપ્રીમ કોર્ટ તેને પુનઃસ્થાપિત કરવામાં મદદ કરશે,'. આ સુધારાને દેખીતી રીતે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ચૂંટણી મથકના CCTV ફૂટેજ પ્રદાન કરવાના નિર્દેશની પ્રતિક્રિયા તરીકે જોવામાં આવ્યો હતો. અગાઉ, તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને સુધારાની આકરી ટીકા કરી હતી અને તેને મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ પર અલોકતાંત્રિક હુમલો ગણાવ્યો હતો. X પર એક પોસ્ટમાં સીએમ સ્ટાલિને કહ્યું હતું કે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર હેઠળ લોકશાહી તેના સૌથી ગંભીર ખતરોનો સામનો કરી રહી છે. પોતાનો વાંધો ઉઠાવતા તેમણે કહ્યું, "ચૂંટણીમાં પારદર્શિતાને નબળી પાડવા માટે રચાયેલ ચૂંટણી આચાર નિયમોની કલમ ૯૩(૨)(a)માં અવિચારી સુધારો કરીને ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર હેઠળ લોકશાહી સૌથી ગંભીર ખતરોનો સામનો કરી રહી છે,." સીએમ સ્ટાલિને ઉમેર્યું કે આ પગલું બંધારણના મૂળભૂત પાસાઓમાંના એક એવી પારદર્શિતાને નબળી પાડે છે. તમિલનાડુના મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકાર સાથે જોડાયેલા પક્ષો સહિત તમામ રાજકીય પક્ષોને મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ પરના અલોકતાંત્રિક હુમલા સામે એક થવા હાકલ કરી.

# 'સ્પષ્ટ સંદેશ': અમેરિકાએ ૩ ભારતીય સંસ્થાઓને પ્રતિબંધિત યાદીમાંથી દૂર કરી, રાષ્ટ્રીય સુરક્ષા ચિંતાઓને કારણે ચીનની ૧૧ સંસ્થાઓના નામ ઉમેર્યાં

(એજન્સી) તા.૧૬

યુએસ બ્યુરો ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ સિક્યુરિટીએ રાષ્ટ્રીય સુરક્ષા ચિંતાઓ મુદ્દે ૩ ભારતીય સંસ્થાઓને તેની પ્રતિબંધિત સંસ્થાઓની યાદીમાંથી દૂર કરી જ્યારે ૧૧ ચીની એન્ટિટીને ઉમેરી. આ પગલું યુએસ-ભારત ઉર્જા સહયોગને સરળ બનાવે છે, જ્યારે ચીની સંસ્થાઓનો ઉમેરો ચીની લશ્કરી વિકાસને સહાય કરવાના પરિણામોને પ્રકાશિત કરે છે. યુએસ બ્યુરો ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ સિક્યુરિટી (BIS)એ તેની પ્રતિબંધિત એન્ટિટી લિસ્ટમાંથી ત્રણ ભારતીય એન્ટિટીને દૂર કરવાની જાહેરાત કરી, જ્યારે તે જ સમયે, રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત ચિંતાઓને કારણે ૧૧ ચીની એન્ટિટીને ઉમેરી, આ પગલાને 'ચીની લશ્કરી આધુનિકીકરણને ટેકો આપવાના પરિણામોનો સ્પષ્ટ સંદેશ' ગણાવ્યો. નિર્ણય સમજાવતા, BISએ જણાવ્યું હતું કે આ કંપનીઓ 'યુએસ રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિના હિતોની વિરૂદ્ધ પ્રવૃત્તિઓર'માં સામેલ હોવાને કારણે ઉમેરવામાં આવી હતી. યુએસ વાણિજ્ય વિભાગ દ્વારા એક પ્રેસ રિલીઝમાં આ પગલાની સૂચના આપવામાં આવી હતી, જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે આ યાદીમાંથી ભારતીય સંસ્થાઓને હટાવવાનુ પગલું આંતર-એજન્સી સમીક્ષા પછી ભરવામાં આવ્યું છે. અપડેટ કરેલી સૂચિમાં ભારતની એક હાલની એન્ટ્રીમાં ફેરફાર પણ શામેલ છે, જે તે શ્રેણી હેઠળ ત્રણ એન્ટિટીને દૂર કરે છે. દૂર કરાયેલી સંસ્થાઓમાં ઈન્ડિયન રેર અર્થ્સ, ઈન્દિરા ગાંધી એટોમિક રિસર્ચ સેન્ટર (IGCAR) અને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC)નો સમાવેશ થાય છે. BIS પ્રેસ રિલીઝમાં જણાવાયું છે કે, 'ભારતીય એન્ટિટીઝ ઈન્ડિયન રેર અર્થ્સ, ઈન્દિરા ગાંધી એટોમિક રિસર્ચ સેન્ટર (IGCAR) અને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC)ને દૂર કરવાથી સંયુક્ત સંશોધન અને વિકાસ અને વિજ્ઞાન અને



ટેકનોલોજી સહયોગ સહિત અદ્યતન ઉર્જા સહયોગમાં અવરોધો ઘટાડીને યુએસ વિદેશ નીતિના ઉદ્દેશ્યોને સમર્થન મળશે, જેમાં સહિયારી ઉર્જા સુરક્ષા જરૂરિયાતો અને ધ્યેયો તરફનો સમાવેશ થાય છે, '. ઉદ્યોગ અને સુરક્ષા માટેના વાણિજ્ય સચિવ એલન એફ એસ્ટેવેઝે જણાવ્યું હતું કે, 'જેમ કે આ ક્રિયાઓ દર્શાવે છે, એન્ટિટી લિસ્ટ એક શક્તિશાળી સાધન છે જેનો ઉપયોગ યુએસ રાષ્ટ્રીય સુરક્ષા અને વૈશ્વિક સહયોગને આગળ ધપાવતા વર્તનને આકાર આપવા માટે થઈ શકે છે, '. 'આ એન્ટિટી લિસ્ટના ઉમેરાઓ અને દૂર કરવાથી, અમે સ્પષ્ટ સંદેશ મોકલ્યો છે કે ચીનના લશ્કરી આધુનિકીકરણને ટેકો આપવાના પરિણામો છે, અને વૈકલ્પિક રીતે, શેર કરેલ વિદેશ નીતિ લક્ષ્યો અને મજબૂત દ્વિપક્ષીય સંબંધો માટે યુએસ સાથે કામ કરવા માટે પ્રોત્સાહનો છે. ' BIS સૂચનામાં એમ પણ ઉમેરવામાં આવ્યું છે કે, 'યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારત શાંતિપૂર્ણ પરમાણુ સહયોગ અને સંકળાયેલ સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે, જેમાં છેલ્લા ઘણા વર્ષોથી વિજ્ઞાન અને ટેકનોલોજી સહયોગ મજબૂત થયો છે જેનાથી બંને દેશો અને વિશ્વભરના તેમના ભાગીદાર દેશોને ફાયદો થયો છે.' ત્રણ ભારતીય સંસ્થાઓને દૂર કરીને, યુએસ ઊર્જા સંબંધિત ભાગીદારીને અવરોધતા અવરોધોને દૂર કરવાનો હેતુ ધરાવે છે, જે યુએસ-ભારત દ્વિપક્ષીય સહયોગમાં વધુ એક પગલું આગળ ધપાવશે.

**એન્ટિટી લિસ્ટ શું છે ?**

ઉદ્યોગ અને સુરક્ષા બ્યુરો (BIS) ચોક્કસ વિદેશી વ્યક્તિઓના નામ પ્રકાશિત કરે છે-જેમાં વ્યવસાયો, સંશોધન સંસ્થાઓ, સરકારી અને ખાનગી સંસ્થાઓનો સમાવેશ થાય છે- જે ચોક્કસ વસ્તુઓના નિકાસ, પુનઃનિકાસ અને/અથવા ટ્રાન્સફર (દેશમાં) માટે ચોક્કસ લાઈસન્સ આવશ્યકતાઓને આધીન છે. એન્ટિટી લિસ્ટમાં રહેલા વ્યક્તિઓ વ્યક્તિગત લાઈસન્સિંગ આવશ્યકતાઓ અને નીતિઓને આધીન છે. આ યાદીમાં સમાવેશ સૂચવે છે કે યુએસ સરકાર પાસે એવું માનવાનો વાજબી આધાર છે કે આ સંસ્થાઓ યુએસ રાષ્ટ્રીય સુરક્ષા અથવા વિદેશ નીતિના હિતોની વિરૂદ્ધ પ્રવૃત્તિઓમાં સામેલ થઈ શકે છે. એન્ટિટી લિસ્ટમાં સ્થાન મેળવવાથી વ્યવહારો પર પ્રતિબંધ નથી લાગતો પરંતુ કડક લાઈસન્સિંગ આવશ્યકતાઓ લાદવામાં આવે છે જે આંતરરાષ્ટ્રીય વ્યાપાર વ્યવહારોને જટિલ બનાવે છે.

# ભારત અને અમેરિકાના સુરક્ષા હિતોને નુકસાન પહોંચાડવા બદલ અનામી વ્યક્તિ સામે કાર્યવાહીની સરકારી પેનલની ભલામણ

## ૨૦૨૩માં ન્યૂ યોર્કમાં ભારતીય એજન્ટો દ્વારા ખાલિસ્તાની અલગતાવાદી ગુરપતવંત સિંહ પન્નુનની હત્યાનો પ્રયાસ થયો હોવાનો અમેરિકાએ આરોપ લગાવ્યા બાદ તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો

(એજન્સી) તા.૧૬

ભારત અને અમેરિકા બંનેના સુરક્ષા હિતોને નુકસાન પહોંચાડનારા કેટલાક સંગઠિત ગુનાહિત જૂથો અને આતંકવાદી સંગઠનોની પ્રવૃત્તિઓની તપાસ કર્યા બાદ સરકાર દ્વારા રચાયેલી ઉચ્ચ-શક્તિવાળી તપાસ સમિતિએ એક અનામી વ્યક્તિ સામે કાનૂની કાર્યવાહી કરવાની ભલામણ કરી છે. ૨૦૨૩માં ન્યૂ યોર્કમાં ભારતીય એજન્ટો દ્વારા ખાલિસ્તાની અલગતાવાદી ગુરપતવંત સિંહ પન્નુનની હત્યાનો પ્રયાસ થયો હોવાનો અમેરિકાએ આરોપ લગાવ્યા બાદ તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. ભારતની બાહ્ય ગુપ્તચર એજન્સી RAWના પૂર્વ અધિકારી હોવાનું કહેવાય છે તેવા વિકાસ યાદવનું નામ અમેરિકા દ્વારા પન્નુન પર થયેલા નિષ્ફળ હત્યાના પ્રયાસના સંદર્ભમાં લેવામાં આવ્યું હતું, જેની પાસે અમેરિકા અને કેનેડાની બેવડી નાગરિકતા છે. એક નિવેદનમાં ગૃહ મંત્રાલય (MHA)એ જણાવ્યું હતું કે લાંબી તપાસ પછી સમિતિએ એક વ્યક્તિ સામે કાનૂની કાર્યવાહી કરવાની ભલામણ કરી છે, જેના અગાઉના ગુનાહિત સંબંધો અને પૂર્વકૃત્યો પણ તપાસ દરમિયાન ધ્યાનમાં આવ્યા હતા. જો કે, ગૃહ મંત્રાલયના નિવેદનમાં તે વ્યક્તિનું નામ આપવામાં આવ્યું નથી. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે જેમણે ભારત અને યુએસ બંનેના સુરક્ષા હિતોને નુકસાન પહોંચાડ્યું છે એવા કેટલાક સંગઠિત ગુનાહિત જૂથો, આતંકવાદી સંગઠનો, ડ્રગ પેડલર્સ વગેરેની પ્રવૃત્તિઓ અંગે યુએસ અધિકારીઓ દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી પ્રાપ્ત થયા બાદ નવેમ્બર ૨૦૨૩માં ભારત સરકાર દ્વારા એક ઉચ્ચ-સત્તા ધરાવતી તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિએ પોતાની તપાસ હાથ ધરી હતી અને યુએસ પક્ષ દ્વારા પૂરા પાડવામાં આવેલા લીડ્સનો પણ પીછો કર્યો હતો અને તેને યુએસ અધિકારીઓ તરફથી સંપૂર્ણ સહયોગ




મળ્યો હતો અને બંને પક્ષોએ મુલાકાતો પણ કરી હતી. તેણે વિવિધ એજન્સીઓના સંખ્યાબંધ અધિકારીઓની વધુ તપાસ કરી હતી અને સંબંધિત દસ્તાવેજોની પણ તપાસ કરી હતી. નિવેદનમાં જણાવાયું છે કે, લાંબી તપાસ પછી સમિતિએ સરકારને પોતાનો અહેવાલ સુપરત કર્યો છે અને એક વ્યક્તિ સામે કાનૂની કાર્યવાહી કરવાની ભલામણ કરી છે, જેના અગાઉના ગુનાહિત સંબંધો અને પૂર્વકૃત્યો પણ તપાસ દરમિયાન ધ્યાનમાં આવ્યા હતા.

**કાનૂની કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવાની સમિતિની ભલામણ**

નિવેદનમાં જણાવાયું છે કે,'સમિતિએ સિસ્ટમો અને પ્રક્રિયાઓમાં કાર્યાત્મક સુધારાઓ તેમજ ભારતની પ્રતિભાવ ક્ષમતાને મજબૂત બનાવવા, વ્યવસ્થિત નિયંત્રણો સુનિશ્ચિત કરવા અને આવા મુદ્દાઓનો સામનો કરવા માટે સંકલિત કાર્યવાહી કરવા માટે પગલાં લેવાની ભલામણ કરી છે,'. નવેમ્બર ૨૦૨૩માં ઉચ્ચ-સત્તા ધરાવતી સમિતિની રચનાની જાહેરાત કરતી વખતે વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે તે આ બાબતના તમામ સંબંધિત પાસાઓ (યુએસ દ્વારા ઉઠાવવામાં આવેલી સુરક્ષા ચિંતાઓ) પર ધ્યાન આપશે.

# મધ્યપ્રદેશનો 'કરોડપતિ' કોન્સ્ટેબલ ગુમ : તેની ડાયરીને લીધે રાજ્યમાં કોંગ્રેસ અને ભાજપ દ્વારા એકબીજા પર ભ્રષ્ટાચારના આરોપ

## લોકાયુક્ત દ્વારા પૂર્વ સરકારી અધિકારી પર દરોડા પાડવા અને ત્યારબાદ એક ત્યજી દેવાયેલા વાહનમાંથી ૧૧ કરોડ રૂપિયા રોકડા અને ૫૨ કિલો સોનું જપ્ત કરવાથી શરૂ થયેલી આ ઘટના હવે રાજકીય વળાંક લઈ રહી છે

(એજન્સી) તા.૧૬

મધ્યપ્રદેશના પરિવહન વિભાગના એક પૂર્વ કોન્સ્ટેબલના પરિસરમાં દરોડા પાડવામાં આવ્યા પછી તે ગુમ થયો છે, તેણે જાહેર કર્યું કે તેણે રૂા. ૫૦૦ કરોડની સંપત્તિ એકઠી કરી છે, અને તેની ડાયરીએ રાજ્યમાં ભારે વિવાદ ઉભો કર્યો છે, કોંગ્રેસે શાસક ભાજપ પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો છે. સૌરભ શર્મા પર લોકાયુક્ત દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા અને ત્યારબાદ ગયા મહિને એક ત્યજી દેવાયેલા વાહનમાંથી ૧૧ કરોડ રૂપિયા રોકડા અને ૫૨ કિલો સોનું જપ્ત કરવામાં આવ્યું હતું, આ ઘટના હવે રાજકીય વળાંક લઈ રહી છે. મધ્યપ્રદેશ કોંગ્રેસના વડા જીતુ પટવારીએ ગયા અઠવાડિયે શર્માના પરિસરમાંથી રોકડ રકમ મળી આવ્યા બાદ આ મામલો ઉઠાવ્યો હતો, જેમાં તેમણે મોહન યાદવની આગેવાની હેઠળની ભાજપ સરકારમાં ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો હતો. પટવારીએ દાવો કર્યો હતો કે શર્માના પરિસરમાંથી લોકાયુક્ત દ્વારા દરોડામાં મળી આવેલી ડાયરીમાં પરિવહન વિભાગમાં વ્યાપક ભ્રષ્ટાચારની વિગતો આપવામાં આવી છે. કોંગ્રેસના નેતાએ દાવો કર્યો હતો કે તેમણે ૬૬ પાનાની ડાયરીમાંથી ફક્ત છ પાના જ મેળવ્યા છે અને બાકીના પાનાં ગુમ છે. પટવારીએ આરોપ લગાવ્યો કે છ પાનામાં રાજ્યમાં ચેક પોસ્ટ્સ પરથી લગભગ રૂા. ૧,૩૦૦ કરોડની ઉચાપતનો રેકોર્ડ છે. લોકાયુક્ત પોલીસ, આવકવેરા અને અમલીકરણ નિર્દેશાલયે દરોડા પાડ્યા હતા, પરંતુ તપાસ અટકી ગઈ હોય તેવું લાગે છે અને કોઈ પણ આ છ પાનાની જવાબદારી લઈ રહ્યું નથી. તેમણે શર્મા માટે પણ ચિંતા વ્યક્ત કરી, અને દાવો કર્યો કે પૂર્વ સરકારી અધિકારી પર જીવનું જોખમ છે. તેમને સુરક્ષા આપવી જોઈએ કારણ કે તેમના જીવનું જોખમ છે. પટવારીએ એવો પણ દાવો કર્યો કે ડાયરીમાં કોડ શબ્દો '□□' અને 'TM'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે શું આ શબ્દો અનુક્રમે પરિવહન કમિશનર અને પરિવહન મંત્રીનો ઉલ્લેખ કરે છે ?. ભ્રષ્ટાચારના આ આરોપને અવગણીને, ભાજપના મીડિયા પ્રભારી આશિષ અગ્રવાલે કહ્યું કે પટવારીએ કમલનાથના નેતૃત્વ હેઠળની કોંગ્રેસની ૧૫ મહિનાની સરકારને યાદ કરવી જોઈએ. તેમના કાર્યકાળમાં ભ્રષ્ટાચાર થયો હતો અને પટવારીને ડર છે કે કોંગ્રેસ આ કેસ



સાથે જોડાઈ જશે. તેમણે કહ્યું કે, જીતુ પટવારી દરરોજ ફક્ત હેડલાઈન્સ મેળવવા માટે નિવેદનો આપે છે. કેન્દ્રમાં, અમારી સરકાર છે, અને અમે રાજ્યમાં પણ સત્તામાં છીએ. આ કાર્યવાહી કોના નેતૃત્વમાં થઈ રહી છે ? શું જીતુ પટવારી જ આ કરી રહ્યા છે ? અમારી સરકાર ભ્રષ્ટાચાર પ્રત્યે શૂન્ય-સહિષ્ણુતાની નીતિનું પાલન કરે છે અને કોઈપણ પ્રકારના ગુનામાં સંડોવાયેલા કોઈપણ વ્યક્તિને બક્ષવામાં આવશે નહીં. પટવારીને ડર છે કે કોઈક રીતે આ લિંક્સ કોંગ્રેસ સુધી પહોંચી શકે છે.

**સૌરભ શર્મા કોણ છે ? આ વિવાદ શું છે ?**

ગ્વાલિયરના રહેવાસી સૌરભ શર્મા, ૨૦૧૫માં તેમના પિતાના મૃત્યુ પછી કરૂણાના ધોરણે નિમણૂક પામ્યા બાદ પરિવહન વિભાગમાં કોન્સ્ટેબલ તરીકે કામ કરતા હતા. ગયા મહિને, ૧૯ ડિસેમ્બરના રોજ, લોકાયુક્ત પોલીસે ભોપાલમાં શર્મા સાથે સંકળાયેલા કથિત રીતે પરિસરમાં દરોડા પાડ્યા હતા અને સોના અને ચાંદી ઉપરાંત ૨.૧ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કરી હતી. તે જ દિવસે, 'પ્રાદેશિક પરિવહન અધિકારી' (RTO) લખેલી પ્લેટવાળી એક ઈનોવા કાર ભોપાલની બહારના જંગલમાં ત્યજી દેવાયેલી મળી આવી હતી. ઈનોવા શર્માના કથિત સહાયક ચેતન સિંહ ગૌડના નામે નોંધાયેલી હતી. લોકાયુક્ત અને આવકવેરા વિભાગ દ્વારા કાર્યવાહીનો સામનો કરવા ઉપરાંત, EDએ શર્મા સામે મની લોન્ડરિંગની તપાસ પણ શરૂ કરી છે. જો કે, સૂત્રો અનુસાર, શર્મા દેશ છોડીને દુબઈ ભાગી ગયો હોવાનું માનવામાં આવે છે.

# રિપબ્લિકન કોંગ્રેસમેનની અદાણી પ્રોસિક્યુશનના તમામ રેકોર્ડ સાચવવાની માંગ

## લાન્સ ગુડેન પહેલાથી જ વિભાગ દ્વારા જૂથ પર તાજેતરમાં લગાવવામાં આવેલા આરોપ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે

(એજન્સી) તા.૧૬

એક રિપબ્લિકન સાંસદે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસને બિડેન વહીવટીતંત્ર દ્વારા અબજોપતિ ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમના જૂથની કંપનીઓ પર 'પસંદગીયુક્ત કાર્યવાહી' સંદર્ભે તમામ રેકોર્ડ સાચવવા જણાવ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રના કાર્યભાર સંભાળવાના એક અઠવાડિયા કરતાં પણ ઓછા સમય પહેલા આ માંગણી કરવામાં આવી છે. હાઉસ જ્યુડિશિયરી કમિટીના સભ્ય, પ્રતિનિધિ લાન્સ ગુડેને એટર્ની જનરલ મેરિક ગારલેન્ડને લખેલા પત્રમાં માંગ કરી હતી કે વિભાગ અદાણી જૂથ પર કાર્યવાહી કરવાના નિર્ણય તરફ દોરી જતા તમામ રેકોર્ડ અને દસ્તાવેજો સાચવે અને રજૂ કરે. ૭ જાન્યુઆરીના રોજ ગારલેન્ડને લખેલા બીજા પત્રમાં, ગુડેને વિભાગ દ્વારા જૂથ પર લગાવવામાં આવેલા તાજેતરના આરોપ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે નોંધ્યું હતું કે આરોપમાં એવો આરોપ છે કે સંપૂર્ણપણે ભારતમાં હાથ ધરવામાં આવેલા કૃત્યો, જેમાં ભારતીય નાગરિકો અને અધિકારીઓનો સમાવેશ થાય છે, જેમાં યુએસ હિતોને કોઈ દેખીતી રીતે નુકસાન થયું નથી. ગુડેને કહ્યું હતું કે, 'અદાણી કેસમાં આરોપો, જો સાચા સાબિત થાય તો પણ, અમને આ મુદ્દા પર યોગ્ય અને અંતિમ મધ્યસ્થી બનાવવામાં નિષ્ફળ જશે. આ 'લાંચ' ભારતમાં ભારતીય રાજ્ય સરકારના અધિકારીઓને એક ભારતીય કંપનીના ભારતીય અધિકારીઓ દ્વારા ચૂકવવામાં આવી હતી, જેમાં કોઈ પણ અમેરિકન પક્ષ સાથે કોઈ ચોક્કસ સંડોવણી કે નુકસાન થયું ન હતું, '. 'તેનાથી વિપરીત, ન્યાય વિભાગના અગાઉના આરોપ મુજબ આપણી ચૂંટણીઓ યોજવા માટે જવાબદાર અમેરિકન કંપની સ્માર્ટમેટિકમાં એવા અધિકારીઓ હતા જેમણે કથિત રીતે નાણાંની લોન્ડરિંગ કરી હતી અને વિદેશી સરકારોને લાંચ આપી હતી,. તેમણે દલીલ કરી હતી કે, જોકે, ચૂંટણી પહેલાં આપણી ચિંતાઓને દૂર કરવા માટે મારા સાથીદારો અને મેં અનેક પ્રયાસો કર્યા હોવા છતાં, અમને તમારા વિભાગ દ્વારા ક્યારેય માહિતી આપવામાં આવી ન હતી'. અદાણી અને તેમની કંપનીઓ સામે વિભાગ ખૂબ જ પસંદગીયુક્ત હોવાનો આરોપ લગાવતા, રિપબ્લિકન ધારાસભ્યએ ગારલેન્ડને ઘણા નવા પ્રશ્નો પૂછ્યા. તેમણે પૂછ્યું, 'જો આ કેસમાં અમેરિકા સાથે નોંધપાત્ર સાંઠગાંઠ હોય તો ન્યાય વિભાગે એક પણ અમેરિકન પર આરોપ કેમ નથી લગાવ્યો ? શું આ કથિત યોજનામાં કોઈ અમેરિકનો સામેલ નહોતા ? જ્યારે કથિત ગુનાહિત કૃત્ય થયું હોય અને કથિત રીતે સંડોવાયેલા પક્ષો ભારતમાં હોય ત્યારે ન્યાય વિભાગે ગૌતમ અદાણી સામે આ કેસ કેમ ચલાવ્યો ? શું તમે ભારતમાં ન્યાય લાગુ કરવાનો પ્રયાસ કરો છો ? '. તેમણે ગારલેન્ડને આગળ પૂછ્યું, 'શું ન્યાય વિભાગ આ કેસમાં સંડોવાયેલા ભારતીય અધિકારીઓના પ્રત્યાર્પણની માંગ કરશે ? જો ભારત પ્રત્યાર્પણ વિનંતીનું પાલન કરવાનો અને આ કેસ પર એકમાત્ર અધિકારનો દાવો કરવાનો ઈનકાર કરે તો ન્યાય વિભાગની આકસ્મિક યોજના શું છે ? શું ન્યાય વિભાગ અથવા બિડેન વહીવટીતંત્ર આ કેસને અમેરિકા અને ભારત જેવા સાથી વચ્ચે આંતરરાષ્ટ્રીય ઘટનામાં ફેરવવા તૈયાર છે ? '. ગુડેને કહ્યું કે પ્રશ્નો તેમને વહીવટીતંત્રના પગલાંના સંભવિત પરિણામોની યાદ અપાવવા માટે પણ હતા. તેમણે કહ્યું, ભારત એશિયા-પેસિફિક ક્ષેત્રમાં અમેરિકાના થોડા વિશ્વસનીય ભાગીદારોમાંનો એક છે, સાથે સાથે સૌથી ઝડપથી વિકસતી અને સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. તેમણે ઉમેર્યું, 'તેના ટોચના ઉદ્યોગપતિઓ સામે આવા બેદરકાર કૃત્યો ભારતના વિકાસ સામે હાનિકારક વાર્તા શરૂ કરી શકે છે. આ બાબતે ભારતના અધિકારનો આદર ન કરવાથી વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ અને મુખ્ય આર્થિક અને રાજકીય સાથી સાથેના આપણા આંતરરાષ્ટ્રીય સંબંધોમાં તણાવ આવી શકે છે અને કાયમી ધોરણે નુકસાન પણ થઈ શકે છે, '. ગુડેને પત્રમાં જણાવ્યું હતું કે, 'આ સમયે, ભારતીય અધિકારીઓને અકાળ નિષ્કર્ષ પર જવાને બદલે તપાસ કરવા, કોઈપણ નુકસાન નક્કી કરવા અને આ બાબતે નિર્ણય લેવા દેવા એ શ્રેષ્ઠ અને એકમાત્ર યોગ્ય કાર્યવાહી હશે. એવા કેસોને આગળ ધપાવવાનું પણ સમજદારીભર્યું રહેશે જ્યાં વિભાગને ખાતરી હોય કે આપની પાસે જીતવાની ગંભીર ખાતરી ઉપરાંત યોગ્ય અને નિર્ણાયક અધિકારક્ષેત્ર છે, '. રિપબ્લિકન સાંસદે ભારપૂર્વક જણાવ્યું હતું કે અબજો ડોલરનું રોકાણ કરનાર



અને અમેરિકનો માટે હજારો નોકરીઓ ઉભી કરનારી સંસ્થાઓને નિશાન બનાવવાથી લાંબા ગાળે અમેરિકાને જ નુકસાન થાય છે. ગુડેને કહ્યું, 'જ્યારે આપણે હિંસક ગુના, આર્થિક જાસૂસી અને સીસીપી (ચાઈના કોમ્યુનિસ્ટ પાર્ટી)ના પ્રભાવથી વાસ્તવિક જોખમોને છોડી દઈએ છીએ અને આપણા આર્થિક વિકાસમાં ફાળો આપનારાઓનો પીછો કરીએ છીએ, ત્યારે તે આપણા દેશમાં રોકાણ કરવાની આશા રાખતા મૂલ્યવાન નવા રોકાણકારોને નિરાશ કરે છે, ' તેમણે ઉમેર્યું, 'રોકાણકારો માટે એક અણગમતું અને રાજકીય રીતે પ્રભાવિત વાતાવરણ અમેરિકાના ઔદ્યોગિક આધાર અને આર્થિક વિકાસને પુનર્જીવિત કરવાના પ્રયાસોને જ અવરોધશે, રાષ્ટ્રપતિ ટ્રમ્પની અર્થતંત્રને વધુ રોકાણ સાથે પુનર્જીવિત કરવાની પ્રતિબદ્ધતાને સીધી રીતે નબળી પાડશે. આ નિર્ણયોનો સમય બિડેન વહીવટના અંત સાથે સુસંગત હોવાથી, ચિંતા ઊભી થાય છે કે અહીં એકમાત્ર સાચું લક્ષ્ય રાષ્ટ્રપતિ ટ્રમ્પ માટે વિક્ષેપ છે, ' ગુડેને કહ્યું,વિદેશી દેશોમાં લાંબા અને 'કદાચ રાજકીય રીતે પ્રેરિત' વ્યવસાયો ખોલવા પર મૂલ્યવાન કરદાતા સંસાધનો ખર્ચવાને બદલે, વિભાગે અમેરિકન લોકોની વધુ સારી સેવા કરવા માટે આવનારા વહીવટ સાથે સહયોગ કરવો જોઈએ,. તેમણે ગારલેન્ડને લખેલા પત્રમાં કહ્યું, 'વિદાય લઈ રહેલ સરકારમાં એક સાંસદ તરીકે, જનતા પ્રત્યે તમારી ફરજ છે કે તમે વધુ ગૂંચવણો ઊભી ન કરો જે 'અમેરિકાના ભૂરાજકીય પ્રતિષ્ઠાણે જોખમમાં મૂકે,'. ગુડેને કહ્યું, 'કૃપા કરીને એ પણ જાણ કરો કે ન્યાય વિભાગ (તેના કોઈપણ એજન્ટ, પેટાકંપનીઓ, સાધનો અથવા અધિકૃત પ્રતિનિધિઓ સહિત) અને કોઈપણ તૃતીય-પક્ષ અથવા એજન્ટ જે કોઈપણ તૃતીય પક્ષનું પ્રતિનિધિત્વ કરે છે જે જ્યોર્જ સોરોસ દ્વારા આંશિક રીતે માલિકીની અથવા નિયંત્રિત કોઈપણ એન્ટિટી સાથે નજીકથી, માટે અથવા જોડાણમાં કામ કરે છે, તેની વચ્ચે અદાણી કેસ અંગે કોઈ વાતચીત અથવા વાટાઘાટો થઈ છે કે નહીં, '.

# શહેરના જુહાપુરા વિસ્તારમાં AMC દ્વારા મેગા ડિમોલિશન હાથ ધરાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૬

અમદાવાદ શહેરમાં આવેલ જુહાપુરા વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં કેટલીક ગેરકાયદેસર દુકાનોના દબાણોને દૂર કરવામાં આવ્યા છે. આ દબાણને દૂર કરવાની કામગીરી એકંદરે શાંતિપૂર્ણ રીતે થઈ હતી. કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો નથી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે એએમસી દ્વારા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. અહીં તોડફોડ બાદ ઠેર ઠેર કોંક્રિટના ઢગલાઓ જોવા મળી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના જુહાપુરા વિસ્તારમાં ગેરકાયદે દુકાનોને લઈ કોર્પોરેશન દ્વારા ડિમોલિશન માટે ઘણીવાર નોટિસો આપવામાં આવી હતી. નોટિસ આપ્યાને લગભગ એકાદ વર્ષથી વધુ સમય વીતિ ગયો હતો. ત્યારે થોડાક દિવસ પહેલા કોર્પોરેશનના અધિકારીઓએ અહીં રૂબરૂ જઈ લોકોને ડિમોલિશનની કામગીરીની સંપૂર્ણ સમજણ આપી હતી. સ્થાનિક લોકો દ્વારા આ ડિમોલિશનની કામગીરીમાં પુરો સહયોગ આપવામાં આવ્યો. આજે જુહાપુરા ચાર રસ્તા પાસે પાણીની ટાંકીથી લઈને અલ-ફઝલ મસ્જિદ સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું છે. પ્રાથમિક માહિતી અનુસાર જુહાપુરામાં બ્રિજનું કામ ચાલુ કરવાનું હોય, તે માટે ડિમોલિશનની કામગીરી કરવામાં આવી છે. આ કામગીરી દરમ્યાન જોવા મળ્યું હતું કે, અહીંના સ્થાનિક આગેવાનો અને સ્થાનિક લોકોએ ભેગા મળીને એએમસીને જે રસ્તો જોઈતો હતો એમાં ડિમોલિશનમાં સહયોગ આપવામાં આવ્યું. હાલમાં જુહાપુરા વિસ્તારમાં બ્રિજનું કામ ચાલુ કરવાનું હોવાથી કેટલીક જગ્યાએ બેરીકેડ લગાવેલા જોવા મળે છે. ત્યારે હવે જોવાનું રહ્યું કે આ બ્રિજનું કામ કયારે ચાલુ થશે ? સ્થાનિકોમાં પણ સવાલ છે કે, બેરીકેડ લગાવવામાં આવ્યા છે, ત્યારે હવે કામગીરીની કયારથી શરૂઆત થશે ? જુહાપુરા ચાર રસ્તા પાસે પાણીની ટાંકીથી અલ-ફઝલ મસ્જિદ સુધી મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવતા ઠેર ઠેર કોંક્રિટના ઢગલાઓ જોવા મળી રહ્યા છે. ડિમોલિશનની કામગીરી દરમ્યાન મોટી સંખ્યામાં સ્થાનિક લોકો પરિસ્થિતિ નિહાળવા ઉમટી પડયા હતા. જો કે, આ કામગીરી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ. બીજી બાજુ ગેરકાયદેસર દુકાનો તોડી પડાતાં વેપારીઓ નિરાશ થયા છે. કારણ કે એમની રોજગારી છીનવાઈ છે. તો પણ તેઓએ સ્વૈચ્છાએ સહયોગ આપી દુકાનોમાંથી માલ-સામાન હટાવી લીધા હતા.












## WBVFની પહેલ મમતા રિહેબ સેન્ટર દ્વારા આયોજિત

# મમતા મહોત્સવ ૨૦૨૫માં મુખ્ય અતિથિ તરીકે ભાગ લેવાનો એક લ્હાવો હતો : ડૉ.ફારૂક પટેલ

સુરત, તા.૧૬

વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન (WBVF)ની પહેલ, મમતા રિહેબ સેન્ટર દ્વારા આયોજિત મમતા મહોત્સવ ૨૦૨૫માં મુખ્ય અતિથિ તરીકે ભાગ લેવાનો એક લહાવો હતો. એમ સુરતના કે.પી ગ્રુપના ડો. ફારૂક પટેલે એક નિવેદનમાં જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે, આ ઈવેન્ટમાં કેન્દ્ર દ્વારા સમર્થિત બાળકોની અસાધારણ ક્ષમતાઓ અને સ્થિતિ સ્થાપકતાને પ્રકાશિત કરવામાં આવી હતી. તેમની નોંધપાત્ર પ્રતિભા અને નિશ્ચયના સાક્ષી બનવાનું ખરેખર પ્રેરણાદાયક હતું. લેખક અને વક્તા જય વસાવડાએ વિશેષ બાળકો માટેની સેવાની પ્રશંસા કરી હતી. રોટરી ક્લબ હોલ, ભરૂચ ખાતે રવિવાર, ૧૨મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ આ અર્થપૂર્ણ મેળાવડાનો ભાગ બનવા માટે આમંત્રણ આપવા બદલ તેમણે WBVFના આંતરરાષ્ટ્રીય પ્રમુખ અયુબ અકુજી અને સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.



શિક્ષણ ક્ષેત્રે ૩૧ લાખ રૂપિયાનું અદ્વિતીય અને માતબર દાન આપનાર સખીદાતા ડો.ફારૂક પટેલ (કે.પી.)ને ભરૂચી વ્હોરા પટેલ સુરત ફેડરેશન (VPF)ના ઓનરરી જનરલ સેક્રેટરી મુસ્તાક પટેલે અભિનંદન પાઠવ્યા હતા. મુસ્તાકભાઈએ જણાવ્યું કે, આ કાર્ય, માત્ર નાણાંનું યોગદાન નથી, પરંતુ સમાજ માટે શુભ વિચારોની પ્રેરણાનો સ્રોત છે. આવા મહાન કાર્યથી અનેક વિદ્યાર્થીઓને નવી આશા અને તકો મળશે. આ દાન ભવિષ્ય ઘડતરની એક અનોખી મિશાલ બનશે, જે પ્રત્યેકને પ્રેરણા આપશે અને આદર્શના માર્ગે આગળ વધવાનો આ જ સાચો રસ્તો છે એવું આ યુવાનો અને વડીલોને જાણવા મળશે.

મુસ્તાક પટેલે મેનેજિંગ કમિટીના તમામ હોદ્દેદારો, સભ્યો અને સમાજના પ્રત્યેક વ્યક્તિ તરફથી દિલથી શુભેચ્છાઓ પાઠવી હતી. આ સિવાય સુરત VPF & WBVFના તમામ સખીદાતાઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

## પરીક્ષામાં ભૂલ પેપર સેટરની ને દંડ પરીક્ષાર્થીઓને !

# GPSCની પરીક્ષામાં આન્સર કી સામે વાંધા સૂચનો માટે હવે ભરવી પડશે ફી

## હસમુખ પટેલના નિવેદન સામે ભરતીની તૈયારી કરતા એસ્પીરન્ટની નકારાત્મક પ્રતિક્રિયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી તમામ પરીક્ષામાં પ્રોવિઝનલ આન્સર કી જાહેર કર્યા બાદ આન્સર કીમાં જણાતા વાંધા સૂચનો રજૂ કરાય છે. આ પછી ફાઈનલ આન્સર કી જાહેર કરાય છે. ત્યારે હવે GPSCના ચેરમેન હસમુખ પટેલે પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનોની અરજીને લઈને નિવેદન આપી જણાવ્યું છે કે, ‘હવે વાંધા સૂચનો માટે પરીક્ષાર્થીઓ પાસેથી ફી લેવાશે.’ બીજી તરફ, હસમુખ પટેલના નિવેદન સામે સરકારી ભરતીની તૈયારી કરતા એસ્પીરન્ટે સોશિયલ મીડિયામાં રોષ ઠાલવીને નકારાત્મક પ્રતિક્રિયા આપી છે.

GPSC દ્વારા જાહેર કરવામાં આવતી તમામ પરીક્ષાઓમાં પરીક્ષા લેવાયા બાદ પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરાય છે અને ત્યારબાદ આન્સર કીમાં જણાતા વાંધાઓ ઉમેદવારો રજૂ કરે છે. જેને ધ્યાનમાં રાખીને GPSCના ચેરમેન હસમુખ પટેલે નિવેદનમાં આપીને પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનો માટે ફી લેવાનો નિર્ણય કર્યો છે. આ પ્રક્રિયા ઓનલાઈન માધ્યમથી કરવામાં આવશે. GPSCના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું છે કે, ‘હવે તમામ પરીક્ષાઓની અંદર ઓનલાઈન માધ્યમથી વાંધા સૂચનો લેવાશે. જેમાં વાંધા સૂચનો રજૂ કરનારે એક પ્રશ્નદીઠ ૧૦૦ રૂપિયા ફી ભરવાની રહેશે. ભૂતકાળમાં વાંધા સૂચનો માટે ફી લેવામાં આવતી ન હોવાના કારણે એક જ પ્રશ્નને લઈને ઘણા બધા ઉમેદવારો વાંધા સૂચનો રજૂ કરતા હતા. જેના કારણે વધુ ફિઝિકલ મટિરિયલ હેંડલ કરવાનું થતું અને ભરતી પ્રક્રિયામાં વિલંબ થતો હતો. જેને ધ્યાનમાં રાખીને આ પ્રકારનો નિર્ણય કરાયો છે. ‘GPSC દ્વારા પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનો માટે ફી લેવાના નિર્ણય સામે સરકારી ભરતીની તૈયારી કરતા એસ્પીરન્ટે સોશિયલ મીડિયામાં નકારાત્મક પ્રતિક્રિયા આપી છે. સોશિયલ મીડિયામાં એકે પ્રતિક્રિયા આપી કે, ’વાંધા અરજી માટે રૂ.૧૦૦ ફી લો એનો વાંધો નહીં. પણ જો પ્રશ્નમાં ભૂલ છે એ સાબિત થયું તો સામે વિદ્યાર્થીઓને રૂ.૨૦૦ પાછા આપશો ?’ જ્યારે અન્ય એક એસ્પીરન્ટે પોસ્ટ કરી કે, ‘GPSCએ ધંધો ખોલ્યો છે. સંમતિ ભરવામાં ૫૦૦ રૂપિયા, વાંધા અરજી કરવાના ૧૦૦ રૂપિયા, કાલે કદાચ નોકરી લાગવાની ફી જાહેર કરશે.કે નોકરી લાગ્યા બાદ નોકરી લેવી હોય તો પ્રથમ પગાર આયોગને જમા કરાવો.’ એક એસ્પીરન્ટે વાંધા અરજીમાં ફી ન લેવાનું કહીને લખ્યું કે, ‘જો વાંધા અરજી કરવા ફી ભરવી પડતી હોય તો જેને પેપર સેટ કર્યું એને પણ દંડની જોગવાઈ હોવી જોઈએ.’

## ‘નેશનલ સ્ટાર્ટઅપ ડે’નો મંત્રીઓ કુબેર ડિંડોર તથા પાનસેરિયા દ્વારા પ્રારંભ

# વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા વિદ્યાર્થીઓ સ્ટાર્ટઅપ ક્ષેત્રે યોગદાન આપશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૬

‘નેશનલ સ્ટાર્ટઅપ ડે-૨૦૨૫’નો દિવસ નવીન વિચારો, આઈડિયા અને સંકલ્પો સાથે દેશને ગ્લોબલ ઈનોવેશન હબ બનાવવા માટેની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે. રાજ્યમાં શરૂ કરવામાં આવેલ SSIP ૧.૦માં માત્ર સાયન્સ અને ટેક્નોલોજીના વિદ્યાર્થીઓ જ ભાગ લઈ શકતા હતા, પરંતુ આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસીને વેગ આપતી SSIP ૨.૦ અંતર્ગત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકના વિદ્યાર્થીઓ તથા સાયન્સ, કોમર્સ અને આર્ટસ એમ દરેક ક્ષેત્રના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે.

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી- SSIP ૨.૦ અંતર્ગત ‘નેશનલ સ્ટાર્ટઅપ ડે’ની રાજ્યવ્યાપી ઉજવણી શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડીંડોર અને રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરીયા દ્વારા કરવામાં આવી હતી.

શિક્ષણ મંત્રીએ કહ્યું હતું કે, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી-SSIP ૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓને આપવામાં આવતી સહાય એ માત્ર આર્થિક સહાય નથી, પરંતુ તેમના સપનાઓને ઉડાન આપવાનો એક પ્રયાસ છે.

સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન દ્વારા વિદ્યાર્થીઓ માત્ર પોતાની માટે નહીં, પરંતુ આપણે સૌ માટેના નવીન ભારતના નિર્માતા છે. નિષ્ફળતા ભયજનક નથી પરંતુ તે શીખવા માટેની એક તક છે. શિક્ષકોના દ્રષ્ટિકોણથી જ વિદ્યાર્થીઓને તેમની વિચાર શક્તિને પાંખ મળે છે. શિક્ષકો વિદ્યાર્થીઓને માત્ર શીખવતા નથી, પરંતુ તેમને પ્રશ્નોના ઉકેલો શોધવા અને પદ્ધતિશીલ થવા પ્રોત્સાહિત કરે છે.

આ પ્રસંગે રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ‘વિકસિત ભારત- ૨૦૪૭’ના સ્વપ્નને ગુજરાત તમામ ક્ષેત્રે વિકસિત બની સાકાર કરશે. રાજ્યના વિદ્યાર્થીઓ સ્ટાર્ટઅપ ક્ષેત્રે વિશ્વસ્તરે પોતાનો યોગદાન આપશે. સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી SSIP ૨.૦ના મુખ્ય હેતુઓમાં સ્ટાર્ટઅપ અને ઈનોવેશન દ્વારા રાજ્યના યુવાધનનું તેમની સર્જનાત્મક ક્ષમતાને વિકસાવવા માટે સશક્તિકરણ કરવું જેથી તેઓ આત્મનિર્ભર ગુજરાતના નિર્માણ માટે યોગદાન આપશે તેવી આશા વ્યક્ત કરી હતી.

## સનાથલ પાસે અમદાવાદ ગ્રામ્ય એસઓજીની કાર્યવાહી

# કેમિકલના ટેન્કરમાંથી ચોરી કરતા બે જણા રંગેહાથ ઝડપાયા

## કેરબામાં ૪૪,૭૩૦ રૂપિયાની કિંમતનું કેમિકલ મળી આવ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૬

અમદાવાદ ગ્રામ્યમાં સનાથલ ગામની સીમ પાસેથી અમદાવાદ એસઓજી દ્વારા બે વ્યક્તિને કેમિકલ ભરેલા ટેક્નરમાંથી ચોરી કરેલા ગેરકાયદેસર કેમિકલના જથ્થા સાથે ઝડપી લઇ ધરપકડ કરાઇ છે. તેમની પાસેથી ૩૫ લિટરની ક્ષમતાવાળા કુલ ૧૨ કેરબા પણ જપ્ત કરાયા છે. એસઓજીના પીઆઇ આર.એન. કરમટીયા દ્વારા સૂચના અપાતા એએસઆઇ મનુભાઇ વજુભાઇ અને કોન્સ્ટેબલ હાર્દિક જયંતિભાઇને મળેલી બાતમીના આધારે બન્ને વ્યક્તિને રંગેહાથ કેમિકલ ભરેલા ટેક્નરમાંથી ચોરી કરેલા જથ્થા સાથે પકડી લેવાયા હતા. નર્મદા કેનાલ નજીક એક પે એન્ડ પાર્કિંગમાંથી ઝડપાયેલા રજાક વડદરીયા (રહે. રળોલ-લીમડી) અને કેતન પટેલ (વનદેવી બંગલો-ઘોડાસર) પાસેથી ખાલી કેરબામાં તેમની પાસેથી ૩૫ લિટરની ક્ષમતાવાળા કુલ ૧૨ કેરબામાં ૪૪,૭૩૦ રૂપિયાની કિંમતનું કેમિકલ મળી આવ્યું હતું. તેઓ કેમિકલ ભરેલા ટેક્નરમાંથી સીલ તોડીને કેમિકલ કાઢી લઇને અન્ય જગ્યાએ વેચાણ કરતા હતા. બન્ને આરોપી પાસેથી બોલેરો પીકઅપ ગાડી, મોબાઇલ ફોન વગેરે ઉપરાંત ટેન્કર પણ કબજે લેવામાં આવ્યું છે. તેમની સામે ચાંગોદર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં થતી ચોરીઓ અંગે શંકાસ્પદ વ્યક્તિઓની વોચ રાખીને કેમિકલ ચોરીનું કૌભાંડ અમદાવાદ ગ્રામ્ય એસઓજી દ્વારા પકડી લેવાયું છે.

# ધ્રોલના લતીપર ગામ પાસે કાર પલટી ખાઈ જતાં ત્રણનાં મોત, બેને ઈજા

જામનગર, તા.૧૬

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામ પાસે ગઈકાલે રાત્રે બે વાગ્યે એક કાર તેના ચાલકની બેદરકારીના કારણે પલટી મારી જતાં કારની પાછળની સીટોમાં બેઠેલા જામનગરના બે યુવાનો તથા લતીપુર-લાલપુરના એક યુવાન સહિત ત્રણના અંતરિયાળ મૃત્યુ નીપજ્યા હતા. જ્યારે આગળ બેઠેલાં કાર ચાલક સહિત બેને ઈજા થઈ છે. જેને જામનગરની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે.

અકસ્માતના બનાવની વિગત એવી છે કે ધ્રોલ તાલુકાના લતીપર ગામમાં રહેતા હર્નિશ રાજેશભાઈ ચભાડીયા કે જેના પરિવારમાં કૌટુંબિક દીકરા દીકરી ના લગ્ન યોજાયા હોવાથી જે લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે જામનગરમાં શિવ નગર શેરી નંબર ૪માં રહેતા ધર્મેન્દ્રસિંહ રામદેવસિંહ ઝાલા (૨૯ વર્ષ), મૂળ લતીપર-લાલપુર ના વતની અને હાલ રાજકોટ રહેતા રીશી મુકેશભાઈ ચભાડીયા (૧૯ વર્ષ) તેમજ જામનગરમાં શ્રીજી હોલ પાસે રહેતા વિવેક દિનેશભાઈ પરમાર(૨૩ વર્ષ) કે જેઓ લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે પહોંચ્યા હતા, તેમજ જામનગર તાલુકાના વિવાપર ગામના વતની જસ્મીન વિઠ્ઠલભાઈ પણસારા (૧૯ વર્ષ) તથા હરનીશ રાજેશભાઈ (૨૫ વર્ષ) કે જેઓ પાંચેય ગઈકાલે રાત્રે એક કારમાં બેસીને ધ્રોળ ચા પાણી નાસ્તો કરવા માટે ગયા હતા, અને ત્યાંથી રાત્રિના બે વાગ્યે પરત ફરી રહ્યા હતા. જે દરમિયાન લતિપર ગામના પાટીયા પાસે જી.જે. ૩૬ એ.સી. ૪૯૫૭ નંબર ની કારના ચાલક જસ્મીન પણસારાની બેદરકારીના કારણે કાર પલટી મારી ગઈ હતી, અને રોડથી નીચે ઉતરીને ચાર પાંચ ગડથોલીયા ખાઈ ગઈ હતી. જે અકસ્માતમાં કારનું પડીકુ વળી ગયું હતું.

## હવે ગુજરાતીમાં પણ હોરર કોમેડી ફિલ્મ

અમદાવાદ,તા.૧૬

હોરર-કોમેડી ગુજરાતી ફિલ્મ “ફાટી ને?”ના ટ્રેલરને અમદાવાદમાં એક કાર્યક્રમમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. જેમાં ફિલ્મના કલાકારો અને ક્રૂ, મીડિયા મિત્રો તેમજ ગુજરાતી ફિલ્મ જગતની અગ્રણી હસ્તીઓ હાજર રહી હતી. ડિરેક્ટર ફૈસલ હાશમીએ જણાવ્યું હતું કે હ્યુમર, ઈમોશન્સ અને સસ્પેન્સનો સ્પર્શ ધરાવતી આ ફિલ્મ દરેકને મનોરંજન પુરૂં પાડે છે. આ ફિલ્મ એક એક કૃતિ છે જેના આનંદ તમે સમગ્ર પરિવાર સાથે થિયેટરમાં માણી શકો છો.

## ગૌણ સેવા પસંદગી મંડળનો મહત્ત્વનો નિર્ણય

# ગૌણ સેવાની પરીક્ષામાં અંગ્રેજીની સાથે ગુજરાતીમાં પણ પેપર આપી શકાશે

## અત્યાર સુધી પરીક્ષાના સિલેબસ અને પેપર માત્ર અંગ્રેજીમાં આપવામાં આવતા હતા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૬

ભરતી પરીક્ષાને લઈ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં ગૌણ સેવાની પરીક્ષા હવેથી અંગ્રેજીની સાથે ગુજરાતીમાં પણ પેપર આપી શકાશે તેવી માહિતી મળી હતી. આ ઉપરાંત તમામ પરીક્ષાનો સિલેબસ પણ મંડળ દ્વારા ગુજરાતીમાં ઉપલબ્ધ કરાશે.અત્યારસુધી સિલેબસ અને પેપર અંગ્રેજીમાં આપવામાં આવતા હતા. ત્યારે ગૌણ સેવા પસંદગી મંડળના નિર્ણયથી લાખો ઉમેદવારોને ફાયદો થશે. જોકે ગૌણ સેવા પસંદગી મંડળ એક-બે દિવસમાં સત્તાવાર જાહેરાત કરી શકે છે. આ સાથે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા દરેક સિલેબસમાં માર્ક્સ મૂકવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન તુષાર ધોળકિયા દ્વારા ઉમેદવારોના હિતમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી આગામી સમયમાં ગૌણ સેવા પસંદગી મંડળ જે પણ પરીક્ષા લેવામાં આવશે તેમાં ઉમેદવારોને ઘણો ફાયદો થશે.


**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળ:**

શનિવાર, 18 જાન્યુઆરી 2025; સાંજે 6:00 વાગ્યાથી.
હોટેલ લાજવંતી, એરોમા સર્કલ, પાલનપુર – 385 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: સફવાન રાઠોડ, મોબાઈલ : 96628 91934.

શનિવાર, 18 જાન્યુઆરી 2025; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ વ્હાઈટ પોટેટો, શેરનિક ચાર રસ્તા, અકોટા, વડોદરા, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: વિશ્વય શાહ, મોબાઈલ : 81549 88772.

શનિવાર, 18 જાન્યુઆરી 2025; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ ક્ષિતિજ, આરજેડી આર્કેડ, જીએસટી રોડ, ખોડિયાર માતા મંદિર રોડ પાસે, ન્યુ રાણીપ, અમદાવાદ – 382 480, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: દિવ્યેશ જોષી, મોબાઈલ : 98793 61437.

રવિવાર, 19 જાન્યુઆરી 2025; સવારે 10:30 વાગ્યાથી, (આ IAP ફક્ત મહિલાઓ માટે છે).
ફર્ન રેસિડેન્સી, ભુજ–અંજાર હાઈવે, માધાપર – 370 020, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: કુશલ ભગદે, મોબાઈલ : 98988 46478.

રવિવાર, 19 જાન્યુઆરી 2025; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ એક્સપ્રેસ રેસીડેન્સી, અલકાપુરી, વડોદરા, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: વિવેક મગનાની, મોબાઈલ : 74055 07713.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:00 સુધીનો જ રહેશે.
વોક–ઈન્સને મંજૂરી નથી.

HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેવડદેવડ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

# અભિનેતા સૈફ અલી ખાનના ઘરે 'લૂંટનો પ્રયાસ'! પોતાના પરિવારને ઘૂસણખોરથી બચાવવાનો પ્રયાસ કરતા ખાનને છરીના ૬ ઘા લાગ્યા; ડોક્ટરોએ કહ્યું કે, સર્જરી પછી ખાનનું સ્વાસ્થ્ય સ્થિર છે અને તેઓ ખતરાથી બહાર છે



## હુમલાખોર છરી સાથે નાના દિકરા જેહના રૂમમાં ઘૂસી ગયો અને રૂપિયા ૧ કરોડની માગણી કરી : સૈફ અલી ખાનના સ્ટાફ દ્વારા ચોંકાવી દેનારો ધડાકો : હુમલાખોર ઓળખાયો, પગથિયા ઉતરતો દેખાયો

(એજન્સી) તા.૧૬

બોલીવુડ અભિનેતા સૈફ અલી ખાનને ગુરૂવારે મુંબઈમાં તેમના નિવાસસ્થાને એક ઘૂસણખોર દ્વારા છરી વડે હુમલો કરવામાં આવ્યા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. લીલાવતી હોસ્પિટલના ડોક્ટરોએ જણાવ્યું હતું કે, ૫૪ વર્ષીય ખાનને તાત્કાલિક સર્જરી બાદ "જોખમથી બહાર" લાવવામાં આવ્યા હતા. તેમને 'સતગુરૂશરણ' બિલ્ડિંગમાં તેમના ઘરે સવારે ૨.૩૦ વાગ્યાની આસપાસ બનેલી આ ઘટના બાદ તાત્કાલિક સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. આ હુમલાખોર ઘટનાસ્થળેથી ભાગી ગયો છે. લીલાવતી હોસ્પિટલના ન્યુરોસર્જન ડૉ. નીતિન ડાંગેએ જણાવ્યું હતું કે ખાનને "થોરાસિક કરોડરજ્જુ"માં મોટી ઈજા થઈ છે. છરી કાઢવા અને લીક થતા કરોડરજ્જુના પ્રવાહીને રોકવા માટે સર્જરી કરવામાં આવી હતી. ખાન હવે સંપૂર્ણપણે સ્થિર છે. તે સ્વસ્થ થઈ રહ્યા છે અને સંપૂર્ણપણે ખતરાથી બહાર છે. અમે કાલે સવારે તેમને ICUમાંથી બહાર લઈ આવીશું.

આ દરમિયાન, પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, અજાણ્યા ઘૂસણખોરના સીસીટીવી દ્રશ્યો ઈમારતના છઠ્ઠા માળે જોવા મળ્યા છે. આ ઘૂસણખોરે હુમલા પછી ભાગી જવા માટે સીડીનો ઉપયોગ કર્યો હતો. સૂત્રોએ કહ્યું હતું કે, ખાનના ઘરેલુ સહાયક, જેણે રાત્રે ૨.૩૦ વાગ્યાની આસપાસ બનેલી ઘટના પછી શરૂઆતમાં ચેતવણી આપી હતી, તેણે ઘૂસણખોરી અને હત્યાના પ્રયાસ માટે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

લીલાવતી હોસ્પિટલે જણાવ્યું હતું કે, ખાનને છરાના ૬ ઘા વાગ્યા છે જેમાંથી બે વધુ ગંભીર છે. સૈફને છ ઈજાઓ થઈ છે, જેમાં બે નાની, બે મધ્યમ અને બે ઊંડી ઈજાઓ છે, જેમાંથી એક ઈજા પીઠ પર છે જે કરોડરજ્જુની નજીક છે. આ સર્જરીમાં ન્યુરોસર્જન સામેલ છે. કાંડાનો ઘા પણ ઊંડો છે. તે ડાબા હાથ પર છે અને તેના માટે પ્લાસ્ટિક સર્જનની જરૂર છે. ગુરૂવારે રાત્રે લગભગ ૨.૩૦ વાગ્યે જ્યારે આ ઘટના બની ત્યારે ખાનની પત્ની કરીના કપૂર ખાન અને તેમના પુત્રો તૈમૂર અલી ખાન અને જેહ અલી ખાન ઘરની અંદર જ હતા. ઘૂસણખોર દ્વારા ખાન પર હુમલો કરવામાં આવ્યો હતો જ્યારે તે તેના પરિવારને બચાવવા દોડી ગયો હતો.

એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ગઈકાલે રાત્રે સૈફ અલી ખાન અને તેમની પત્ની કરીના કપૂર ખાનના ઘરે ચોરીનો પ્રયાસ થયો હતો. સૈફને તેના હાથ પર ઈજા થઈ હતી જેના માટે તે હોસ્પિટલમાં છે. અમે મીડિયા અને ચાહકોને વિનંતી કરીએ છીએ કે તેઓ ધીરજ રાખે અને વધુ અટકળો કે અફવાઓ ન કરે કારણ કે પોલીસ પહેલેથી જ તેમની યોગ્ય તપાસ કરી રહી છે. તમારી ચિંતા બદલ આભાર.

સૈફ અલી ખાનના જનસંપર્ક પ્રતિનિધિએ પણ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેમના નિવાસસ્થાને ઘૂસણખોરીનો પ્રયાસ થયો હતો, જોકે પોલીસે હજુ સુધી તેના પર કોઈ ટિપ્પણી કરી નથી. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, ખાનના અગાઉના લગ્નથી થયેલા પુત્ર, ઈબ્રાહિમ અલી ખાન, આ હુમલા પછી તેમને હોસ્પિટલમાં લઈ ગયો હતો. ઈબ્રાહિમ, જે તેના પિતા સાથે રહેતો નથી, તે આ હુમલા વિશે જાણ્યા પછી તરત જ સૈફ અલી ખાનના ઘરે આવ્યો હતો.

મુંબઈ પોલીસ એ તપાસ કરી રહી છે કે ઘૂસણખોર બાંદ્રા નિવાસસ્થાનમાં કામ કરતી ખાનની એક નોકરાણીનો પરિચિત વ્યક્તિ છે કે નહીં. પોલીસે કહ્યું કે, અમને શંકા છે કે નોકરાણીએ તેને પ્રવેશવાની મંજૂરી આપી હશે અને કોઈ કારણસર ઝઘડો થયો હશે. આરોપી વિશે વધુ વિગતો મેળવવા માટે સ્થાનિક પોલીસ દ્વારા તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. સાત સ્થાનિક પોલીસ ટીમો તેને શોધવા માટે કામ કરી રહી છે. આ ઘૂસણખોર દ્વારા અભિનેતાના ઘરે લૂંટનો પ્રયાસ થયો હતો કે કેમ તે અંગે પૂછવામાં આવતા, એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ વધુ માહિતી આપી ન હતી અને કહ્યું હતું કે તપાસ ચાલુ છે અને માહિતી મળ્યા બાદ બાંદ્રા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘટનાની તપાસ શરૂ કરી હતી. આ હુમલા અંગે ચિંતા વ્યક્ત કરતા, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે તેઓ ઝડપથી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી રહ્યા છે. જાણીતા અભિનેતા સૈફ અલી ખાન પરના હુમલા વિશે સાંભળીને ખૂબ જ ચિંતા થાય છે. હું તેમના ઝડપથી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરૂં છું, વિશ્વાસ રાખું છું કે કાયદો તેનું કામ કરશે અને જવાબદારોને સજા આપવામાં આવશે. આ મુશ્કેલ સમયમાં મારી પ્રાર્થનાઓ શર્મિલા દી, કરીના કપૂર અને સમગ્ર પરિવાર સાથે છે.

આ ઘટના પર પ્રતિક્રિયા આપતા, ભાજપના પ્રવક્તા રામ કદમે કહ્યું કે પોલીસ દોષિતોને છોડશે નહીં. NCP (SP)ના પ્રવક્તા ક્લાઈડ ક્રાસ્ટોએ કહ્યું કે સૈફ અલી ખાન પર હુમલો ચિંતાનો વિષય છે કારણ કે જો આવી સુરક્ષા ધરાવતા ઉચ્ચ પ્રોફાઈલ લોકો પર તેમના ઘરોમાં હુમલો થઈ શકે છે, તો સામાન્ય નાગરિકોનું શું થશે. તેમણે કહ્યું કે, છેલ્લા બે વર્ષમાં મહારાષ્ટ્રમાં કાયદાનો ડર ઓછો થઈ ગયો છે.

કરીના કપૂર ખાનના પરિવારના મિત્ર અને NCP (SP) લોકસભા સભ્ય સુપ્રિયા સુલેએ આ ઘટના ચિંતાજનક ગણાવી હતી. કોંગ્રેસના પ્રવક્તા અતુલ લોંધેએ કાયદો અને વ્યવસ્થાની "નિષ્ફળતા" પર મહારાષ્ટ્ર સરકારની ટીકા કરતા કહ્યું કે, જો સેલિબ્રિટીના ઘરો પર હુમલો થાય અને તેમને બુલેટ-પ્રૂફ બારીઓ લગાવવાની જરૂર પડે, તો સામાન્ય નાગરિકોની સ્થિતિ શું હશે.

આપ પક્ષના સુપ્રીમો અરવિંદ કેજરીવાલે આ ઘટના અંગે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. એક પ્રેસ કોન્ફરન્સમાં કેજરીવાલે કહ્યું કે, જ્યારે ભાજપની ડબલ-એન્જિન સરકાર સૈફ અલી ખાન જેવી સેલિબ્રિટીઓની સુરક્ષા સુનિશ્ચિત કરી શકતી નથી, તો સામાન્ય લોકો શું અપેક્ષા રાખી શકે? આવા હુમલા નવા નથી.

અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર ગોળીબાર થયો હતો અને ભાજપના ગઠબંધન ભાગીદાર બાબા સિદ્દીકીની હત્યા એ દેશમાં કાયદો અને વ્યવસ્થાની ખરાબ સ્થિતિ દર્શાવે છે. ખાન પરના હુમલા અંગે AAP વડાએ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારના રાજીનામાની માંગ કરતા કહ્યું કે, જો ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર આપણી સરહદો, દેશ, રાષ્ટ્રીય રાજધાની અને ભારતના લોકોનું રક્ષણ ન કરી શકે તો તેણે રાજીનામું આપવું જોઈએ.

### સૈફ અલી ખાન હવે ભયમુક્ત, ઓપરેશન થયા બાદ સતત તબીબી નિરીક્ષણ હેઠળ, તબિયતનું બુલેટિન જાહેર કરતી અભિનેતાની ટીમ

મુંબઈમાં જાણીતા અભિનેતા સેફ અલી ખાનના ઘરમાં ઘૂસીને એક ઘૂસણખોર તસ્કરે ફરીથી હુમલો કર્યા બાદ ગંભીર હાલતમાં સૈફને લીલાવતી હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં તેમના પર ઓપરેશન કરવામાં આવ્યું છે અને હવે અભિનેતા ભયમુક્ત હોવાનું તબીબે જાહેર કર્યું હતું. અભિનેતાની ટીમ અને એમના પત્ની કરીના કપૂરની ટીમ દ્વારા તમામ શુભેચ્છકો અને મીડિયાનો આભાર માનવામાં આવ્યો છે અને તબીબોનો આભાર માન્યો છે.

### ફિલ્મ ઉદ્યોગને આંચકો, સૈફ અલી ખાન પરના હુમલાને વખોડી કાઢતો ફિલ્મોદ્યોગ, પૂજા ભટ્ટે કહ્યું: આટલી બધી અસુરક્ષાની લાગણી પહેલાં કદી થઈ નથી

મુંબઈમાં અભિનેતાના ઘરમાં ઘૂસીને છરીથી થયેલા હુમલાની ઘટનાને લઈને ફિલ્મજગતમાં આઘાતની લાગણી પ્રસરી છે અને હિન્દી તથા સાઉથના ફિલ્મજગતે હુમલાને સખત રીતે વખોડી કાઢ્યો છે. પૂજા ભટ્ટે જણાવ્યું હતું કે આટલી બધી અસુરક્ષાની લાગણી મેં અગાઉ કદી અનુભવી નથી.

દક્ષિણ ફિલ્મ દુનિયામાં આઘાત. ફિલ્મ અને ટેલિવિઝન ડાયરેક્ટર એસોસિએશને પણ આઘાત વ્યક્ત કર્યો છે અને હુમલાની ટીકા કરી છે. આ બંગલાની અને એપાર્ટમેન્ટની જાળવણી કરતી સુરક્ષા એજન્સી અંગે સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

### અભિનેતા ચિરંજીવી, જુનિયર એનટીઆર વગેરે કલાકારોએ ચિંતા દર્શાવી અને હુમલાને વખોડી કાઢ્યો

દક્ષિણ ફિલ્મ જગતમાં પણ હુમલાથી ચિંતા પ્રસરી છે અને અભિનેતા ચિરંજીવીએ સૈફ અલી પરનો હુમલો વખોડી કાઢ્યો છે અને તેમની તબિયત અંગે ચિંતા દર્શાવી તેવો જલ્દી સાજા થાય એવી પ્રાર્થના કરી છે. હમણાં તાજેતરમાં ફિલ્મ દેવરામાં સૈફની સાથે કામ કરનાર દક્ષિણના અભિનેતા જુનિયર એનટીઆરે આઘાત વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે સૈફ સર જલ્દીથી સાજા થઈ જાય એવી શુભેચ્છા પાઠવું છું અને પ્રાર્થના કરું છું. અભિનેતા અને સાંસદ રવિ કિશને પણ આઘાતની લાગણી વ્યક્ત કરી હતી.

### સૈફ અલી ખાન પર કેવી રીતે હુમલો કરવામાં આવ્યો : ફડણવીસ સરકાર સકંજામાં

પોલીસે જણાવ્યું કે, ૫૪ વર્ષીય ખાનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, શરૂઆતની માહિતી મુજબ એક અજાણ્યો વ્યક્તિ સૈફ અલી ખાનના ઘરમાં ઘૂસી ગયો અને બંને વચ્ચે ઝપાઝપી થઈ હતી. તેમણે જણાવ્યું કે, ઘટના સમયે અભિનેતાના પરિવારના કેટલાક સભ્યો ઘરમાં હાજર હતા. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, શું ઘૂસણખોર દ્વારા અભિનેતાના ઘરે લૂંટનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, કોઈ અન્ય કારણ હતું, ત્યારે પોલીસે કહ્યું કે, તપાસ ચાલુ છે. અમે દરેક રીતે તપાસ કરી રહ્યા છીએ. અભિનેતા સૈફ અલી ખાન પર થયેલા જીવલેણ હુમલા અંગે શિવસેના યુબીટીએ ગુરૂવારે સવારે મુંબઈમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. પાર્ટીના નેતા અને રાજ્યસભા સાંસદ સંજય રાઉતે કહ્યું કે, સૈફ અલી ખાન એક કલાકાર છે. તેમને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા છે. તે અને તેમનો પરિવાર પીએમ મોદીને મળ્યા હતા. જે સમયે સૈફ અલી ખાન પર છરીથી હુમલો થયો હતો, તે સમયે પીએમ મોદી મુંબઈમાં હતા. આવી સ્થિતિમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ કથળી રહી છે. મુંબઈ અને બીડમાં શું થઈ રહ્યું છે? સામાન્ય જનતા સુરક્ષિત નથી. આ ઘટનાઓ દરરોજ બની રહી છે.

### સૈફ અલી ખાન પર હુમલા બાદ અરવિંદ કેજરીવાલે 'લોરેન્સ બિશ્નોઈ'ના સંદર્ભ સાથે ભાજપ પર પ્રહાર કર્યા

બોલીવુડ અભિનેતા સૈફ અલી ખાન પર આજે વહેલી સવારે બાંદ્રામાં તેમના ઘરમાં ચાકુ મારીને ઘાયલ કરવામાં આવ્યા બાદ દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુરૂવારે દેશના લોકોને રક્ષણ આપવામાં નિષ્ફળ રહેવા બદલ ભાજપની ટીકા કરી હતી. આમ આદમી પાર્ટી (AAP)ના વડાએ ગુજરાતની સાબરમતી જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના સંદર્ભમાં કહ્યું કે, ગુજરાતની જેલમાં બેઠેલો એક ગેંગસ્ટર નિર્ભયતાથી વર્તી રહ્યો છે. એવું લાગે છે કે તેને રક્ષણ આપવામાં આવી રહ્યું છે. અરવિંદ કેજરીવાલે કહ્યું છે કે, આજે સવારે અમને આઘાતજનક સમાચાર મળ્યા કે સૈફ અલી ખાન પર અજાણ્યા લોકોએ છરી દ્વારા હુમલો કર્યો છે. તેમની હાલમાં સારવાર ચાલી રહી છે. હું પ્રાર્થના કરૂં છું કે તેઓ જલ્દી સ્વસ્થ થાય પરંતુ ચિંતાનો વિષય છે કે આટલો મોટો અભિનેતા આવા વિસ્તારમાં રહે છે તેમના પર હુમલાઓ થાય છે. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે ભાજપ ભારત-બાંગ્લાદેશ સરહદનું રક્ષણ કરવામાં પણ અસમર્થ છે. જો તેઓ રક્ષણ કરી શકતા નથી, તો તેમણે રાજીનામું આપી દેવું જોઈએ. હું કેન્દ્રને ગંદી રાજનીતિ બંધ કરવા અને સુરક્ષા પૂરી પાડવા માટે કામ કરવા અપીલ કરૂં છું.

### મહારાષ્ટ્રમાં સેલિબ્રિટી પણ સુરક્ષિત નથી : સૈફ અલી ખાન પર હુમલા બાદ વિપક્ષી નેતાઓએ રાજ્ય સરકારની ટીકા કરી

વિપક્ષી નેતાઓએ ગુરૂવારે જણાવ્યું હતું કે, બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાન પર ઘૂસણખોર દ્વારા કરાયેલા છરીના હુમલાથી ખબર પડે છે કે રાજ્યમાં સેલિબ્રિટી પણ સુરક્ષિત નથી, અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ગયા છે. શિવસેના (UBT)ના સાંસદ સંજય રાઉતે જણાવ્યું હતું કે, કોઈ પણ સુરક્ષિત નથી. સામાન્ય લોકો તો દૂરની વાત છે, પોતાની સુરક્ષા ધરાવતી સેલિબ્રિટી પણ સુરક્ષિત નથી. ખાન પદ્મશ્રી વિજેતા છે અને તાજેતરમાં જ તેમના પરિવાર સાથે દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. રાજ્યમાં પોલીસ મોટાભાગે રાજકારણીઓની સુરક્ષા માટે તૈનાત હોય છે, ખાસ કરીને જેઓ પક્ષપલટો કરે છે. કાયદાનો કોઈ ડર નથી. સરકાર ખુલ્લી પડી ગઈ છે. NCP (SP)ના વડા શરદ પવારે કહ્યું કે છરીનો હુમલો દર્શાવે છે કે મહારાષ્ટ્રમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે. ખાન પર હુમલો મહારાષ્ટ્રમાં કાયદો અને વ્યવસ્થાની ખરાબ સ્થિતિ અને કથળી રહેલી સ્થિતિ દર્શાવે છે. તાજેતરમાં, તે જ વિસ્તારમાં એક વ્યક્તિની હત્યા કરવામાં આવી હતી અને હવે આ ઘટના ચિંતાજનક છે. પવારે પુણેના બારામતી ખાતે પત્રકારોને ખાન પરના હુમલા વિશે પૂછવામાં આવતા કહ્યું કે, રાજ્ય સરકારે, ખાસ કરીને મુખ્યમંત્રી, જેમની પાસે ગૃહ વિભાગનો હવાલો છે, તેમણે આ બાબતો પર વધુ ગંભીરતાથી ધ્યાન આપવું જોઈએ.

### સૈફ અલી ખાનની કરોડરજ્જુમાં ચાકુ અઢી ઈંચ જેટલું ઘૂસી ગયું અને કરોડરજ્જુમાંથી પ્રવાહી વહેવા લાગ્યું, લીલાવતી હોસ્પિટલના ડોક્ટરોએ આપી માહિતી

સૈફ અલી ખાનને ડાબા હાથમાં અને પીઠમાં તથા કરોડરજ્જુમાં ચપ્પુના ઘાથી ઈજા થઈ છે તેમ લીલાવતી હોસ્પિટલના તબીબોએ જણાવ્યું હતું અને તેમની કરોડરજ્જુમાં એટલે કે પીઠમાં અઢી ઈંચ જેટલું ચાકુ અંદર ઘૂસી ગયું હતું, એ પછી તાત્કાલિક સર્જરી કરવામાં આવી હતી કરોડરજ્જુમાં અંદર અઢી ઈંચ ચાકુ ઘૂસી ગયું હોવાથી કરોડમાંથી સતત પ્રવાહી વહેવા લાગ્યું હતું. તબીબોએ જણાવ્યું હતું કે અભિનેતાને ઘણા બધા ઘા લાગ્યા છે. એ પછી ચાકુ કાઢવા માટે ઓપરેશન કરવામાં આવ્યું હતું અને પ્રવાહી લીક થતું બંધ કરવામાં આવ્યું હતું તેમ ડોક્ટર ડાંગેએ જણાવ્યું હતું. એક ઊંડો ઘા એમના ડાબા હાથ ઉપર હતો અને એક ગળા ઉપર હતો.

### સૌપ્રથમ સૈફ અલીની નોકરાણી પર હુમલો થયો અને તેને બચાવવા વચ્ચે પડેલા સૈફને હુમલાખોર સાથે ભારે ઝપાઝપી થઈ

સૈફ અલીના નિવાસમાં ઘૂસી ગયેલા હુમલાખોરે સૌપ્રથમ નોકરાણીને છરી મારી હતી અને તેને બચાવવા માટે અભિનેતા વચ્ચે પડ્યા ત્યારે હુમલાખોર સાથે ભારે ઝપાઝપી થઈ હતી અને ખાનને પણ છરીના ઘા હુમલાખોરે મારી દીધા હતા અને ફાયર એસ્કેપની સીડીઓનો ઉપયોગ કરીને એ નાસી ગયો હતો તેમ પોલીસમાં જાહેર થયું હતું.

### સૈફ અલી ખાન પરના હુમલા સાથે લોરેન્સ બિશ્નોઈને કોઈ કનેક્શન ખરૂં? હરણના શિકાર સાથે સૈફને પણ સંબંધ છે અને સલમાનને તો ગેંગ તરફથી ધમકીઓ મળી જ છે

બોલીવૂડ અભિનેતા સૈફ અલી ખાનને છરીઓના ઘા મારીને એમના ઘરમાં ઘૂસેલો ઘરફોડ હુમલાખોર ફાયર એસ્કેપની સીડીઓમાંથી નાસી ગયો. ઘટનાના તમામ પાસાઓની પોલીસ તપાસ કરી રહી છે અને સલમાનના શિકારના કેસ તથા લોરેન્સ બિશ્નોઈ સાથે કોઈ કનેક્શન છે કે કેમ એ દિશામાં પણ પોલીસ ગંભીરતાથી તપાસ કરી રહી છે તેવું જાણવા મળ્યું છે.

### સૈફ અલી ખાન પર હુમલો કરનાર ઓળખાયો ફાયર એસ્કેપના પગથિયા પરથી ઊતરીને નાસી ગયો

મુંબઈના બાંદ્રામાં સૈફ અલી ખાનના ઘરમાં ઘૂસીને એમને શરીરના અનેક ઘા મારનાર હુમલાખોરની ઓળખ થઈ ગઈ હોવાનું જાહેર થયું છે. ફાયર એક્ઝિટના પગથિયાનો ઉપયોગ કરીને હુમલાખોર નાસી ગયો હતો. પોલીસે તેની ઓળખ કરી લીધી છે અને તેને પકડવા માટે પોલીસની ૧૦ ટીમો બનાવવામાં આવી છે. મુંબઈ પોલીસ ખાનના નિવાસસ્થાને કામ કરી રહેલા સ્ટાફમાંથી પાંચ લોકોની પૂછપરછ કરી રહી છે અને અંદરનો કોઈ આ મામલામાં સંડોવાયેલો છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી છે અને સીસીટીવીના ફૂટેજની ઝીણવટથી ચકાસણી કરવામાં આવી રહી છે. એમના નિવાસસ્થાનની સોસાયટીના સિક્યુરિટી ગાર્ડન કોઈ બિનઅધિકૃત વ્યક્તિને અંદર જતા જોયો નથી એટલે પોલીસને શંકા ગઈ છે.

## શું ૨૦૧૯ પછી જમ્મુ અને કાશ્મીરનો ખરેખર વિકાસ થયો છે ખરો? ડેટા તો કંઈક અલગ સ્થિતિ સૂચવે છે

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એવો દાવો કર્યો છે કે કેન્દ્રશાસિત પ્રદેશના મુશ્કેલીના દિવસો હવે પાછળ રહી ગયા છે અને એ વધુ સમૃદ્ધ બને એવી શુભેચ્છા આપું છું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ગયા સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મધ્ય કાશ્મીરમાં એક ખૂબ જ મહત્વપૂર્ણ અને વ્યુહાત્મક એવી ટનલનું દેશને લોકાર્પણ કર્યું છે જે શ્રીનગર લેહ હાઈવે પર ૬.૪ કિલોમીટર લાંબી સોનમર્ગ ટનલ છે જે લદ્દાખ પ્રદેશમાં રાત દિવસના વાહન વ્યવહાર અને અવરજવર માટે મહત્વની સુવિધા બની રહેશે. મોદીએ ૨૦૨૫ના પહેલા બે સપ્તાહમાં આ દેશને બે મહત્વના પાયાની સુવિધા ધરાવતા પ્રોજેક્ટની ભેટ આપી છે. કાશ્મીરનો ખાસ દરજ્જો અને તેનું રાજ્ય તરીકેનું સ્થાન પાછું ખેંચી લેવાયો તેનો આડકતરો ઉલ્લેખ કરતા વડાપ્રધાને લોકાર્પણ સમયે જણાવ્યું હતું કે કેન્દ્રશાસિત પ્રદેશ પૃથ્વી પરના સ્વર્ગ તરીકેની તેની ઓળખ પાછી મેળવી રહ્યો છે અને તેના ખરાબ દિવસો હવે પાછળ રહી ગયા છે. જમ્મુ અને કાશ્મીર ભારતનો મુગટ છે અને આ મુગટ વધુ સુંદર અને વધુ સમૃદ્ધ બને એવી મારી ઈચ્છા છે અને શુભેચ્છા છે. આ બધા પ્રોજેક્ટ આવ્યા છતાં જમવું અને કાશ્મીરના અર્થતંત્રના ભિન્નભિન્ન માપદંડ અને વિકાસના ઈન્ડેક્સનો અભ્યાસ અને ડેટા સૂચવે છે કે ભૂતકાળમાં રાજ્ય તરીકે તેનો વધુ સારો આર્થિક અને સામાજિક વિકાસ અન્ય ભારતીય રાજ્યોની જેમ થયો છે અને ભારતીય જનતા પાર્ટીની સરકારના સમયમાં કાશ્મીરના બંધારણીય દરજ્જામાં પાયાના ફેરફારો કરવામાં આવ્યા હોવાથી તેની સમૃદ્ધિ અને વિકાસમાં ઓટ આવી ગઈ હોય એ સંભવ છે. ઓછી વસ્તી હોવાથી જમ્મુ અને કાશ્મીરનું દેશની જીડીપીમાં યોગદાન માત્ર ૦.૮% છે. અગાઉ સંપૂર્ણ રાજ્ય તરીકે કાશ્મીરનો સામાજિક આર્થિક અને માનવીય વિકાસનો માપદંડ અત્યાર કરતા ખૂબ જ સારો રહ્યો છે અને દેશના બાકીના ભાગ કરતાં પણ એ સમયે સારો રહ્યો છે. નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશનનો ગરીબી અંગેનો એક અહેવાલ જણાવે છે કે ૨૦૧૧-૧૨માં ગરીબોની વસ્તીનું પ્રમાણ ૨૨% જેવું નોંધાયું છે તો બીજી તરફ જમ્મુ અને કાશ્મીરમાં દેશની જે કુલ ટકાવારી છે. ગરીબીને તેનાથી અડધી ટકાવારી જેટલી ગરીબી છે એટલે કે ૧૦.૩% વસ્તી ગરીબ છે. માનવ વિકાસ ઈન્ડેક્સ અને સૂચક આંકમાં જમ્મુ અને કાશ્મીરનો હિસ્સો કેટલો છે એ જોઈએ તો ૨૦૦૯થી ૨૦૧૬ની વચ્ચેનું ઉદાહરણ આપીએ તો જમવું અને કાશ્મીરમાં સ્ત્રીઓ અને પુરુષોનું સરેરાશ આયુષ્ય વહી મર્યાદા રાષ્ટ્રીય સરેરાશથી પણ ઉપર રહ્યા છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ રાજ્યનો સાક્ષરતા દર ૬૭ ટકા રહ્યો છે જે રાષ્ટ્રીય સાક્ષરતા દર ૭૩%થી થોડો ઓછો છે. કન્યા જન્મદરમાં પણ જમ્મુ અને કાશ્મીરનો દેખાવ દેશના બાકીના ભાગ કરતા સારો રહ્યો છે. ભારતમાં દર ૧૦૦૦ નવજાત શિશુમાં ૯૨૯ જેટલી બાળાઓ જન્મી હોય છે. આ રાષ્ટ્રીય સરેરાશ છે જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં દરેક હજાર નવજાત શિશુઓમાંથી કન્યાઓના જન્મનો દર ૯૭૬ રહ્યો છે. આ આંકડા નેશનલ ફેમિલી હેલ્થ સર્વે દરમિયાન જાહેર કરવામાં આવ્યા હતા. પાંચ વર્ષથી ઓછી વયના બાળકોના મૃત્યુદરના પ્રમાણમાં દેશ કરતા અહીં ઘટાડો છે. રાષ્ટ્રીય સરેરાશ મુજબ દરેક હજાર નવા જન્મતા બાળકોમાંથી ૪૨% બાળકો પાંચમો જન્મદિવસ જોતા નથી એ રાષ્ટ્રીય સરેરાશ છે જ્યારે કાશ્મીરમાં આ સંખ્યા દરેક હજાર નવા જનતા બાળકો દીઠ માત્ર ૧૮.૫ બાળકોની છે.

**બેફામ બેરોજગારી :** સોમવારે મોદીએ વધુને વધુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ કેન્દ્રશાસિત પ્રદેશમાં સ્થાપવાના સરકારના પ્રયાસો હોવાની ખાતરી આપી હતી અને કહ્યું હતું કે તેનાથી આ પ્રદેશના યુવાનોને નવી તકો પ્રાપ્ત થશે. રોજગારી અંગેનો સત્તાવાર ડેટા એવું સૂચવે છે કે જમ્મુ અને કાશ્મીરમાં બેરોજગારીનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે અને ૨૦૧૯થી તો પરિસ્થિતિ ખૂબ જ ખરાબ બની છે એ વર્ષે જ કેન્દ્ર સરકારે જમવું અને કાશ્મીરનો રાજ્ય સરકારનો દરજ્જો પાછો લઈને તેને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવી દીધો હતો ત્યારથી જ બેરોજગારી ભડકી ઊઠી છે. ૨૦૧૯થી ૨૦૨૪ સુધી કાશ્મીર રાજ્યનું બેરોજગારીનો દર રાષ્ટ્રીય સરેરાશથી પણ ઊંચો રહ્યો છે. ૧૫થી ૨૯ વર્ષની વચ્ચેના વયના યુવાનોનો બેરોજગારીનો દર ૨૦૧૯ પહેલા રાષ્ટ્રીય સરેરાશથી પણ ઓછો રહ્યો હતો પણ ૨૦૧૯ પછી આ વય જૂથના યુવાનોમાં પણ બેકારીનો દર સતત ઊંચો રહ્યો છે. કોવિડ મહામારી કાળમાં વધી ગયેલો રાષ્ટ્રીય બેરોજગારી દરનો આંકડો ૪.૮%થી ઘટીને ૨૦૨૩-૨૪ સુધીમાં ૩.૨% થઈ ગયો હતો પરંતુ જમ્મુ અને કાશ્મીરનો બેરોજગારીનો દર બિલકુલ ઘટ્યો જ નથી જે ૨૦૧૯થી ૨૦માં ૬.૭ ટકા હતો તો ૨૦૨૩-૨૪માં ૬.૧% રહ્યો છે એટલે કોઈ ખાસ ઘટાડો બેકારીમાં થયો નથી. જમ્મુ અને કાશ્મીરમાં બેરોજગારીનું ચિંતાજનક પ્રમાણ ચારે તરફ નજરે પડે છે તેનો એક જ પુરાવો બસ છે જ્યારે જમવું અને કાશ્મીરમાં પોલીસ કોન્સ્ટેબલની ૪૦૦૨ જેટલી ખાલી જગ્યાઓ માટે લેખિત પરીક્ષા હતી તો તેમાં ૫:૩૦ લાખ ઉમેદવારો પરીક્ષામાં બેઠા હતા. જે બેહદ બેકારીનું ચોકાવી દેનારું ઉદાહરણ છે.

**નાણાકીય ફંડ માટે પણ ફાંફાં**

આ તો બેકારીની વાત થઈ પણ સરકારી ધોરણે નાણાકીય સહાય કે ફંડ મેળવવામાં પણ સરકાર સંઘર્ષ કરતી રહી છે. ૨૦૨૪ તથા ૨૫ના કેન્દ્રશાસિત પ્રદેશના બજેટમાં રાજ્ય ઉપરનો કુલ બોજો રૂપિયા ૧.૧૨ લાખ કરોડ જેટલો હોવાનું દર્શાવ્યું હતું. ૨૦૧૯થી ૨૦ના બજેટમાં આ બોજો રૂપિયા ૮૩૫૭૩ કરોડ જેટલો હતો એટલે કરજનો બોજો બેહદ વધી રહ્યો છે. જે તેના જીડીપીના ૫૧ ટકા જેટલો છે.

## મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરનું વીજળીકરણ શરૂ, ગુજરાતમાં પ્રથમ બે સ્ટીલ માસ્ટ સ્થાપિત

(એજન્સી) તા.૧૬

દેશના પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર ગુજરાતમાં કામ ઝડપથી ચાલી રહ્યું છે. નવીનતમ અપડેટમાં મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર માટે વીજળીકરણનું કાર્ય શરૂ થઈ ગયું છે. જે અંતર્ગત ગુજરાતમાં સુરત-બિલીમોરા બુલેટ ટ્રેન સ્ટેશનો વચ્ચે જમીનથી ૧૪ મીટરની ઊંચાઈએ વાયડક્ટ પર પ્રથમ બે સ્ટીલ માસ્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે. કુલ મળીને, કોરિડોર પર ૯.૫થી ૧૪.૫ મીટર ઊંચા ૨૦,૦૦૦થી વધુ માસ્ટ સ્થાપિત કરવામાં આવશે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ અંગે પોસ્ટ કરીને ખુશી વ્યક્ત કરી છે. બુલેટ ટ્રેન કોરિડોર પર સ્થાપિત આ માસ્ટ ઓવરહેડ ઈક્વિપમેન્ટ (OHE) સિસ્ટમને ટેકો આપશે. જેમાં ઓવરહેડ વાયર, અર્થિંગ સિસ્ટમ્સ, ફિટિંગ અને સંકળાયેલ એસેસરીઝનો સમાવેશ થાય છે. બુલેટ ટ્રેન ચલાવવા માટે યોગ્ય MAHSR કોરિડોર માટે સંપૂર્ણ 2x25 kV ઓવરહેડ ટ્રેક્શન સિસ્ટમ કોણ બનાવશે? મેક ઈન ઈન્ડિયા નીતિને પ્રોત્સાહન આપતા, આ OHE માસ્ટ્સ જાપાનીઝ સ્ટાન્ડર્ડ ડિઝાઈન અને સ્પષ્ટીકરણો અનુસાર ભારતમાં બનાવવામાં આવે છે અને હાઈ-સ્પીડ ટ્રેનો માટે ઓવરહેડ ટ્રેક્શનને ટેકો આપશે. બુલેટ ટ્રેનનું ટ્રાયલ સુરત-બિલીમોરા વચ્ચે થવાની અપેક્ષા છે. કોરિડોરના વીજળીકરણ કાર્યની શરૂઆતથી આ વાતનો સંકેત મળે છે. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે બુલેટ ટ્રેન કોરિડોર પર વીજળીકરણ કાર્ય શરૂ થવાની માહિતી શેર કરી છે. ગુજરાતમાં બુલેટ ટ્રેનનું ટ્રાયલ ૨૦૨૬માં શરૂ થવાની ધારણા છે. મુંબઈથી અમદાવાદ સુધીના બુલેટ ટ્રેન કોરિડોરની કુલ લંબાઈ ૫૦૮ કિમી છે. આ રૂટ પર કુલ ૧૨ સ્ટેશન છે. આમાંથી આઠ ગુજરાતમાં અને ચાર મહારાષ્ટ્રમાં છે. ગુજરાતના સ્ટેશનો સાબરમતી, અમદાવાદ, આણંદ, વડોદરા, સુરત અને બીલીમોરા છે. સુરત અને બીલીમોરા બીચ વચ્ચેના કોરિડોરની લંબાઈ ૫૦ કિલોમીટર છે. આ ભાગનું કામ સૌથી અદ્યતન તબક્કામાં છે. આવી સ્થિતિમાં બુલેટ ટ્રેનનું ટ્રાયલ આ વિભાગમાં થવાની અપેક્ષા છે.

# નવી સનસનાટી : સૈફ અલી ખાનના નાના પુત્ર જેહના રૂમમાં ઘૂસી ગયેલા હુમલાખોરે રૂા.૧ કરોડની માગણી કરી હતી, અભિનેતાના સ્ટાફનો ધડાકો

(એજન્સી) મુંબઈ, તા.૧૬

સૈફ અલી ખાનના ઘરમાં ઘૂસીને છરીથી હુમલો કરી દેનાર હુમલાખોર દ્વારા અભિનેતા પાસે રૂા.૧ કરોડની ખંડણી માંગવામાં આવી હતી એવી માહિતી પોલીસને મળી છે. અભિનેતાના સ્ટાફ પાસેથી પોલીસને આ નવી વાત જાણવા મળી છે. સૈફના ચાર વર્ષના દીકરા જહાંગીરની સારસંભાળ કરતી એક નર્સે જણાવ્યું હતું કે, હાથમાં મોટું ચપ્પુ લઈને હુમલાખોર જેહના રૂમમાં ઘૂસી ગયો હતો તે પછી તેણે હુમલો કરી દીધો હતો અને રૂપિયા એક કરોડની ખંડણી માંગી હતી. એનડીટીવીના કેટલાક સૂત્રોએ એવી માહિતી આપી હતી કે, બાજુના કમ્પાઉન્ડમાંથી એ આ બિલ્ડિંગમાં એ સૂઈ ગયો હતો અને ફાયર

## બાંદ્રા વેસ્ટમાં આવેલા બહુમાળી એપાર્ટમેન્ટના ૧૨માં માળે સૈફ અલી ખાન એમની પત્ની કરીના કપૂર ખાન અને બે પુત્રો સાથે રહે છે અને એમની પાસે ચાર માળ છે

એસ્કેપની સીડીઓ વાટે એ સૈફના એપાર્ટમેન્ટમાં પ્રવેશી ગયો હતો. છઠ્ઠા માળના સીસીટીવીમાં તેનો ચહેરો જોવા મળ્યો હતો અને ટી-શર્ટ અને જીન્સ ધારણ કર્યા હતા અને ખભા પર નારંગી રંગનો રૂમાલ હતો. એ રૂમાલ તેણે ગળામાં વીટાવી રાખ્યો હતો. ચાર વર્ષથી સૈફ અલીના ઘરમાં રહીને જેહની સંભાળ રાખતી નર્સ એલિયામા ફિલિપ્સે સૌ પહેલા ઘૂસણખોરને જોયો હતો. ઘરમાં થોડો ખખડાટ થતાં એ ચોકી હતી કેમ કે ત્યારે રાતના બે વાગ્યા હતા અને તેણે જહાંગીરને રૂમમાં સૂવડાવી દીધો હતો ત્યાર પછી ત્રણ કલાક બાદ આ ઘટના બની હતી. તેને જોયું તો બાથરૂમમાં દરવાજો ખુલ્લો હતો અને લાઈટ પણ ચાલુ હતી એટલે તેને પહેલા એવું થયું કે કરીના કપૂર પોતાના દીકરાને જોવા ગયા હશે એ પછી હું સૂવા માટે પાછી જતી રહી અને ફરી મને એવું લાગ્યું કે કંઈક અવાજ થઈ રહ્યો છે એટલે હું ફરી ઊભી થઈ ત્યારે મેં એ શખ્સને બાથરૂમમાંથી બહાર આવતા અને છોકરાના રૂમમાં જતા જોયો. એટલે મેં તરત જ તેનો રસ્તો રોક્યો એટલે હિન્દીમાં મારી સામે આંગળી ચીંધીને બોલ્યો કે બિલકુલ અવાજ મત કરના અને રૂપિયા એક કરોડ માંગ્યા હતા. મેં તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે મને પણ હાથમાં અને કાંડા પર ફરીથી ઈજા થઈ હતી કે પછી મેં ચીસો પાડવાનું શરૂ કરતાં તુરંત જ સૈફ અલી ખાન આવી ચઢ્યા હતા અને હુમલાખોર સાથે ઝપાઝપી શરૂ થઈ ગઈ હતી આથી એ શખ્સે એમને મોટા ચપ્પુના છ ઘા મારી દીધા હતા. એલિયામા ઉપરાંત ત્રીજી એક વ્યક્તિ ગીતા નામની નોકરાણીને પણ ઈજા થઈ હતી.

# સૈફ અલી ખાન પર હુમલો : અનેક સવાલો અનુત્તર

## બાંદ્રામાં પોતાના નિવાસસ્થાન પર સૈફ અલી ખાન પર થયેલા હુમલા પછી અનેક સવાલોના હજુ જવાબ મળ્યા નથી જેમ કે, CCTV કેમેરા હોવા છતાં તેને ચકમો આપીને હુમલાખોર કઈ રીતે અંદર ઘૂસ્યો અને કઈ રીતે બાળકોના રૂમ સુધી પહોંચી ગયો એ મહત્ત્વનો સવાલ

(એજન્સી) મુંબઈ, તા.૧૬

બોલીવુડના જાણીતા અભિનેતા સૈફ અલી ખાનના બાંદ્રા ખાતેના ઘરમાં મોડી રાત્રે ઘૂસી જઈને એક હુમલાખોરે અભિનેતાની નોકરાણી અને પછી ખુદ અભિનેતા પર છરી વડે હુમલો કરી છરીના અનેક ઘા મારી દીધા એ ઘટના પછી સવાલોની વણઝાર સર્જાય છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, હુમલાખોર સૈફ અલીના ઘરમાં ફાયર એસ્કેપની સીડીઓથી અંદર પ્રવેશી ગયો હતો અને હુમલો કર્યા પછી કેટલાય કલાકો સુધી અંદર છૂપાયેલો રહ્યો હોય તેવી શક્યતા છે. હજુ ઘણા સવાલો અનુત્તર રહ્યા છે અને મુંબઈના ખૂબ જ સુરક્ષિત ગણાતા વિસ્તારમાં રહેણાંક એપાર્ટમેન્ટની સલામતીનું આવી રીતે ભંગ થયો તેનાથી ચિંતાઓ ઊભી થઈ છે.

એવો સવાલ ઊભો થયો છે કે, આ ઘૂસણખોર હુમલાખોર બાળકોના રૂમ સુધી કઈ રીતે પહોંચી ગયો ? એ બદમાશ ફાયર એસ્કેપની સીડીઓથી અંદર આવ્યો હોય તો પણ નિવાસસ્થાનની અંદર કેમ કોઈને દેખાયો નહીં અને કેમેરામાં પણ કેવી રીતે નજરે ચઢ્યો નહીં અને બાળકોના રૂમ સુધી પહોંચી પણ ગયો અને રૂમમાં પ્રવેશી પણ ગયો. આ સોસાયટીના સિક્યુરિટી ગાર્ડને કેમ કંઈ ખબર ન પડી એ બીજો સવાલ છે. શું સિક્યુરિટી ગાર્ડનું ધ્યાન ગયું નહીં અને કેમ કોઈ અધિકૃત વ્યક્તિને અંદર આવતા તેણે જોયો નથી ? સીસીટીવીની સર્વેલન્સ સિસ્ટમમાં પણ કેમ આ શખ્સ દેખાયો નહીં અને કેમ તેણે કઈ રીતે ચકમો આપ્યો ? જે રીતે આ સખત મકાન અને ઈમારતમાં ઘૂસ્યો અને સૈફના ઘર સુધી ઉપર પહોંચી ગયો અને જે રીતે તેણે જાણે આખી બિલ્ડિંગ જોઈ હોય એ રીતે હેરફેર કરી તેનાથી પણ સવાલ ઊભા થાય છે અને અંદરથી કોઈએ તેને મદદ કરી કે કેમ એવા પણ સવાલ ઊભા થાય છે. આ ઘટનામાં સૈફના સ્ટાફની પણ પૂછપરછ પોલીસે શરૂ કરી છે અને આ સોસાયટીમાં રિનોવેશન કામ ચાલી રહ્યું છે તેના મજૂરોની પણ પૂછપરછ કરવામાં આવી છે. પોલીસને શંકા છે કે, અંદરની કોઈ વ્યક્તિ પણ આમાં સામેલ હોઈ શકે છે. જે વ્યક્તિને આ મકાન સુધી આસાનીથી પહોંચવાની સત્તા હોય એવી કોઈ વ્યક્તિએ હુમલો કરાવ્યો હોય એવું પણ બની શકે છે. છઠ્ઠા માળે સીસીટીવીમાં હુમલાખોર દેખાયો હતો પરંતુ સૈફ અલી ખાનનું એપાર્ટમેન્ટ ૧૨માં માળ પર આવેલું છે એટલે આ તમામ માળના સીસીટીવી કેમેરામાંથી એ કેવી રીતે બચ્યો એ બહુ મોટો સવાલ છે અને પ્રવેશદ્વારના કેમેરામાં પણ કેમ ન દેખાય એ પણ મોટો પ્રશ્ન છે.

# મુંબઈમાં જો સેલેબ્રિટી જ સુરક્ષિત ન હોય તો પછી કોણ છે ? : સૈફ અલી ખાન પર છરીથી ગંભીર હુમલો થયા બાદ વિરોધ પક્ષોએ ફડણવીસ સરકાર પર જોરદાર પ્રહારો કર્યા

(એજન્સી) મુંબઈ, તા.૧૬

બોલિવુડના જાણીતા અભિનેતા સૈફ અલી ખાન પર જીવલેણ હુમલો થયા પછી દેવેન્દ્ર ફડણવીસ સરકારને વિરોધ પક્ષોએ ચારે તરફથી ઘેરી છે અને જોરદાર પ્રહારો કર્યા છે. વિપક્ષોએ મહાનગરની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે ચિંતા દર્શાવીને સવાલ કર્યો છે કે, આ શહેરમાં સેલેબ્રિટી પણ સુરક્ષિત નથી શિવસેના ઉદ્ધવના નેતા પ્રિયંકા ચતુર્વેદીએ જણાવ્યું હતું કે, જો સેલેબ્રિટી સુરક્ષિત નથી તો મુંબઈમાં કોણ સુરક્ષિત છે ? તેમણે જણાવ્યું હતું કે, એ શરમજનક વાત છે કે, વધુ એક મહાનુભાવનો જાન લેવાની કોશિશ થઈ છે. સૈફ અલી પરનો હુમલો મુંબઈ પોલીસ અને સરકાર માટે અનેક સવાલો ઊભા કરે છે. મોટા નામોને નિશાન બનાવીને મુંબઈ શહેરને બદનામ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેમણે બાબા સિદ્દીકીની હત્યા અને સલમાન ખાનના ઘર પર ગોળીબાળના દાખલા આપ્યા હતા. પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું કે, બાબા સિદ્દીકીની હત્યા પછી હજુ એમનો પરિવાર ન્યાયની રાહ જોઈ રહ્યો છે. સલમાન ખાને ઘરે બુલેટપ્રુફ કાંચ લગાડવો પડ્યો છે અને હવે બાંદ્રામાં સૈફ અલી પર હુમલો થયો છે. આ વિસ્તારમાં મોટાભાગના સેલેબ્રિટી રહે છે એટલે અહીં પુરતી સુરક્ષા સેવા હોવી જોઈએ. હું સૈફ અલી ઝડપથી સાજા થાય એવી પ્રાર્થના કરૂં છું. શરદ પવાર NCPના પ્રવક્તા ક્લાઈડ ક્રેસ્તોએ જણાવ્યું હતું કે, આટલા મોટા મહાનુભાવ જેમના ઘરની સુરક્ષા પણ ઉચ્ચ કક્ષાની હોય છે, એમના પર ઘરમાં ઘૂસીને હુમલો થાય તો એ ગંભીર ચિંતાની બાબત છે આમાં આમ આદમીની સુરક્ષા ક્યાં રહી. કોંગ્રેસના સાંસદ વર્ષા ગાયકવાડે જણાવ્યું કે, બાંદ્રામાં આવી રીતે ખુલ્લે આમ થયેલા ગંભીર હુમલાથી મને અત્યંત આઘાત લાગ્યો છે. કરીના કપુર ખાનના પરિવારના મિત્ર અને NCPના સાંસદ સુપ્રિયા સુલેએ આ ઘટનાને ચિંતાજનક ગણાવી હતી. ભાજપના ધારાસભ્ય રામ કદમે જણાવ્યું હતું કે, આવી ઘટનાઓનું પુરાવર્તન ન થાય એ જોવાની જવાબદારી પોલીસની છે.

# પંજાબના ૧૦૧ ખેડૂતોનું એક જૂથ ૨૧ જાન્યુઆરીએ શંભુ બોર્ડરથી દિલ્હી કૂચ ફરી શરૂ કરશે

(એજન્સી) તા.૧૬

ખેડૂત નેતા સર્વન સિંહ પાંધેરે ગુરુવારે જાહેરાત કરી હતી કે ૧૦૧ ખેડૂતોનું એક જૂથ ૨૧ જાન્યુઆરીએ શંભુ બોર્ડર પોઈન્ટથી દિલ્હી તરફ કૂચ ફરી શરૂ કરશે. તેમનો ઉદ્દેશ્ય કેન્દ્ર સરકાર પર ખેડૂતોની માંગણીઓ, ખાસ કરીને પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP)ની કાનૂની ગેરંટી સ્વીકારવા માટે દબાણ લાવવાનો છે. અગાઉ, ગયા વર્ષે ડિસેમ્બરમાં ત્રણ અલગ-અલગ પ્રયાસોમાં ૧૦૧ ખેડૂતોનું એક જૂથ શંભુ સરહદથી દિલ્હી તરફ પગપાળા કૂચ કરવા માટે નીકળ્યું હતું, પરંતુ હરિયાણામાં સુરક્ષા દળોએ તેમને આગળ વધવા દીધા ન હતા. આ પ્રયાસો છતાં, ખેડૂતો તેમની માંગણીઓથી પાછળ હટ્યા નથી. ઉલ્લેખનીય છે કે ૧૫ જાન્યુઆરીએ ખેડૂત નેતા જગજીત સિંહ દલેવાલ સાથે ૧૧૧ ખેડૂતોના જૂથે ખાનૌરી સરહદ પાસે આમરણાંત ઉપવાસ પર બેઠા હતા. દલેવાલની ભૂખ હડતાળનો આ ૫૨મો દિવસ છે. ખેડૂત નેતાઓનું કહેવું છે કે જ્યાં સુધી તેમની માંગણીઓ પૂર્ણ નહીં થાય ત્યાં સુધી તેઓ તેમનો સંઘર્ષ ચાલુ રાખશે.

આ પ્રસંગે પત્રકારો સાથે વાત કરતા કિસાન મજૂર મોરચાના નેતા સર્વન સિંહ પંધેરે કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. પાંધેરે કહ્યું, “અમે જોયું છે અને અમને પણ લાગે છે કે સરકાર કોઈ પણ વાતચીત માટે તૈયાર નથી. બંને મંચો (SKM-બિન-રાજકીય, KMM) દ્વારા આંદોલનને વધુ તીવ્ર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.” આ દરમિયાન, દલેવાલના ૧૧૧ ખેડૂતો અને સમર્થકોનું એક જૂથ ખાનૌરી સરહદ પર ભૂખ હડતાળ પર છે. તેમના સ્વાસ્થ્ય અંગે પણ ચિંતાઓ વધી રહી છે, કારણ કે લાંબી ભૂખ હડતાળને કારણે દલેવાલનું સ્વાસ્થ્ય બગડી શકે છે. સરકાર દ્વારા વધારાની સુરક્ષા પૂરી પાડવામાં આવી હોવા છતાં, આ ખેડૂત આંદોલન વધુ તીવ્ર બની રહ્યું છે. હરિયાણા પોલીસે સરહદ પર સુરક્ષા વ્યવસ્થા કડક બનાવી છે અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ લાગુ કરી છે, જે પાંચ કે તેથી વધુ લોકોના એકઠા થવા પર પ્રતિબંધ મૂકે છે. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ, જ્યારે સુરક્ષા દળોએ ખેડૂતોને દિલ્હી તરફ કૂચ કરવાની મંજૂરી આપી ન હતી, ત્યારથી શંભુ અને ખાનૌરી સરહદો પર ખેડૂતોનું આંદોલન ચાલી રહ્યું છે.

# કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો માટે આઠમા પગાર પંચની જાહેરાત કરતી સરકાર

## સાતમા પગાર પંચની રચના ૨૦૧૬માં થઈ હતી અને તેની મુદત ૨૦૨૬માં પૂરી થાય છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે જાહેર કર્યું કે, કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે આઠમાં પગાર પંચની રચના કરવા વડાપ્રધાને મંજૂરી આપી દીધી છે. તેમણે પત્રકાર પરિષદમાં જાહેર કર્યું કે, ભારતની આઝાદીના કાળ ૧૯૪૭થી અત્યાર સુધીમાં સાત પગાર પંચની રચના થઈ છે અને કેન્દ્રીય કર્મચારીઓના પગાર અને ભથ્થામાં સુધારા થતા રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઠમાં પંચની રચના માટે લીલી ઝંડી આપી દીધી છે. તેમણે કહ્યું હતું કે, ૨૦૨૫ પહેલા જ આઠમાં પગાર પંચની રચના થઈ જવાથી તેની ભલામણોની સમીક્ષા કરીને તેને અંતિમ રૂપ આપવા માટે પુરતો સમય મળી રહેશે. વડાપ્રધાનના આવા અભિગમને કારણે જ સરકાર સાતમાં પંચની મુદત પુરી થયા પહેલા જ સુચિત ભલામણોનો અમલ કરી શકશે. પંચની રચનાથી સરકારી કર્મચારીઓના પગાર અને ભથ્થાનું માળખું અને અન્ય લાભો નક્કી કરવામાં સરકારને મદદ મળી રહેશે અને સરકારના લાખો કર્મચારીઓ અને પેન્શનરોને ફાયદો થાય છે. સરકારી કર્મચારીઓને આશા જાગી છે કે, એમના વેતનના માળખામાં સુધારો થશે અને એમને વધુ ફાયદો થશે. દેશની આર્થિક પરિસ્થિતિ અને સરકારની પ્રાથમિકતાઓ મુજબ પગાર ધોરણ સુધારવામાં આવશે એવી આશા કર્મચારીઓ રાખે છે.

# કોર્ટે આંબેડકર અંગેની ટિપ્પણીઓ મુદ્દે અમિત શાહ વિરૂદ્ધ નિવેદન નોંધ્યું

(એજન્સી) તા.૧૬

સ્થાનિક કોર્ટે રામખેલાવનનું નિવેદન નોંધ્યું છે, જે સંસદના શિયાળુ સત્ર દરમિયાન બી. આર. આંબેડકર વિશે કથિત રીતે અપમાનજનક ટિપ્પણી કરવા બદલ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિરૂદ્ધ કેસ નોંધવાની માંગ કરી રહ્યા છે. બી. આર. આંબેડકર પરની ટિપ્પણીઓ માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિરૂદ્ધ કેસ નોંધવાની માંગ કરનાર અરજદાર રામખેલાવનએ કોર્ટને જાણ કરી કે તેમણે ૨૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ બહુજન સમાજ પાર્ટી (BSP)ના સભ્યો સાથે પોલીસ અધિક્ષકનો સંપર્ક કર્યો હતો અને કેસ નોંધવાની વિનંતી કરી હતી. બાંકેપુર સરૈયાના રહેવાસી આ અરજદારે દાવો કર્યો હતો કે શાહની ટિપ્પણીઓ ખૂબ જ અપમાનજનક હતી અને લાખો લોકોની લાગણીઓને ઠેસ પહોંચાડી હતી. સ્પેશિયલ મેજિસ્ટ્રેટ શુભમ વર્માએ આ ફરિયાદ સાંભળી અને આગામી સુનાવણી ૨૩ જાન્યુઆરી માટે નક્કી કરી છે. આ કેસ જાહેર વ્યક્તિઓના નિવેદનો અને સામાજિક લાગણીઓ પર તેમની સંભવિત અસર અંગે વધતી ચિંતાઓને પ્રકાશિત કરે છે. તેમના વકીલ જયપ્રકાશના જણાવ્યાં મુજબ, જ્યારે પોલીસે કોઈ કાર્યવાહી ન કરી, ત્યારે રામખેલવને રજિસ્ટર્ડ મેઈલ દ્વારા લેખિત વિનંતી પણ મોકલી પરંતુ કોઈ જવાબ ન મળ્યો. બીજો કોઈ વિકલ્પ ન હોવાથી, તેમણે કોર્ટ દ્વારા ન્યાયની માગણી કરી છે. ફરિયાદીનો આરોપ છે કે શાહની ટિપ્પણીઓ ‘ખૂબ જ અપમાનજનક’ હતી અને લાખો લોકોની લાગણીઓને ઠેસ પહોંચાડી હતી, જેના કારણે તેમણે કાનૂની કાર્યવાહી કરી છે. જયપ્રકાશે જણાવ્યું હતું કે તેમણે કોર્ટમાં વિવિધ પુરાવા રજૂ કર્યા હતા, જેમાં અખબારની ક્લિપિંગ્સ, પેન ડ્રાઈવ પર સંગ્રહિત શાહના નિવેદનનું વીડિયો રેકોર્ડિંગ અને અરજદારનું જાતિ પ્રમાણપત્ર તેમના દાવાઓને સમર્થન આપવા માટે રજૂ કરવામાં આવ્યું હતું. સ્પેશિયલ મેજિસ્ટ્રેટ શુભમ વર્માએ બુધવારની સુનાવણી દરમિયાન અરજદારનું નિવેદન નોંધ્યું હતું અને આગામી સુનાવણી ૨૩ જાન્યુઆરી માટે નક્કી કરી હતી. વકીલે સ્પષ્ટતા કરી હતી કે હવે કાયદાની કઈ કલમો હેઠળ □□□ દાખલ કરવી તે કોર્ટ પર નિર્ભર છે. આ કેસ જાહેર નિવેદનો અને સામાજિક લાગણીઓને અસર કરવાની તેમની સંભાવના અંગે ચિંતાઓ દર્શાવે છે.

# રાજૌરી ગામમાં રહસ્યમય મૃત્યુ અંગે જમ્મુ-કાશ્મીર સરકારનો ખુલાસો નમૂનાઓમાં બેક્ટેરિયા કે, વાયરસ નહીં પણ ઝેરી પદાર્થો મળ્યા

(એજન્સી) તા.૧૬

હાલમાં જમ્મુ અને કાશ્મીરના રાજૌરી વિસ્તારમાં એક રહસ્યમય રોગને કારણે એક ડઝનથી વધુ લોકોના મોત થયા છે. આ મૃત્યુથી લોકો ડરી ગયા છે. બીજી તરફ, વહીવટીતંત્ર આ મૃત્યુ પાછળનું કારણ શોધવાનો પ્રયાસ કરી રહ્યું છે. પીડિતોના નમૂનાઓમાં ન્યુરોટોક્સિન મળી આવ્યા છે. જમ્મુ અને કાશ્મીરમાં ગઈકાલે સાંજે એક ૯ વર્ષની બાળકીનું મોત નીપજ્યું. જોકે, હજુ સુધી એ જાણી શકાયું નથી કે છોકરીનું મૃત્યુ કેવી રીતે થયું. આ પહેલા છેલ્લા દોઢ મહિનામાં રહસ્યમય રીતે ૧૫ મૃત્યુ થયા છે. આ મૃત્યુ અંગે, જમ્મુ અને કાશ્મીરના આરોગ્ય પ્રધાન સકીના મસૂદે સ્પષ્ટપણે ઈનકાર કર્યો હતો કે આ મૃત્યુ કોઈ રોગને કારણે નથી. મૃત્યુના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. રાજૌરીના બડાલ ગામમાં થયેલા મૃત્યુ બાદ હવે લોકો સરકાર પર પણ સવાલો ઉઠાવી રહ્યા છે. ભાજપના પ્રવક્તાએ આ માટે ઓમર સરકારને જવાબદાર ઠેરવી છે. બીજી તરફ, આ મામલાની તપાસ કરતા, વહીવટીતંત્રે એક SITની રચના કરી છે. જે આ મૃત્યુના કારણો શોધવાનું કામ કરશે. આ સમયે સમગ્ર વિસ્તારમાં આતંકનું વાતાવરણ પ્રવર્તી રહ્યું હોય તેવું લાગે છે. લોકો પોતાના બાળકોને ઘરની બહાર કાઢવામાં અચકાય છે. ઘણી તબીબી ટીમો આના પર નજર રાખી રહી છે, લોકોની સતત તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, ઘણી ટીમો આ મૃત્યુનું કારણ શોધવા પ્રયાસ કરી રહી છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે જમ્મુની SMGS હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી જબીનાનું બુધવારે સાંજે અવસાન થયું હતું. આ પહેલા, તેમના પરિવારના અન્ય ભાઈ-બહેનો અને તેમના દાદાનું છેલ્લા ચાર દિવસમાં અવસાન થયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે બધા મૃતકોમાં ઉલટી અને બેભાન થવા જેવા લક્ષણો જોવા મળ્યા હતા. ન્યુરોટોક્સિન એક રસાયણ છે. જે નર્વસ સિસ્ટમને નુકસાન પહોંચાડી શકે છે. એટલું જ નહીં, તે નર્વસ સિસ્ટમને પણ અસર કરી શકે છે. તે નર્વસ સિસ્ટમને પણ આરામ આપી શકે છે. આ કુદરતી અથવા માનવસર્જિત હોઈ શકે છે. જે ખોરાક, દવાઓ અને પર્યાવરણમાં મળી શકે છે. તે કોઈપણ રીતે માનવ શરીરમાં પ્રવેશી શકે છે.

## સૈફ અલી ખાનના બાંદ્રા સ્થિત ઘરમાં ઘૂસણખોર કેવી રીતે ઘૂસી શક્યો ? શું તેમાં કોઈ અંદરની વ્યક્તિની સંડોવણી છે ? : બોલિવૂડ અભિનેતા પર છરાબાજી કેસમાં અનેક પ્રશ્નો

૧૫ અને ૧૬ જાન્યુઆરીની રાત્રે મુંબઈના બાંદ્રા સ્થિત તેમના નિવાસસ્થાને લૂંટના પ્રયાસ દરમિયાન સૈફ અલી ખાન પર એક ઘૂસણખોરે અનેક વાર છરાબાજી કરી હતી. આ ઘટના સવારે બે વાગ્યે બની હતી. અભિનેતાને તાત્કાલિક મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. અભિનેતાની નોકરાણી અને ઘૂસણખોર વચ્ચે ઝઘડો થયો હોવાના અહેવાલ છે. પરિસ્થિતિ શાંત કરવા માટે ખાન જ્યારે બંને વચ્ચે દરમિયાનગીરી કરી ત્યારે ચોરે તેના પર હુમલો કર્યો. આ હુમલો થયો ત્યારે સૈફ અલી ખાનની પત્ની કરીના કપૂર અને તેમના બે પુત્રો પણ ઘરમાં હાજર હતા, ઘૂસણખોરે અભિનેતા પર તીક્ષ્ણ છરી વડે હુમલો કર્યો હતો. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. પોલીસ સીસીટીવી ફૂટેજની સમીક્ષા કરી રહી છે.

## હુમલા બાદ ઈબ્રાહિમ અલી ખાન લોહીલુહાણ સૈફ અલી ખાનને લીલાવતી હોસ્પિટલ ઓટોરિક્ષામાં શા માટે લઈ ગયા

ગુરૂવારે વહેલી સવારે બાંદ્રા સ્થિત તેમના ઘરે એક અજાણ્યા ઘૂસણખોર દ્વારા સૈફ અલી ખાનને છરીથી માર મારવામાં આવ્યા બાદ અભિનેતાની પત્ની કરીના કપૂરે તેમના મોટા પુત્ર ઈબ્રાહિમ અલી ખાનને જાણ કરી. સૈફ અને તેની પહેલી પત્ની અમૃતા સિંહનો ૨૩ વર્ષીય પુત્ર તેના પિતાના ઘરે ગયો અને તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયો. જો કે, સૈફને હોસ્પિટલ લઈ જવા માટે કોઈ ન હોવાથી તેણે પહેલા ઓટોરિક્ષા શોધવી પડી. મુંબઈ પોલીસનું કહેવું છે કે, ઈબ્રાહિમ અને સૈફના સ્ટાફના એક સભ્ય સવારે ૩:૩૦ વાગ્યાની આસપાસ અભિનેતાને લીલાવતી હોસ્પિટલમાં લાવ્યા હતા. તે સમયે ઘરે કોઈ ડ્રાઈવર ન હોવાથી તેને ઓટોરિક્ષામાં લાવવામાં આવ્યો હતો. સૈફને લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

## છરીના ઘાથી ઈજાગ્રસ્ત સૈફ અલી ખાનની અનેક સર્જરીઓ બાદ ખતરાથી બહાર : તેમના ચાહકો અને શુભેચ્છકોનો આભાર વ્યક્ત કર્યો

અભિનેતાની ટીમે પુષ્ટિ આપી છે કે, સૈફ અલી ખાન તેના ઘરે છરાબાજીના ઘા થયા બાદ ખતરામાંથી બહાર છે. ગુરૂવારે વહેલી સવારે તેમના ઘરે થયેલા હુમલામાં અભિનેતાને છરાબાજીના અનેક ઘા થયા હતા. ત્યારબાદ તેમને સારવાર માટે લીલાવતી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમના છ છરાબાજીના ઘા માટે ઘણી સર્જરી કરવામાં આવી હતી. ગુરૂવારે બપોર પછી સૈફની ટીમે એક નિવેદન બહાર પાડ્યું. સૈફ અલી ખાન સર્જરીમાંથી બહાર આવ્યો છે અને ખતરાની બહાર છે. તે હાલમાં સ્વસ્થ છે અને ડોક્ટરો તેના પર નજર રાખી રહ્યા છે. પરિવારના બધા સભ્યો સુરક્ષિત છે અને પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે. સૈફની ટીમે ડોક્ટરો તેમજ ચાહકો અને શુભેચ્છકોનો આભાર માનતા કહ્યું કે, અમે ડૉ.નીરજ ઉત્તમણી, ડૉ.નીતિન ડાંગે, ડૉ.લીના જૈન અને લીલાવતી હોસ્પિટલની ટીમનો આભાર માનવા માંગીએ છીએ. આ સમય દરમિયાન તેમના બધા ચાહકો અને શુભેચ્છકોએ તેમની પ્રાર્થના બદલ આભાર. લીલાવતી હોસ્પિટલના સીઓઓ, ડૉ.નીરજ ઉત્તમણીએ HTને જણાવ્યું હતું કે, અભિનેતાના શરીર પર છ ઘા છે, જેમાં કરોડરજ્જુ પાસે એક અને ગરદન પર એક ઘાનો સમાવેશ થાય છે. અભિનેતા પર બે સર્જરી કરવામાં આવી હતી.

## ચૂંટણી પ્રચારમાં AIના ઉપયોગ પર પારદર્શિતા : ચૂંટણી પંચે માર્ગદર્શિકા જારી કરી

ચૂંટણી પ્રચારમાં કૃત્રિમ બુદ્ધિમત્તાના વધતા ઉપયોગ અને મતદારોના અભિપ્રાયને પ્રભાવિત કરવાની તેની સંભાવનાની પૃષ્ઠભૂમિ સામે, ચૂંટણી પંચે,૧૬ જાન્યુઆરી,ગુરૂવારના રોજ રાજકીય પક્ષોને એક સલાહકાર જારી કરીને તેમને AI-જનરેટેડ સામગ્રીના ઉપયોગમાં પારદર્શિતા અને જવાબદારીને પ્રોત્સાહન આપવા જણાવ્યું હતું. આ સલાહકારમાં લેબલિંગ અને ડિસ્ક્લોઝર ધોરણો રજૂ કરવામાં આવ્યા છે જેમાં પક્ષોને AI તકનીકો દ્વારા જનરેટ કરાયેલ અથવા નોંધપાત્ર રીતે બદલાયેલી કોઈપણ છબીઓ, વીડિઓઝ, ઑડિઓ અથવા અન્ય સામગ્રીને AI-જનરેટેડ, ડિજિટલી એન્હાન્સ્ડ અથવા સિન્થેટિક સામગ્રી જેવા સંકેત સાથે સ્પષ્ટ રીતે લેબલ કરવાની જરૂર છે. તેમાં રાજકીય પક્ષોને ઝુંબેશ જાહેરાતો અથવા પ્રમોશનલ સામગ્રીના પ્રસાર દરમિયાન અસ્વીકરણ શામેલ કરવાની પણ જરૂર છે, જ્યાં પણ કૃત્રિમ સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે.

## દક્ષિણ આફ્રિકામાં ગેરકાયદેસર ખાણમાંથી ૨૪૬ લોકો બચી ગયા, ૭૮ મૃતદેહો મળી આવ્યા

૧૫ જાન્યુઆરી, બુધવારના રોજ રાત્રે ૮:૦૦ વાગ્યે જારી કરાયેલા એક નિવેદનમાં, દક્ષિણ આફ્રિકન પોલીસ સેવા (SAPS)એ જણાવ્યું હતું કે ઉત્તર પશ્ચિમ પ્રાંતમાં સ્ટીલફોન્ટેન ખાણમાં સોમવારે બચાવ કાર્ય શરૂ થયા પછી ૨૪૬ ગેરકાયદેસર ખાણિયાઓને ભૂગર્ભમાંથી જીવંત બહાર કાઢવામાં આવ્યા હતા અને તેમની ધરપકડ કરવામાં આવી હતી. ઝિન્હુઆ સમાચાર એજન્સીના અહેવાલ મુજબ, ૭૮ મૃતદેહો મળી આવ્યા છે, જે અગાઉ સાંજે ૪:૦૦ વાગ્યે જાહેર કરાયેલા અપડેટ જેટલા જ છે. SAPSના રાષ્ટ્રીય પ્રવક્તા એથ્લેન્ડા માથેએ શિન્હુઆને જણાવ્યું હતું કે, અમે ખાતરીપૂર્વક કહી શકતા નથી કે આ તબક્કે કામગીરી રદ કરવામાં આવી છે.

## મ્યાનમારને Su-30SME યુદ્ધ વિમાન આપવાના બદલે રશિયાને છ હાથીઓ મોકલવામાં આવ્યા ? અહેવાલમાં અસામાન્ય સમજૂતીના સંકેત

થોડા દિવસો પહેલા, રશિયાએ ૨૦૧૮માં હસ્તાક્ષર કરાયેલા ૨૦.૪ કરોડ ડોલરના કરાર હેઠળ મ્યાનમાર એરફોર્સને છ Su-30SME મલ્ટીરોલ કોમ્બેટ એરક્રાફ્ટ ડિલિવર કર્યા હોવાના અહેવાલ છે. Su-30SMના નિકાસ સંસ્કરણ તરીકે વિકસિત, Su-30SMEએ ઈર્કુત્સ્ક એવિએશન પ્લાન્ટ દ્વારા અદ્યતન એર-ટુ-એર કોમ્બેટ, ગ્રાઉન્ડ એટેક અને રિકોનિસન્સ મિશન સાથે ઉત્પાદિત બે-એન્જિન, બે-સીટ એરક્રાફ્ટ છે. હવે, અસમર્થિત અહેવાલો બહાર આવી રહ્યા છે કે ફાઈટર જેટની ડિલિવરી સાથે છ હાથીઓ - પાંચ માદા હાથી અને એક નર હાથી - રશિયાના ગ્રેટ મોસ્કો સ્ટેટ સર્કસમાં પહોંચાડવામાં આવ્યા હતા. તે મ્યાનમારની ‘હાથીની મુત્સદ્દીગીરી’ વ્યૂહરચનાનો એક ભાગ હતો, કારણ કે ડિલિવરી બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોની ૭૫મી વર્ષગાંઠને ચિહ્નિત કરે છે. જો કે આ એક સાંકેતિક પગલું હોઈ શકે છે કારણ કે મ્યાનમારમાં હાથીઓને શક્તિ અને સારા નસીબનું પ્રતીક માનવામાં આવે છે, કેટલાક અહેવાલો સૂચવે છે કે તે લડાકુઓ માટે ચૂકવણીના સમાધાનના ભાગ રૂપે કરવામાં આવ્યું હતું.

## પંજાબ : ભીષણ એન્કાઉન્ટર બાદ બિશ્નોઈ ગેંગના બે સભ્યોની ધરપકડ

પંજાબ પોલીસે બુધવારના રોજ જલંધર વિસ્તારમાં ભારે પીછો અને એન્કાઉન્ટર બાદ લોરેન્સ બિન્શોઈ-ગોલ્ડી બ્રાર ગેંગના બે મુખ્ય કાર્યકરોને પકડી પાડવાનો દાવો કર્યો હતો. જલંધર કમિશનરેટના પોલીસ કમિશનર સ્વપ્ન શર્માએ જણાવ્યું હતું કે બે ખતરનાક ગેંગસ્ટરોની ભીષણ એન્કાઉન્ટર બાદ ધરપકડ કરવામાં આવી હતી જેમાં એક ઘાયલ થયો હતો. પોલીસને માહિતી મળી હતી કે, લોરેન્સ બિશ્નોઈ-ગોલ્ડી બ્રાર ગેંગના બે મુખ્ય સભ્યો, બલરાજ સિંહ અને પવન કુમાર શહેરમાં છે, પોલીસ ટીમોએ ખાસ ચેક પોઈન્ટ ગોઠવ્યા હતા, શર્માએ જણાવ્યું હતું કે, ચેકિંગ દરમિયાન, પોલીસે શંકાસ્પદ કારને રોકવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ બલરાજ સિંહે અચાનક પોલીસ પર ગોળીબાર કર્યો હતો. જોકે, પોલીસે વળતી કાર્યવાહી કર્યા પછી, બલરાજ સિંહને ગોળી વાગી હતી, તેમણે કહ્યું અને ઉમેર્યું કે, બીજા આરોપી, પવન કુમારે સ્થળ પરથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ થોડા સમય પછી તેને પકડી લેવામાં આવ્યો હતો. શર્માએ જણાવ્યું હતું કે, પોલીસે ત્યારબાદ તેમની પાસેથી ૪ પિસ્તોલ, અનેક કારતૂસ અને એક હ્યુન્ડાઈ i20 કાર જપ્ત કરી હતી. દરમિયાન, અન્ય એક ઘટનાક્રમમાં, તરનતારન પોલીસે એક મુખ્ય આરોપીની ધરપકડ કરીને પાકિસ્તાન સમર્થિત ડ્રગ ટ્રાફિકિંગ કાર્ટેલનો પર્દાફાશ કરવાનો અને તેના કબજામાંથી ૫ કિલો હેરોઈન જપ્ત કરવાનો દાવો કર્યો છે. પંજાબના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) ગૌરવ યાદવે જણાવ્યું હતું કે, ધરપકડ કરાયેલ આરોપી, જેની ઓળખ રશપાલ સિંહ તરીકે થઈ છે, તે પાકિસ્તાન સ્થિત અનેક દાણચોરો સાથે સીધો સંપર્કમાં હતો અને સરહદ પારથી ડ્રગ્સનો જથ્થો મેળવતો હતો. તપાસમાં જાણવા મળ્યું છે કે, પાકિસ્તાન સ્થિત દાણચોરો ડ્રોનનો ઉપયોગ કરીને સરહદ પાર ડ્રગ્સ પહોંચાડી રહ્યા હતા. પોલીસે લક્ષિત કાર્યવાહી હાથ ધરીને ભાઈ લાધુ ગામ નજીકથી રશપાલ સિંહને પકડી પાડ્યો અને તેના કબજામાંથી ૫ કિલો હેરોઈન જપ્ત કર્યું.

## દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસના વચનોમાં ૫૦૦ રૂપિયામાં LPG સિલિન્ડર, મફત રાશન, વીજળીનો સમાવેશ

કોંગ્રેસે ગુરૂવારના રોજ કહ્યું કે, જો દિલ્હીમાં સત્તા પર આવશે તો તે શહેરના રહેવાસીઓને ૫૦૦ રૂપિયામાં LPG સિલિન્ડર, મફત રાશન કીટ અને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી આપશે. તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી, જેઓ AICC દિલ્હીના પ્રભારી કાઝી નિઝામુદ્દીન અને દિલ્હી કોંગ્રેસના વડા દેવેન્દ્ર યાદવ સાથે અહીં એક પત્રકાર પરિષદને સંબોધિત કરી રહ્યા હતા. રેડ્ડીએ કહ્યું, જો કોંગ્રેસ દિલ્હીમાં સત્તા પર આવશે તો તે તેની પાંચ ગેરંટીઓ પૂર્ણ કરશે. ૬ જાન્યુઆરીએ, કોંગ્રેસે તેની પ્યારી દીદી યોજનાની જાહેરાત કરી, જેમાં જો તે સત્તા પર આવશે તો મહિલાઓને માસિક ૨૫૦૦ રૂપિયાનું નાણાકીય અનુદાન આપવાનું વચન આપવામાં આવ્યું હતું. ૮ જાન્યુઆરીએ, પાર્ટીએ તેની જીવન રક્ષા યોજનાની જાહેરાત કરી, જેના હેઠળ તેણે ૨૫ લાખ રૂપિયા સુધીનો મફત આરોગ્ય વીમો આપવાનું વચન આપ્યું હતું. રવિવારે પાર્ટીએ દિલ્હીમાં શિક્ષિત બેરોજગાર યુવાનોને એક વર્ષ માટે દર મહિને ૮,૫૦૦ રૂપિયા આપવાનું પણ વચન આપ્યું હતું. ૭૦ સભ્યોની દિલ્હી વિધાનસભા માટે મતદાન ૫ ફેબ્રુઆરીએ થશે અને મતગણતરી ૮ ફેબ્રુઆરીએ થશે.

કેન્દ્રીય મંત્રી અમિત શાહે વડનગરમાં વિવિધ વિકાસ કામોની ભેટ આપતા માર્ગ સલામતી કેમ્પેનનો કરાવ્યો પ્રારંભ

# વિકાસ અને વિરાસતના સમન્વયનું વડનગર હવે આગામી સમયમાં અભ્યાસ-જ્ઞાનવર્ધનનું કેન્દ્ર બનશે

## ભારતમાં જીવંત પુરાતત્વીય શહેરો માત્ર ૪-૫ છે, વડનગર તેમાંનું એક : કેન્દ્રીયમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે વડનગરને વિવિધ વિકાસ કામોની ભેટ મળી હતી. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ વડાપ્રધાનની વતનભૂમિ વડનગર સાથેની નિસ્બતનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે, વડનગરના સંતાન અને વૈશ્વિક નેતા નરેન્દ્રભાઈ મોદીએ બાળપણમાં અનુભવેલી ગરીબીને કરુણાભાવમાં બદલી નાખીને દેશના કરોડો ગરીબો, બાળકો, મહિલાઓ, ખેડૂતો, આદિવાસીઓ અને છેવાડાના માનવીના ઉત્કર્ષનું પ્રેરણાબળ બનાવ્યું છે.

આ પ્રસંગે તેમણે કહ્યું કે, વડનગરને વૈશ્વિક નકશે મૂકવાનો આજનો આ કાર્યક્રમ છે. વડનગરની અક્ષુણતા અને જીવંતતાએ દેશની સંસ્કૃતિને પ્રભાવિત કરવાનું કાર્ય કર્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ પુરાતન નગરી વડનગરના પુરાતત્ત્વીય વારસાને ઉજાગર કરતું આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમ, વડાપ્રધાન મોદી જે પ્રાથમિક શાળામાં અભ્યાસ કર્યો હતો, તે નવનિર્મિત પ્રેરણા સ્કૂલ અને અદ્યતન સ્પોર્ટ્સ સંકુલનું લોકાર્પણ કર્યું હતું. કેન્દ્રીય મંત્રીએ હેરિટેજ પ્રિસિન્ડટ ડેવલપમેન્ટ તેમજ બ્યુટીફિકેશનના કાર્યોનું નિરીક્ષણ



### પ્રાચીન નગરીઓના ઈતિહાસને વડનગર સુવર્ણ અક્ષરે અંકિત કરશે : મુખ્યમંત્રી

કર્યું હતું તેમજ રાજ્યવ્યાપી માર્ગ સલામતી કેમ્પેન-૨૦૨૫નો પ્રારંભ કરાવ્યો હતો ત્યારબાદ વડનગરમાં જાહેર સભાને સંબોધી હતી. કેન્દ્રીય મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, વડાપ્રધાને પંચ-પ્રણનો સંકલ્પ દેશને લેવડાવ્યો છે, તેમાં વિરાસત પર ગર્વ કરવાનું કહેવાયું છે. વિરાસતના પાયા પર વિકાસની ઈમારત ચણવાનું કરવામાં આવી રહ્યું છે. તેમણે વડનગરની વિરાસત અંગે વધુમાં કહ્યું કે, ચીની યાત્રી હ્યુ એન સાંગે પણ સાતમી શતાબ્દીના વડનગરનું વર્ણન કર્યું છે. ઈતિહાસ અને પુરાતત્ત્વીય વારસાને એકસાથે નિહાળવાની સુવિધા આપતું આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સિયલ મ્યુઝિયમ વિશ્વમાં બીજે ક્યાંય નથી. વડનગરનું મ્યુઝિયમ વડનગરની માત્ર પુરાતન સંસ્કૃતિ જ નહીં, પરંતુ વ્યાપાર, નગરરચના, શિક્ષા અને શાસન-વ્યવસ્થાના યોગદાનને પણ ઉજાગર કરે છે. આ મ્યુઝિયમે વડનગરની અઢી હજાર વર્ષની યાત્રાને જીવંત કરવાનું કામ કર્યું છે. જ્યારે પ્રેરણા સ્કૂલમાં દેશભરમાંથી બાળકો આવીને ભણશે અને રાષ્ટ્ર સેવાની પ્રેરણા મેળવશે. વડનગર આગામી સમયના અભ્યાસ અને જ્ઞાનવર્ધનનું કેન્દ્ર બનશે. વડનગરમાં અદ્યતન સ્પોર્ટ કોમ્પ્લેક્સ બનાવાયું છે. ૨૦૩૬માં ભારત ઓલમ્પિક રમતોની યજમાની કરે તે સંકલ્પની પૂર્તિમાં આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ રમતવીરો તૈયાર કરીને યોગદાન આપશે, એવી આશા તેમણે વ્યક્ત કરી હતી. કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે, વડનગરની ભૂમિ આજે નવું સ્વરૂપ આકાર પામી રહી છે. છેલ્લાં ૨૫૦૦ વર્ષથી આ નગર સભ્યતા-સંસ્કૃતિ-વિરાસતનું કેન્દ્રબિંદુ છે. ગુજરાત એ ઐતિહાસિક ભૂમિ છે. નરેન્દ્ર મોદી વડનગરનું અણમોલ રતન છે. ભારતમાં જીવંત પુરાતત્ત્વીય શહેરો માત્ર ૪-૫ છે અને વડનગર તેમાંનું એક છે. પ્રેરણા શાળામાં 'પ્રેરણા પ્રોજેક્ટ' અંતર્ગત શિક્ષણના અનેક આયામો હાથ ધરાશે, દેશમાંથી ૮૪૦ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે લવાશે, જેઓ માનવ સભ્યતાના પ્રતીકરૂપે સ્થાનિક વ્યવસ્થાઓના અભ્યાસ કરશે.

આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનની જન્મભૂમિ વડનગર આજે વિશ્વકક્ષાએ પ્રસ્થાપિત થયું છે. ૨૫૦૦થી વધુ વર્ષોની સાંસ્કૃતિક વિરાસત સાથે અનંત અનાદિ વડનગરની આધુનિક યાત્રા એ વિરાસતોના ગૌરવ સમાન છે. પ્રેરણા પ્રોજેક્ટનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, વડનગરની મોદીની અભ્યાસની શાળા પ્રેરણા સ્કૂલમાં ભારત સરકાર દ્વારા 'પ્રેરણા પ્રોજેક્ટ' હેઠળ અધ્યતન રૂપ આપવામાં આવ્યું છે. નવા મ્યુઝિયમમાં ટેકનોલોજીનો ઉપયોગ બખૂબી કરાયો છે કે જે મુલાકાતિઓ વડનગરની શેરીઓમાં ફરી રહ્યા હોવાનો જીવંત અનુભવ કરી શકાશે.

અમરેલીના ચર્ચાસ્પદ લેટરકાંડ મામલે ૧૫ દિવસ થવા છતાં રાજકારણ ગરમ !

# લેટરકાંડના વિલન કે હીરો જે કહો તે ધારાસભ્ય વેકરિયા ચૂપ ! બંગડી પહેરાવાનો કાર્યક્રમ નિષ્ફળ

## બંગડીના કાર્યક્રમ પહેલા જ કરાઈ અટકાયત : ભાજપના ધારાસભ્યો-સાંસદ ચૂપ રહેતા કોંગ્રેસે પત્ર મોકલ્યા

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૧૬

અમરેલીના ચર્ચાસ્પદ લેટરકાંડ મામલે રાજ્યમાં હજુ લાઈવ રહેતા ચર્ચામાં રહેવા સાથે વિરોધ પક્ષ કોંગ્રેસ દ્વારા તેને લઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન જારી રાખવામાં આવેલ છે. ત્યારે જેના નામે લેટરકાંડ ગજવાયો છે તે ભાજપના ધારાસભ્ય વેકરિયાએ આટ-આટલા દિવસ બાદ પણ કોઈ નિવેદન કે જવાબ પણ ના આપતા તેમના ગામે બંગડી પહેરાવવાનો કાર્યક્રમ અપાયો હતો. જો કે કાર્યક્રમ પહેલા જ પોલીસ દ્વારા અટકાયતનું શસ્ત્ર ઉગામવામાં આવ્યું હતું.

આ સાથે અમરેલીના ચાર ધારાસભ્યો તેમજ સાંસદો પણ આ મામલે ચૂપ રહેતાં કોંગ્રેસના પૂર્વ સાંસદ ઠુમ્મરે આ અંગે તેઓનો શું અભિપ્રાય છે તે જાણવાની માંગ કરી આકરા પ્રહારો કર્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર અમરેલીના ભાજપના ધારાસભ્ય કૌશિક વેકરીયા સામે ભ્રષ્ટાચાર બાબતના આક્ષેપો કરતા વાયરલ થયો હતો. લેટર કાંડે છેલ્લા ૧૫ એક દિવસથી રાજ્યભરમાં ચકચાર જગાવેલ છે. ત્યારે આ મામલે ભાજપના ધારાસભ્ય તથ્ય હકીકત શું છે તે કોઈ ચર્ચા કરવા સામે આવતા ના હોય લાઠીના એક પાટીદાર આગેવાન અરવિંદ રાણપરીયા દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી તેમજ ડીજીપી અને અમરેલી કલેકટરને જિલ્લા પોલીસવડાને એક પત્ર લખી વેકરીયાના વતન દેવરાજીયા ગામે બંગડી પહેરાવવાનો કાર્યક્રમ રાખેલ હતો પરંતુ આ બાબતની કોઈ મંજૂરી નહીં મળત અરવિંદ રાણપરીયાની લાઠી ખાતે તેમના નિવાસ સ્થાનેથી પોલીસ દ્વારા આ કાર્યક્રમ કરે તે પહેલા જ અટકાયત કરવામાં આવી હતી. રાણપરીયાએ ભાજપના કૌશિક વેકરીયાના પત્રકાંડ મામલે નાર્કો ટેસ્ટ કરવાની પણ માંગણી કરી છે. બીજી તરફ ચર્ચાસ્પદ બનેલ આ કિસ્સામાં ભાજપના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પૂર્વ ધારાસભ્ય અને કાયદા મંત્રી દિલીપ સંઘાણી તેમજ સાંસદ પુરૂષોત્તમ રૂપાલા પૂર્વ સાંસદ નારણ કાછડીયા સહિતએ પાયલગોટી વિરૂદ્ધ પોલીસ દ્વારા અત્યાચાર અને જે તેની સાથે બનેલ ઘટનાની નિંદા કરી વખોડી છે અને પોતાના નિવેદનો આપ્યા છે ત્યારે અમરેલી જિલ્લાના ભાજપના ચાર ધારાસભ્યોને તેમજ સાંસદનો આ બાબતે ચૂપ છે. તેમના મતદારો તેમને અભિપ્રાય જાણવા માંગતા હોય તેમ જણાવી અમરેલી કોંગ્રેસના પૂર્વ સાંસદ વીરજી ઠુમરે ભાજપના ચાર ધારાસભ્યો મહેશ કેસવાલા, જે.વી.કાકડીયા, જનક તળાવીયા અને હીરાભાઈ સોલંકીને એક પત્ર લખી જણાવ્યું છે.

રાજ્યમાં લઘુમતી કોમના સભ્યો સાથે મોબલિંચિંગ કરવાના બનાવ જારી

# હિંમતનગરમાં હસનનગરના યુવાનો સાથે મોબલિંચિંગ જેવી ઘટના : એકને ગંભીર ઈજા

## કપાયેલ પતંગ ચગાવતા યુવાનો સાથે બે-ત્રણ શખ્સોની બોલાચાલી, ત્રણ યુવાનો ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર,તા.૧૬

હિંમતનગરના હસનનગર વિસ્તારમાં રહેતા ત્રણ યુવાનોને બોરિયા પુલ પાસે પતંગ ચગાવવા મુદ્દે નામ અને વિસ્તારનું નામ પૂછી ઢોરમાર મારતા એક યુવાનને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરતા માથાના ભાગે આઠ ટાંકા તથા હાથમાં ફ્રેકચર થયું હતું. આ અંગેની જાણ હસનનગરમાં થતા લોકોમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી હતી. આ અંગે એ-ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા શખ્સોના ટોળા સામે ફરિયાદ નોંધાઈ છે. બનાવતી વિગત અનુસાર હસનનગરમાં રહેતા ત્રણ યુવાનો તા.૧૪મી જાન્યુઆરીએ સાંજે ૪ વાગે ઘરેલુ ગેસનો બાટલો ભરાવવા સાબર ડેરી પાસે બોરિયા પંપ ઉપર ગયા હતા. જ્યાંથી પરત ફરતી વેળા બોરિયા પુલ પાસે કપાયેલ પતંગને પકડી ચગાવવા લાગતા ત્યાં બે-ત્રણ શખ્સો આવી ચઢયા હતા



(તસવીર : વારિસ સૈયદ, હિંમતનગર)

અને કયાંથી આવો છો. શું નામ છે. તેવું પૂછતા તેઓએ હસનનગરના હોવાનું જણાવતા ઉકત શખ્સોએ જાતિ વિષયક શબ્દો ભાંડી તેમની સાથે બોલાચાલી કરી માર મારવા લાગ્યા હતા. જેથી ત્રણ પૈકી એક યુવાને પોતાના સંબંધીને ફોન કરી તેમને આ ત્રણ શખ્સો માર મારતા હોવાનું જણાવતા ત્યાંથી તેમને છોડાવવા ત્રણ શખ્સો આવ્યા હતા. જેઓને આ ઢોરમાર મારનાર લોકોએ પૂછયું તમે કોણ છો ? કયાંથી આવ્યો છો ? તેવું પૂછતા તેઓએ હસનનગરનું નામ જણાવતા ગામમાંથી અન્ય શખ્સોને બોલાવતા ૨૦થી ૨૫ જેટલા શખ્સો મારક હથિયારો સાથે આવી પહોંચ્યા હતા અને પાછળથી આવેલ ત્રણ શખ્સોને લીલા સોટા અને ડંડા તેમજ ફેંટો વડે ગડદાપાટુનો મારમારી અધમૂઆ કરી નાખ્યા હતા. જયારે અગાઉ પકડેલ ત્રણ યુવાનો મોકાનો લાભ લઈ ઘટના સ્થળેથી પોતાનો જીવ બચાવી નાસી છુટયા હતા, જયારે આવેલ ત્રણેય યુવાનો પર ટોળું તૂટી પડતા સમીર મોહમ્મદભાઈ પઠાણને હાથે પગે માથાના ભાગે ફટકા મારી લોહીલુહાણ કરી નાખ્યો હતો. જયારે રાહીલ હમીર શેખ અને રાહીલ મહંમદ શા ફકીરને લાકડી અને ફેંટો વડે મૂઢમાર માર્યો હતો. આ અંગે સમીરને સિવિલ હોસ્પિટલમાં લઈ જવાતા તેને માથાના ભાગે આઠ ટાંકા આવ્યા હતા અને હાથમાં ફ્રેકચર થયું હતું જયારે ટોળામાંથી કોઈ શખ્સે તેનો મોબાઈલ ફોન લૂંટી લીધો હતો આ અંગેની જાણ હિંમતનગરમાં થતા મુસ્લિમ સમાજમાં પ્રચંડ રોષની લાગણી ફેલાઈ ગઈ હતી. અને માર મારનાર આરોપીઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ ઉઠવા પામી છે. મળતી માહિતી અનુસાર હોસ્પિટલ તંત્ર દ્વારા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા સમીર પઠાણને જબરજસ્તીથી રજા આપી દેવામાં આવી છે. અસહ્ય દર્દથી પીડાતો હોવા છતાં તેને રજા આપવાનું શું કારણ તે પ્રશ્ન લોકોમાં ઉઠવા પામ્યો છે. હાલમાં તેને દર્દ તથા પીડા થતા ફરી હોસ્પિટલમાં દાખલ થવા તજવીજ હાથ ધરી છે. આ બનાવ અંગે સાહિલ મકરાણીએ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સોના ટોળા સામે ગુનો નોંધી [illegible] છે.

રાજકોટમાં ૧૦૦ રૂપિયાની રકઝકમાં ખોફનાક કૃત્ય

# નજીવી બાબતે ચાર શખ્સોએ ચાની હોટલ પર પેટ્રોલ બોમ્બના ઘા ઝીંકતા નાસભાગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૬

રાજ્યમાં અસામાજિક તત્વોનો આતંક વધી રહ્યો છે. બીજી બાજુ ગુજરાત પોલીસ પણ આવા લુખ્ખાઓને કાયદાના સકંજામાં લેવા એકશન મોડમાં આવી છે. રાજકોટ શહેરમાં મકરસંક્રાંતિની રાત્રિના ચાની હોટલ પર રૂ. ૧૦૦ના મુદ્દે ચાર શખ્સે પેટ્રોલ બોમ્બ ફેંકયો હતો. કાચની બોટલમાં પેટ્રોલ નાખી વાટથી સળગાવી રહેલા શખ્સો કેમેરામાં કેદ થયા છે. ઘટનાને પગલે હાજર લોકોમાં નાચભાગ મચી જવા પામી હતી. ઘટનાને ૨૪ કલાકથી વધુ સમય થયો હોવા છતાં પોલીસ આરોપીઓને પકડી શકી નથી. ૧૫૦ ફૂટ રિંગ રોડ પરના ખોડિયારનગરમાં રહેતા અને યુનિવર્સિટી રોડ પર આકાશવાણી ચોક પાસે નકળંગ ટી સ્ટોલ નામે હોટલ ધરાવતા જીલાભાઈ ઉર્ફે મુન્નાભાઈ સિરોડિયા (ઉં.વ.૪૦) મકરસંક્રાંતિની રાત્રે પોતાની હોટલે હતા. ત્યારે એ વિસ્તારના આવાસ ક્વાર્ટર્સમાં રહેતો જયદીપ રામાવત હોટલે ગયો હતો અને ચાની હોટલની સાથેની પાનની દુકાનેથી ફાકી ખરીદી હતી. ત્યારબાદ પાનની દુકાન સંભાળી રહેલા સાહિલ નામના યુવક સાથે પૈસાના મુદ્દે માથાકૂટ શરૂ કરી હતી. સાહિલે રૂ.૫૦ આપ્યાનું કહ્યું હતું, જયારે જયદીપ રૂા. ૧૦૦ની નોટ આપ્યાનું રટણ રહ્યું હતું. બંને વચ્ચે બોલાચાલી થઈ હતી અને તે સાંભળી નકળંગ હોટલના સંચાલક જીલાભાઈ ઉર્ફે મુન્નાભાઈએ રૂ.૧૦૦ની નોટ પરત આપી દેવા સાહિલને કહેતા જયદીપ રામાવત ઉશ્કેરાયો હતો અને હોટલના સીસીટીવી ફૂટેજ ચેક કરીને પછી વાત કરો તેમ કહી ધમાલ શરૂ કરી હતી. જીલાભાઈએ ભીડ હોવાથી ફૂટેજ જોવાનો સમય નથી તેમ કહેતા જયદીપે ફૂટેજ જોવાની વાતને લઈ મામલો વધુ ઉગ્ર બનાવ્યો હતો. ત્યારબાદ જયદીપે થોડે દૂર જઈ ફોન કરતા અન્ય એક શખ્સ ધસી આવ્યો હતો અને બંનેએ ડખો વધુ ઉગ્ર બનાવ્યો હતો. જયદીપ અને તેનો સાથીદાર બંને નશાની હાલતમાં હતા અને તેઓ ધમાલ કરવા લાગતા લોકોનાં ટોળાં એકઠાં થઈ ગયાં હતાં. લોકો ધોલાઈ કરશે તેવો ભય લાગતાં બંને નાસી ગયા હતા. લોકોનો આક્રોશ જોતાં જયદીપ પોતાનું સ્કૂટર પણ લઈ શક્યો નહોતો.

રાજ્યના લાંબા દરિયા કિનારાની સુરક્ષાને લઈ ચિંતિત તંત્રનું વધુ એક એકશન

# માનવ વસ્તી ધરાવતા પિરોટન ટાપુ સહિતના ૧૧ દરિયાઈ ટાપુ પર પ્રવેશ થયો પ્રતિબંધિત

## જામનગર જિલ્લાના આ ૧૧ ટાપુ પર જવા પૂર્વ મંજૂરી લેવી પડશે : જાહેરનામુ જારી

(સંવાદદાતા દ્વારા)

જામનગર,તા.૧૬

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લામાં કુલ ૧૧ દરિયાઈ ટાપુઓ આવેલ છે. જે પૈકી માત્ર ૧ પિરોટન ટાપુ પર માનવ વસાહત આવેલ છે. જયારે અન્ય ટાપુઓ માનવ વસાહત રહિત છે. આ નિર્જન ટાપુઓ પર ધાર્મિક જગ્યાઓ પણ આવેલ છે. જે જગ્યાઓએ અવારનવાર ધાર્મિક પ્રસંગોએ અને દર્શનાર્થે માણસો અવર-જવર કરે છે. આ ટાપુઓ પર રાષ્ટ્રવિરોધી અને દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમો સહેલાઈથી આશ્રય



મેળવે અથવા હથિયારો અને નશાકારક પદાર્થ છુપાવવા ઉપયોગ કરે તેવી પૂરી સંભાવના છે. આથી રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઇ તેમજ આતંકવાદી અને દેશદ્રોહી પ્રવૃત્તિને રોકવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.એન. ખેર દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર જામનગર જિલ્લાના આ ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. પ્રવાસીઓને પિરોટન ટાપુ પર જવા-આવવાનું થાય ત્યારે નાયબ વન સંરક્ષક મરીન નેશનલ પાર્ક, જામનગરની પૂર્વમંજૂરી મેળવી લેવાની રહેશે. જાહેરનામું આગામી તા.૧૦.૩.૨૦૨૫સુધી અમલમાં રાખવાના નિર્દેશો જારી કરાયા છે. આ જાહેરનામા અનુસાર પ્રવેશ માટે પ્રતિબંધિત કરવામાં આવેલ ટાપુઓની વિગત જોઈએ તો ખારા બેરાજા ગામ નજીકના ભેંસબીડ ટાપુ, સરમત ગામ નજીકના દંડીકા ટાપુ અને મુંડીકા ટાપુ તથા બેડી ગામ નજીકના ઝિન્દ્રા ટાપુ, પિરોટન ટાપુ, અમુડી બેલા ટાપુ, બડા બેલા ટાપુ, કોદરા બેડ ટાપુ, જુના બેલા ટાપુ, અનનોન-એ ટાપુ અને અનનોન-બી ટાપુ - આ બધા ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

# શાળાઓની બાલવાટિકા, અપાર આઈડીના નામ સહિતના મુદ્દે સ્પષ્ટતાની માંગ

## સંચાલક મંડળ દ્વારા શિક્ષણ સચિવને પત્ર લખીને શાળાઓને માર્ગદર્શન આપવા જણાવ્યું

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

રાજ્ય શાળા સંચાલક મંડળ દ્વારા શાળાઓને મૂંઝવણમાં મૂકતા ૩ મુદ્દાઓને લઈ સ્પષ્ટ માર્ગદર્શિકા બહાર પાડવા માટે ભલામણ કરાઈ છે. જેમાં બાલવાટિકામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના નામ કયા રજિસ્ટરમાં ચડાવવા તે મુદ્દે, અપાર આઈડીમાં પ્રથમ નામ લખાય છે, જ્યારે સ્કૂલના રજિસ્ટરમાં પ્રથમ અટક લખાય છે તો કઈ પદ્ધતિનો અમલ કરવો સહિતના મુદ્દાઓ પર સ્પષ્ટતા માંગી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના શાળા સંચાલક મંડળ દ્વારા શિક્ષણ વિભાગના સચિવને પત્ર લખીને ૩ મુદ્દાઓ પર શિક્ષણ બોર્ડ દ્વારા સ્પષ્ટ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવે તો શાળા કક્ષાએ વિસંગતતા દુર થાય તેવી ભલામણ કરી છે. જે ત્રણ મુદ્દાઓને લઈને સ્પષ્ટતા કરવા માટે રજૂઆત કરાઈ છે તેમાં બાલવાટિકામાં અભ્યાસ કરતા બાળકો, અપાર આઈડીના મુદ્દાઓનો સમાવેશ થાય છે. બાલવાટીકામાં અભ્યાસ કરતા બાળકોના નામ બાલમંદિરના જનરલ રજીસ્ટરમાં ચડાવવા કે પ્રાથમિક વિભાગના જનરલ રજિસ્ટરમાં ચડાવવા તે અંગે સ્પષ્ટ માર્ગદર્શન સબંધિત વિભાગ તરફથી શાળાઓને મળવું જોઈએ તેવી માંગણી સંચાલક મંડળે કરી છે. આ ઉપરાંત અપાર આઈડીને લઈને શાળાઓ પર થયેલા વધારાના કામના ભારણ બાદ હવે સંચાલક મંડળ દ્વારા પણ અપાર આઈડીમાં સ્પષ્ટતા કરવા માંગ કરી છે. જેમાં થોડા સમય થયા શરૂ થયેલા અપાર આઈ.ડી.માં વિદ્યાર્થીનું નામ ત્યારબાદ વિદ્યાર્થીના પિતાનું નામ અને છેલ્લે વિદ્યાર્થીની અટક લખવામાં આવે છે. જ્યારે શાળાઓમાં વર્ષોથી તૈયાર થતાં જનરલ રજિસ્ટરમાં સૌપ્રથમ વિદ્યાર્થીની અટક, ત્યારબાદ વિદ્યાર્થીનું નામ અને છેલ્લે વિદ્યાર્થીના પિતાનું નામ લખવામાં આવે છે. આમ, આ બંને બાબત અલગ પડતી હોવાથી અપાર કે અન્ય સરકારી કામગીરીમાં વિસંગતતા થાય છે. દરમિયાન, તાજેતરમાં હેલ્થ કમિશનર દ્વારા જન્મ તારીખના દાખલા તૈયાર કરવા માટે સુચનાઓ આપવામાં આવેલી છે. જેથી શાળાઓએ કઈ પદ્ધતિ અપનાવવી જોઈએ તે બાબતે સ્પષ્ટતા કરવામાં આવે તેવી માંગ કરે છે. સૌપ્રથમ વિદ્યાર્થીનું નામ લખવું કે પછી વિદ્યાર્થીની અટક લખવી તે અંગે શાળાઓને માર્ગદર્શન આપવા માટે માગણી કરી છે. જ્યારે ત્રીજા મુદ્દામાં છેલ્લા એક દશકાથી પતિ-પત્ની વચ્ચેના અણબનાવથી અલગ-અલગ રહેતા પતિ-પત્નીથી શાળામાં અભ્યાસ કરતા બાળકો બાબત શાળા મૂંઝવણ અનુભવે છે.


**ઝીયારત / બેસણું**



દિલગીરી સાથે જણાવવાનું કે

**હાજી સૈયદ અહેમદહુસેન અલીહુસેન બુખારી, વટવા**

**તા. ૧૬/૦૧/૨૦૨૫ ગુરૂવાર** ના રોજ જન્નતનશિન થયા છે.

-: ઝિયારત :-

૧૮/૦૧/૨૦૨૫ શનીવારના રોજ ૯:૦૦ કલાકે હજરત કુત્બેઆલમ (રહે.)ની દરગાહની શાહી મસ્જીદ વટવા ખાતે રાખેલ છે.

-: બેસણું :-

૧૮/૦૧/૨૦૨૫ શનીવારના રોજ ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકે હાજી બુખારી સૈયદહુસેન અહેમદહુસેનના નિવાસ સ્થાને માલીવાડા પાસે રાખેલ છે.

-: દુઆગો :-

બુખારી ઝાકીરહુસેન અહેમદહુસેન | હાજી બુખારી સૈયદહુસેન અહેમદહુસેન

હાજી બુખારી નાસીરહુસેન અહેમદહુસેન | બુખારી આબીદહુસેન અબ્બાસહુસેન

Mo.: 98259 20311, 99740 03289


# ગુજરાતીઓને આગામી દિવસોમાં ઠંડીમાંથી આંશિક રાહત મળશે

## હાલ લોકોને હાડ થીજવતી ઠંડીનો અનુભવ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

રાજ્યમાં ઠંડીને લઈ હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સમયમાં રાજયવાસીઓને ઠંડીથી રાહત મળશે અને ૩ દિવસ તાપમાન ૨થી ૩ ડિગ્રી સુધી ઊંચકાશે સાથે સાથે રાજ્યમાં પવનની દિશા ઉત્તરથી ઉત્તર પૂર્વ તરફની રહેશે.

હવામાન વિભાગની આગાહી અનુસાર અમરેલીમાં સૌથી ઓછું ૮.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે,૫ શહેરનું લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે નોંધાયું છે.આજે વહેલી સવારથી ભારે ઠંડી અને પવન ફૂંકાવાની શરૂઆત થઈ હતી, પવનની ગતિમાં વધારો થતા ઠંડીનું જોર વધ્યું છે બીજી તરફ પવન ૧૫ થી ૨૦ કિમીની ઝડપે ફૂંકાઈ રહ્યો છે તેમાં પણ સુધારો આવી શકે છે. પવનની ગતિ ૫ થી ૧૦ કિમીની ઝડપની રહેશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે તો બે દિવસ બાદ ઠંડીથી આંશિક રાહત રહેશે હવામાન વિભાગ દ્વારા કમોસમી વરસાદને લઈ કોઈ આગાહી કરવામાં આવી નથી.,લઘુત્તમમાં વધુ પરિવર્તન નહિ થાય તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થવાની શક્યતા છે, જેને પગલે ઠંડીનો પારો ૧૩ ડિગ્રી સુધી ગગડવાની આગાહી કરવામાં આવી છે, જે આ સિઝનની સૌથી વધુ ઠંડી નોંધાઈ શકે એમ છે. કારણ કે, આ સિઝનમાં અત્યાર સુધીમાં લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રીના નીચે ગયું નથી.છેલ્લા બે દિવસથી ઉત્તર ભારતમાં બરફ વર્ષા શરૂ થઈ છે, જેને પગલે તાપમાન ફ્રીઝિંગ પોઇંટ પર છે. આ ઉપરાંત સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ઉત્તર-પૂર્વ દિશા તરફથી બર્ફીલા પવનો ફૂંકાવાના શરૂ થતાં અચાનક તાપમાનમાં ઘટાડો થયો છે.

# CBSE દ્વારા નવા શૈક્ષણિક વર્ષથી પેરેન્ટિંગ કેલેન્ડર તૈયારમાં આવશે

**કમિટી ૧૫ માર્ચ સુધીમાં બોર્ડને પોતાનો રિપોર્ટ સુપરત કરશે**

**કેલેન્ડર તૈયાર કરવા માટે ૧૦ સભ્યોની કમિટીની રચના; ભલામણોના આધારે અમલ કરાશે**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે પેરેન્ટિંગ કેલેન્ડર તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટે બોર્ડ દ્વારા નોટિસ બહાર પાડી સમિતિની રચના કરવામાં આવી હોવાની સત્તાવાર જાહેરાત કરી છે. ૧૦ સભ્યોની કમિટી પેરેન્ટિંગ કેલેન્ડર તૈયાર કરીને ૧૫ માર્ચ સુધીમાં બોર્ડને સુપરત કરશે અને ત્યારબાદ નવા શૈક્ષણિક વર્ષથી તેનો અમલ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, CBSE બોર્ડ દ્વારા શિક્ષણ ક્ષેત્રમાં સુધારા માટે અનેક પ્રયાસો કરવામાં આવે છે. જેમાં વધુ એક પગલું ભરતા નવા શૈક્ષણિક વર્ષથી પેરેન્ટિંગ કેલેન્ડર તૈયાર કરવાનો નિર્ણય કરાયો છે. આ માટે બોર્ડ દ્વારા ૧૦ સભ્યોની કમિટીની રચના કરી છે, જેને પેરેન્ટિંગ કેલેન્ડર તૈયાર કરવા અને તેનો અમલ કરાવવા માટેની જવાબદારી સોંપવામાં આવી છે. આ કમિટીમાં દેશની જુદીજુદી શાળાના પ્રિન્સીપાલનો સમાવેશ કરવામાં આવ્યો છે. પેરેન્ટિંગ કેલેન્ડર તૈયાર કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ શાળાકીય શિક્ષણમાં વિદ્યાર્થીઓથી જોડાયેલા પ્રશ્નો પર શિક્ષક અને વાલી વચ્ચે સતત વાર્તાલાપ થાય તે છે. જેના માટે એક સેતુ તૈયાર કરવા માટેનો પ્રયાસ કરવામાં આવ્યો છે. બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલી નોટિસ અનુસાર, હાલમાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લગતા બે મહત્વના પ્રશ્નો છે. જેમાં પરીણામ અને તેમના વર્તનમાં ફેરફારનો સમાવેશ થાય છે. બોર્ડ દ્વારા પેરેન્ટિંગ કેલેન્ડર તૈયાર કરવા માટે કમિટીને જે જવાબદારી સોંપવામાં આવી છે તેને ત્રણ ભાગમાં વહેચવામાં આવી છે. જેમાં પેરેન્ટિંગ કેલેન્ડર માટે બોર્ડ દ્વારા આયોજિત ઓનલાઈન તેમજ ઓફલાઈન બેઠકમાં હાજરી આપવાની રહેશે. આ ઉપરાંત CBSE કન્વિનર સાથે સતત થનારી મિટીંગમાં લેવાનારા નિર્ણયમાં સહયોગ આપવાનો રહેશે. તેમજ પેરેન્ટિંગ કેલેન્ડર તૈયાર કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.



● આધસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS